

આંતરરાષ્ટ્રીય સર્વધર્મ સમન્વય પરિષદના પ્રમુખ પદે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ (૧૧-૪-૨૦૧૩)



અમદાવાદ, સરખેજ-ગાંધીનગર માર્ગ પર સ્થિત બાલાજી મંદિરના બ્રહ્મોત્સવમાં (૨૮-૦૪-૨૦૧૩)



૭૫૯મા યોગ, ધ્યાન, પ્રાણાયામ શિબિરમાં બ્રહ્મ-મુહૂર્ત સમયે ધ્યાનસ્થ મુમુક્ષુઓ (૧૧-૪-૨૦૧૩ થી ૨૦-૦૪-૨૦૧૩)



૧૧૧ કુંડી અતી-મહારુદ્રની પૂર્વ સંધ્યાએ જાહેર સત્સંગમાં પૂજ્ય સ્વામીજીનું સંબોધન (૨૪-૪-૨૦૧૩) નાદરી (સાબરકાંઠા)

## સર્વોત્તમભક્તિ

સર્વોત્તમ પ્રકારની ભક્તિવાળો ભક્ત તે જ છે, જે ભગવાન પાસે કશું માગતો નથી. તે કહે છે, 'હે નાથ! હું તમને જ ઇચ્છું છું. હું બીજું કશું જ માગતો નથી. આપને મેળવ્યા પછી મારે બીજું શું મેળવવાનું બાકી રહે ?'

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

Print Vision



# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/- ● વર્ષ - ૧૦, અંક - ૫, મે - ૨૦૧૩

Postal Registration No. GAMC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahbad-2. Annual Subscription Rs.150/-






૬૯ માળાઓની માળા દ્વારા પૂજ્ય સ્વામીજીનું અભિવાદન કરતાં બ્રહ્માકુમારીઝ ગુજરાતનાં વડાં પૂજ્યા સરલાદીદી, ગુજરાત ડાયસના વડા બીશપ જોસેફ મેકવાન અને આશ્રમના ભક્ત શ્રી નટુભાઈ પટેલ (૩-૫-૨૦૧૩)

## વિચારનિયંત્રણ

તીવ્ર સાધના કરો. એક સમય આવશે જ્યારે તમે દૂષિત વિચારોથી સંપૂર્ણ મુક્ત થઈ જશો. તમારા માટે આ સખત સંઘર્ષ છે, મારા મિત્ર! જો તમારે શાશ્વત શાંતિ અને અમર જીવન જોઈતાં હશે, તો તમારે કોઈ પણ રીતે તે સંઘર્ષ કરવો જ પડશે.

- સ્વામી શિવાનંદ



શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં સંતોનાં પગલાં અને અમૃતવર્ષણ (૩-૫-૨૦૧૩)



બ્રહ્માકુમારીઝ અને જ્ઞાની રતનસીંહ રતન, ગુરુદ્વારા, અમદાવાદ દ્વારા પૂજ્ય સ્વામીજીનું અભિવાદન અને આશ્રમના કાર્યકારી પ્રમુખશ્રી પ્રવીણભાઈ પટેલ દ્વારા મ.મં.શ્રી વિશ્વંભર ભારતીજી અને શ્રી શાહબુદ્દીન રાઠોડનું અભિવાદન (૩-૫-૨૦૧૩)



આદરણીય શ્રી અજય યાજ્ઞિકજી (દિલ્હી) દ્વારા શ્રી રામચરિત ગાયન (૨-૫-૨૦૧૩)



પંડિત શ્રી નીરજચંદ્ર પરીખ દ્વારા શાસ્ત્રીય-ભક્તિ સંગીત (૩-૫-૨૦૧૩)







શ્રી શ્રી અષ્ટલક્ષ્મી-આદિશક્તિ પીઠના બારમા બ્રહ્મોત્સવ પ્રસંગે (૨૯-૪-૨૦૧૩)

પંડિત શ્રી વિકાસચંદ્ર પરીખ દ્વારા મા-જગદંબાનું ગુણ-ગાયન

પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ દ્વારા સંધ્યા મહા-આરતી



પ્રા.શ્રી કિશોરભાઈ દવે, સંસ્થાપક સાધના મંદિર ગીતા વિદ્યાલયનો અમૃત મહોત્સવ, જામનગર, સુશ્રી વસુબેન ત્રીવેદી શિક્ષા-મંત્રી (રાજ્ય-કક્ષા), ગુજરાત રાજ્ય, દ્વારા અભિવાદન (૨૧-૪-૨૦૧૩)



ઝણોર ખાતે મહા-નવચંડી યજ્ઞ પૂર્ણાહુતિ સમારોહ (૨૩-૪-૨૦૧૩)

**શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત**

# દિવ્ય જીવન

**વર્ષ : ૧૦** **અંક : ૫** **મે-૨૦૧૩**

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**
**શ્રીમતી રૂપા મજમુદાર**

❍

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

❍

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
સેટેલાઈટ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

❍

E-mail : sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

**લવાજમ**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફટ (અમદાવાદ) દ્વારા

**ॐ**

**सर्वं ब्रह्मेति विज्ञानादिन्द्रियग्रामसंयमः ।**
**यमोऽयमिति सम्प्रोक्तोऽभ्यसनीयो मुहुर्मुहुः ॥**

**सजातीयप्रवाहश्च विजातीयतिरस्कृतिः ।**
**नियमो हि परानन्दो नियमात्क्रियते बुधैः ॥**

**त्यागः प्रपञ्चरूपस्य चिदात्मत्वावलोकनात् ।**
**त्यागो हि महतां पूज्यः सद्यो मोक्षमयो यतः ॥**

**अपरोक्षानुभूतिः १०४, १०५, १०६**

'સઘળું બ્રહ્મ છે' એવા વિજ્ઞાનથી ઈન્દ્રિયોના સમૂહનો સારી રીતે સંયમ કરવો એ યમ કહેવાય છે. (તે) વારંવાર અભ્યાસ કરવા યોગ્ય છે.

(અંતઃકરણનો) સજાતીય પ્રવાહ (ચલાવવો) અને વિજાતીય (પ્રવાહ)નો તિરસ્કાર (કરવો, આ) નિયમ પરમાનંદ (રૂપ છે, તે) વિવેકીઓ વડે નિયમથી કરાય છે.

ચૈતન્યસ્વરૂપના અવલોકનથી પ્રપંચના રૂપનો ત્યાગ (કરવો આ) ત્યાગ છે. આ ત્યાગ મહાપુરુષોને માન્ય છે, કારણ એ મોક્ષમય છે.

## શિવાનંદ વાણી

**લોકપ્રિય બનવાનો માર્ગ :** જો તમે લાયક મિત્રો બનાવવા ઈચ્છતા હો તો તમે જીવનશક્તિવાળા અને ઉત્સાહી લોકોને અભિનંદો. દા.ત. કોઈ તમને ટેલિફોન પર બોલાવે ત્યારે તે જ માનસશાસ્ત્રનો ઉપયોગ કરો. એવા સ્વરમાં 'હેલ્લો' કહો કે જેના ઉત્તરમાં તમે જે બોલો તેનાથી સામાવાળાને લાગે કે તમે સાચે જ તેના ફોનથી ખુશ થયા છો. આવા ગુણોનો વિકાસ કરો અને તમે લોકો સાથેના વ્યવહારુ જીવનમાં સમૃદ્ધ થશો.

**- સ્વામી શિવાનંદ**

**પ્રકાશક-મુદ્રક :** અરૂણ દેવેન્દ્ર ઓઝા, **માલિક :** ગુજરાત દિવ્ય જીવન સંઘ વતી, પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. શ્લોક - અપરોક્ષાનુભૂતિઃ | શ્રીમદ્ આદિ શંકરાચાર્ય | ૩ |
| ૨. અનુક્રમ, તહેવાર સૂચિ | | ૪ |
| ૩. સંપાદકીય | સંપાદક | ૫ |
| ૪. શૈવપંથ-૧ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૬ |
| ૫. સત્યના સાક્ષી બનો | શ્રી સ્વામી ચિદાનંદજી | ૯ |
| ૬. સર્વધર્મ સમન્વય રાષ્ટ્રીય પરિષદ સંબોધન | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૧ |
| ૭. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના ૬૯મા પ્રાકટ્ય પર્વે વંદના | શ્રી સ્વામી શંકરચૈતન્યજી | ૧૪ |
| ૮. મુમુક્ષુઓની આધ્યાત્મિક સાધનાનો પ્રકાશપથ-વિવેકચૂડામણિ | શ્રી સ્વામી અદ્વૈતાનંદજી | ૧૫ |
| ૯. ઈશાવાસ્ય ઉપનિષદ | શ્રી સ્વામી અદ્વૈતાનંદજી | ૧૬ |
| ૧૦. ગુજરાત દિવ્ય જીવન સંઘ સંક્ષિપ્ત અહેવાલ | | ૧૮ |
| અધ્યાત્મસાધનાપથ | | |
| ૧. વેદાંત ચિંતન | શ્રી મા વિદ્યાપ્રકાશાનંદજી | ૧૮ |
| ૨. સ્વાધ્યાય | શ્રી પરમાનંદભાઈ ગાંધી | ૨૦ |
| ૩. જપ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૨૧ |
| ૪. ધ્યાન | શ્રી સ્વામી અદ્વૈતાનંદજી | ૨૨ |
| ૫. મૌન-એકાંત | શ્રી સ્વામી અસંગાનંદજી | ૨૩ |
| ૧૧. અધ્યાત્મસાધનાપથ માટે ભગવદ્ગીતાનું ચિંતન | શ્રી સ્વામી વિદિતાત્માનંદજી | ૨૫ |
| ૧૨. અધ્યાત્મસાધનાપથમાં ભાગવતચિંતન | શ્રી સ્વામી માધવપ્રિયદાસજી | ૨૯ |
| ૧૩. અધ્યાત્મસાધનાપથ માટે સેવા-પૂજ્યા મા અનંતાનંદતીર્થ માતાજી | | ૩૩ |
| ૧૪. અધ્યાત્મસાધનાપથ માટે આત્મચિંતન | પૂજ્યા મા સ્વામિની પૂર્ણપ્રજ્ઞાનંદજી | ૩૫ |
| ૧૫. અધ્યાત્મસાધનાપથમાં શ્રીરામચરિતમાનસ ચિંતન | પૂજ્ય શ્રી દેવપ્રસાદજી મહારાજ | ૩૮ |
| ૧૬. ભાવ-વંદના (ગઝલ) | 'સત્યમ્' પ્રા. બકુલ દવે | ૪૨ |
| ૧૭. વૃત્તાંત | | ૪૩ |


## તહેવાર સૂચિ

**મે, ૨૦૧૩**

| **તા.** | **તિથિ** | **(ચૈત્ર વદ)** |
|---|---|---|
| ૫ | ૧૧ | એકાદશી |
| ૭ | ૧૩ | પ્રદોષપૂજા |
| ૯ | ૩૦ | અમાવાસ્યા |
| | | **(વૈશાખ સુદ)** |
| ૧૨ | ૧ | પરશુરામ જયંતી |
| ૧૩ | ૫ | શ્રી આદિ શંકરાચાર્ય જયંતી |
| ૧૫ | ૬ | શ્રી રામાનુજાચાર્ય જયંતી |
| ૧૭ | ૭ | ગંગાસપ્તમી |
| ૨૧ | ૧૧ | એકાદશી |
| ૨૨ | ૧૨ | પ્રદોષપૂજા |
| ૨૩ | ૧૩ | શ્રી નરસિંહ જયંતી |
| ૨૪ | ૧૪ | શ્રી કૂર્મ જયંતી |
| ૨૪/૨૫ | ૧૪/૧૫ | પૂર્ણિમા |
| ૨૫ | | શ્રી બુદ્ધ જયંતી |

## દિવ્ય સ્ફુલિંગ

**કર્મયોગ :** કર્મયોગ કરતી વખતે બ્રહ્મભાવ રાખતા રહેવું એ શુદ્ધ જ્ઞાનયોગ કરતાં વધારે મુશ્કેલ છે. જગતમાં રહેતાં રહેતાં માનવતાની સેવા કરવી, તે એકાંત ગુફામાં રહેવા કરતાં વધુ મુશ્કેલ છે. કોઈ પણ મનુષ્ય પ્રેમ, નમ્રતા અને સેવાથી આખા જગતને જીતી શકે છે.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

અમદાવાદમાં એપ્રિલ મહિનાની મધ્યાવધિએ જ ૪૨° સેલ્સિયસ તાપમાન થઈ ગયું. મે-જૂન અને વરસાદ ન આવે ત્યાં સુધી શું થશે ? બહેનો મ્યુનિસિપાલિટીના વરદ અધિકારીઓના કાર્યાલયમાં જઈને માટલાં ફોડે છે. જામનગર પંથકમાં પાણીનાં તળ ૧૨૦૦ ફૂટ નીચે ગયાં છે. હજુ ત્યાં નર્મદાનાં નીર પહોંચ્યાં નથી. કચ્છની પ્રગતિ થઈ ઈન્ડસ્ટ્રીઝ વધી એટલે કચ્છી માડુને ઓછી મહેનતે પૈસા પાણીના મૂલે મળવા લાગ્યા. સૂકાયેલી તરસી ધરતી ઉપર હવે કચ્છમાં આંબા થતા થયા છે, પરંતુ ભૂજનું હમીરસર તળીયે ગયું છે. આ વાત આ વર્ષની નથી, સમય સમયે થતી જ આવે છે. તો તેનો ઉપાય શું ? કારણ કે હવે આપણે કમાતા વધુ થયા છીએ, એટલે વાપરવામાં અને વેડફવામાં પણ લેશ માત્ર મર્યાદા કે આત્મસંયમ નથી.

મોંઘવારી વધતી જ જાય છે. જે શાક બે રૂપિયે કિલો દસ વર્ષ પૂર્વે હતું તે હવે બાવીસ રૂપિયે કિલો થયું છે. લીલાં શાકભાજી હવે કિલોના ભાવે નહીં પણ વીસ રૂપિયે પાશેરના ભાવે-૨૫૦ ગ્રામ-ના ભાવે વેચાય છે. છતાં આપણે મોજમજા, સિનેમા, પિકનિકો, પાર્ટીઓ, લગ્નસરામાં ધૂમધુમાડા પૈસા ખર્ચીએ છીએ. આ માટેનું નિરાકરણ શું ?

જીવન-કવનની વાટે ઉત્સવો કે લગ્નો પર પ્રતિબંધ નથી મૂકવાનો. તે તો જીવન જીવવાનો આધાર છે. પરંતુ ત્યાં સંયમ તો ચોક્કસ વાપરી જ શકાય. આ સંયમ સૌથી પહેલો પાણીના વ્યય ઉપર રાખવાનો છે. વૃક્ષોનો ઉછેર આવશ્યક છે. વૃક્ષોથી જ જીવન છે, વૃક્ષોને આવશ્યક પાણી આપવું જ પડશે. પરંતુ પાણીનો ઉપયોગ અને દુરુપયોગ, વ્યય અને અપવ્યય વચ્ચેના ભેદને તો સમજવો જ પડશે.

આવું જ વાણીનું પણ ખરું.

વાણીનો ઉપયોગ આવશ્યક છે, પરંતુ આક્રોશ, ક્રોધ અને આત્મસંયમ વગર બેકાબૂ ઘોડાઓની માફક બોલવાનું ઓછું પણ 'બકવાનું' વિશેષ આ વચ્ચેનો ભેદ પણ જાણવો જ જોઈએ.

સઘળી વાત આત્મસંયમની છે.

આત્મસંયમ એટલે આંતરજાગરણ.

આંતરજાગૃતિ એટલે મારું ચિંતન સકારાત્મક છે, મારી વાણી જનઉપયોગી છે, મારો વ્યવહાર પરોપકારથી સભર છે, હું માત્ર સ્વાર્થી જ જીવનનો યાત્રી તો નથી ને ? જો આટલું તટસ્થ મને વિચારી શકાય, એક ત્રીજા પુરુષની જેમ આત્મવિશ્લેષણ થઈ શકે, તો જીવન કવનની ધરા-ધૂરાની યાત્રા ખરા અર્થમાં દિવ્ય જીવનના માર્ગે અગ્રસર થઈ શકે.

પાણીનો વ્યય જીવનનો વ્યય છે.

પાણીનું એક એક ટીપું જીવનનો પ્રાણ છે.

વાણીનો વ્યય જીવન દુષ્કર કરે છે.

વાણીનો એકએક અવિચારી શબ્દ જીવનમાં ક્લેશ ઉત્પન્ન કરી શકે. સાવધાન, આંતરમુખ થઈએ, શાતામાં રહીએ, શાતા આપીએ. ૐ શાંતિ.

**- સંપાદક**

# શૈવપંથ-૧

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

**પરિચય**

હિંદુધર્મ, દુનિયાના બીજા કોઈ પણ ધર્મ કરતાં કદાચ વધુ એમ માને છે કે માનવજાત વિવિધ સ્વભાવો, રુચિઓ અને ક્ષમતાઓ ધરાવે છે. એટલે, ઈશ્વરને વિવિધ સ્વરૂપે અને અનેક નામથી ભજવામાં આવે તેમાં કંઈ જ અયોગ્ય નથી. હિંદુ ધર્મમાં ઘણા પંથો હોવા છતાં સામાન્ય રીતે તેના ત્રણ મુખ્ય પંથો- શૈવ પંથ, વૈષ્ણવ પંથ અને શાક્ત પંથ- છે. દુનિયામાં વસેલા સાઠ કરોડ હિંદુઓ આ ત્રણમાંથી ગમે તે એક પંથને અનુસરે છે.

આ સંપ્રદાયોના અનુયાયીઓ અનુક્રમે ભગવાન શિવ, ભગવાન વિષ્ણુ અને મા શક્તિની આરાધના કરે છે. દિવ્ય માતાના ભક્તો ભારતમાં બધે જ મળી આવે છે, વૈષ્ણવો સામાન્ય રીતે ઉત્તર ભારતમાં અને શૈવોનું પ્રમાણ દક્ષિણ ભારતમાં વધુ છે. જોકે ઈશ્વરનો સાચો ભક્ત ઈશ્વરનાં બધાં વિવિધ સ્વરૂપો તરફ એકસરખી ચાહના રાખે છે. બધાં સ્વરૂપોને તે પોતાના ઈષ્ટ દેવની માફક જ માને છે.

આ પાઠ શૈવ પંથનો છે. ભગવાન શિવના ભક્તો તેને પાળે છે. માનવજાતનો આ પ્રાચીનમાં પ્રાચીન પંથ ગણાય છે. તેમ છતાં હિંદુઓના બધા પંથો માટે ખૂબ ઉપયોગી જણાયો છે. છેવટે તો, આપણે ઈશ્વરને કયા સ્વરૂપમાં અને કયા નામથી ભજીએ છીએ તે મહત્ત્વનું નથી. મહત્ત્વનું તો એ છે કે આપણા અને ઈશ્વર વચ્ચેના સંબંધને બળવત્તર બનાવીએ અને આ સંબંધના ઉપયોગથી તેની વધુ ને વધુ નજીક આવવાનું શીખીએ.

**ભગવાન શિવનું વૈશ્વિક કુટુંબ**

આપણે કૈલાસ પર્વતની યાત્રાથી શરૂઆત કરીએ. શંકર મહાદેવ, મહાન શિવ ભગવાન, તેમની સુવર્ણમય ગાદી પર બિરાજેલા છે. જ્ઞાન, પ્રકાશ અને ડહાપણ બધાં જ તેમનામાંથી ઉદ્‌ભવે છે. તે પરમાનંદ અને શાંતિના સ્થાન છે. દિવ્ય પ્રેમ અને શુભત્વના મૂર્ત સ્વરૂપ છે.

તેમની પાસે બાજુમાં, સૌંદર્યનું વિકિરણ કરતાં, પ્રેમ અને નાજુકતાથી ઊભરાતાં વૈશ્વિક માતા ઉમાદેવી બેઠેલાં છે. તેમના બે પુત્રમાં મોટા શ્રી ગણેશનું સ્થાન તેમના પિતાની બાજુ પર છે. તે જ્ઞાન અને ડહાપણથી પૂર્ણ છે અને કોઈ પણ પૂજા કે કાર્યની શરૂઆતમાં તેમનું આવાહન કરવામાં આવે છે. નાના પુત્ર કાર્તિકેય માતાના ખોળાને અડીને બેઠેલા છે. તેઓ મુરુગ અને સુબ્રમણ્ય નામથી પણ ઓળખાય છે.

આ કુટુંબ કરતાં વધુ ધન્ય કુટુંબની કલ્પના થઈ શકે નહિ. કુટુંબને કશાની ખામી નથી. અહીં પરમ સુખ પ્રવર્તી રહ્યું છે. ભગવાન શિવના કુટુંબને પ્રથમ નજરે જોતાં આ ચિત્ર ઉદ્‌ભવે છે.

શિવ-કુટુંબને નજીકથી નિહાળતાં બીજા કેટલાક મહત્ત્વના સભ્યોની હાજરી દેખાય છે. વિવિધ પ્રકારનાં પ્રાણીઓનો આ કુટુંબમાં મેળો છે. દરેકને પોતાની વિશિષ્ટ ફરજ સોંપેલી છે. ભગવાન શિવે પોતાના વાહન તરીકે જોરાવર લાગતા બળદને પસંદ કર્યો છે. તેને નંદી કહેવામાં આવે છે. નંદી ભગવાનનો ઉપયોગી, સક્ષમ અને આજ્ઞાંકિત સેવક છે. તે સદા શાંત રહે છે અને તેના સંતોષી ચહેરા પર પરમસુખની આભા દેખાય છે.

નંદીની પાસે તેનાથી તદ્દન વિરુદ્ધ સ્વભાવવાળો સિંહ ભવ્યતાથી દિવ્ય માતાની સમક્ષ ઊભેલો છે. મા શક્તિ છે. તે સર્વશક્તિમાન દિવ્યતાના પ્રતીક સમ છે. વિશ્વની પરમ શક્તિમાન માતા માટે પ્રાણીઓ શ્રેષ્ઠ, સામર્થ્ય અને નિર્ભયતાના પ્રતીક સમ સિંહ કરતાં બીજું વધુ યોગ્ય વાહન કયું હોઈ શકે ? કુટુંબમાં હજી એક બીજું વિચિત્ર પ્રાણી છે. આ નાજુક પ્રાણી અહીં ને તહીં ભમે છે, ખાવાની અને બીજી વસ્તુઓને કોતરી નાખે છે. તે છે ઉંદર. તે ભગવાન ગણેશનું વાહન છે. શા માટે આવી વિચિત્ર પસંદગી ? કારણ બહુ સરળ છે. આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી નાના અને મોટા સમાન છે.

અહીં કોઈ મોટું નથી કે કોઈ નાનું નથી. બધા સરખા છે.

સૌંદર્ય અને ભવ્યતાના ભંડાર એવા નાના ભાઈ મુરુગ-કાર્તિકેય-એ વાહન તરીકે ખૂબ શાણપણથી મોરને પસંદગી આપી છે. ભગવાન શિવના શરીર પર ઝેરી ભયંકર નાગ વિંટળાયેલા હોય છે.

શિવનું કુટુંબ ખરેખર તો સમગ્ર વિશ્વનું પ્રતિનિધિત્વ કરે છે. મોટામાં મોટાથી માંડી નાનામાં નાના અને ખૂબ ડરપોકથી માંડી ખૂબ ભયાનક એમ બધા જીવોનું વિશ્વના ચાલનમાં પોતપોતાનું વિશિષ્ટ સ્થાન અને કાર્ય હોય છે. આમાંથી મળતો બોધ ખૂબ અર્થસભર છે- આ જગતમાં દરેક વસ્તુનો ઉપયોગ છે અને વૈશ્વિક યોજનામાં દરેક વસ્તુ વિશિષ્ટ હેતુ ધરાવે છે.

**શિવના કુટુંબમાં ભજવાતાં નાટક**

ભગવાન શિવના કુટુંબનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતાં મનુષ્યને બેચેન કરતા ઘણા પ્રશ્નોના જવાબ મળી રહે છે. તેમનો ઘરખટલો સ્થિર નથી પરંતુ સદા પ્રવૃત્તિથી ધમધમી રહેલો હોય છે. તેમના ધામમાં સદા શાંતિ અને પરમસુખ જ હોય છે એવું નથી; કેટલીક વાર ધાંધલ અને ધમાલ પણ હોય છે. ત્યારે આખા કુટુંબમાં ગૂંચવાડો પ્રસરી જાય છે.

ગણેશ અને કાર્તિકેય બે ભાઈઓ વચ્ચે ક્ષુદ્ર વાત પર ઝઘડો, જીભાજોડી થાય છે. અશાંત નાનો ભાઈ તેના ભાઈના સૂપડા જેવા કાનને ખેંચે કે બદલામાં તેને મોટા ભાઈ તરફથી માથા પર ખાસો મુક્કો પડે ! અને બંને બાળકો વચ્ચે બાઝાબાઝી થાય. ઉંદર બહાર નીકળીને આમતેમ દોડે કે તરત જ તેને ભયાનક નાગના ઝેરી દાંતથી સદા સાવધ રહેવું પડે. નાગ પણ સહીસલામત નથી. મોર નાગને મારી નાખવા તત્પર હોય છે. એટલામાં સિંહ કૂદે છે તેની કેશવાળી ડરામણી રીતે ઊભી થઈ જાય છે અને ગુસ્સાથી ગર્જના કરે છે. આ અણધારેલી સ્થિતિથી ગભરાયેલો નંદી પોતાનું પૂછડું બે પગ વચ્ચે ઘુસાડે છે અને જીવ બચાવવા નાસી છૂટે છે. શાંતિને બદલે જોતજોતામાં અવ્યવસ્થા અને ધાંધલ મચી જાય છે.

નાટક ફક્ત માનવ અને પશુ જગત પૂરતું સીમિત રહેતું નથી. ભગવાનના શરીરનાં ઘટક એવાં પાંચ તત્ત્વો જળ, અગ્નિ, વાયુ, આકાશ અને તેજ એકબીજાની સાથે ક્રિયા અને પ્રતિક્રિયા કરે છે, જેથી કેટલીક વાર કુદરત કોપી ઊઠે છે. ધરતીકંપ, પૂર, ભયાનક આગ અને વાવાઝોડાં આ દિવ્ય દરબારમાં થાય છે. ગંગાનાં ઠંડાં પાણી તેમની જટામાંથી વહેવા માંડે છે. તેમના હાથમાંથી ભસ્મસાત્ કરતો અગ્નિ પ્રગટી ઊઠે છે.

આ બધી અવ્યવસ્થા, ધમાલ અને ગૂંચવણ વચ્ચે ભગવાન શિવ શાંતિથી, અક્ષુબ્ધ આજુબાજુના પરિઆવરણથી અજ્ઞાત ઊંડા ધ્યાનમાં બેઠેલા છે.

આ બધાની પાછળ કંઈક અર્થ રહેલો છે. ઉત્પત્તિ, પોષણ અને વિનાશ એ કોઈ પણ પ્રક્રિયાનો ક્રમ છે. વિશ્વ પછી વિશ્વ અસ્તિત્વમાં આવે છે અને નાશ પામે છે. દુનિયા સારા અને ખોટા બંને પ્રકારના બનાવોથી ભરપૂર છે. બૂરું સારા જેટલું જ જરૂરી છે. ફક્ત જ્ઞાની લોકો જ આ સમજી શકશે. જીવોના વિકાસ અને ઉત્ક્રાંતિમાં બંનેનો ફાળો છે.

હિંદુ લોકો જે હજારો વર્ષ પહેલાં જે મહાન સત્ય જાણતા હતા તેને ફક્ત તાજેતરમાં વૈજ્ઞાનિકો સમજવા લાગ્યા છે. પ્રખ્યાત વૈજ્ઞાનિક ડૉ. કાર્લ સાગને લખ્યું છે : 'દુનિયાના જાણીતા ધર્મોમાં ફક્ત હિંદુ ધર્મ જ એવો છે જે વિશ્વે પોતે અનંત વાર મૃત્યુ અને પુનર્જન્મની સ્થિતિમાંથી નિયમબદ્ધ પસાર થાય છે, તે વિચારને સ્વીકારે છે. તે એકલો જ એવો ધર્મ છે કે જેના સમયની ગણતરી આધુનિક વૈજ્ઞાનિક વિશ્વવિદ્યાની ગણતરીને અનુસરે છે.'

વહાલાં બાળકો, ભાઈબહેનો, જો તમારે પૂર્ણ થવું હોય, તો તમારે ઈશ્વરને પ્રાપ્ત કરી જીવનની સમસ્યાને ઉકેલવી હોય તો તમારે ખાસી લાંબી આધ્યાત્મિક તાલીમ લેવી પડશે. અને તેને મેળવવા માટે શિવનું કુટુંબ-આ સુંદર દુનિયા-આદર્શ તાલીમ માટેનું સ્થળ બની જશે.

**શૈવ સંપ્રદાયના ગ્રંથો**

દક્ષિણ ભારતમાં શૈવ સંતોએ રચેલાં અઠાવીસ

શૈવ આગમો અને સ્તોત્રો-તૈવરમ્ અને તિરુવાસગમ્-શૈવ સંપ્રદાયનાં મુખ્ય ઉદ્‌ગમ સ્થાન છે. દસમા સૈકામાં નાબી-આંડર-નાબીએ વિવિધ ક્ષેત્રોનાં, શૈવ સ્તોત્રોમાંથી જેનું સંપાદન કર્યું તે ગ્રંથને 'તિરુમુરલ' કહેવામાં આવે છે, 'વેવરમ્'માં સંબંધર, અપ્પર, અને સુંદરમૂર્તિનાં સ્તોત્રો છે. માણિકવસગરનાં સ્તોત્રો 'તિરુવાસગમ્' કહેવાય છે, તેમાં આધ્યાત્મિક અનુભવ અને ભવ્યતા વર્ણવતાં ઉત્તમ કોટિનાં એકાવન કાવ્યોને સંગ્રહિત કરવામાં આવ્યાં છે.

અઠાવીસ આગમોમાંના દરેક આગમમાં શિવ સંપ્રદાયનાં બધાં પાસાંનું પૂર્ણ વર્ણન આપવામાં આવ્યું છે. દરેક આગમના ચાર વિભાગ છે- ચરિય, ક્રિયા, યોગ અને જ્ઞાન. ચરિય વિભાગમાં શૈવ ભક્ત માટે દૈનિક ધાર્મિક ક્રિયાઓ અને આચારનું વર્ણન છે. ક્રિયા વિભાગમાં મંદિરની પૂજનવિધિનું વર્ણન છે. યોગ વિભાગમાં રાજયોગનાં આઠ સોપાનોનું પૂર્ણ વર્ણન છે. જ્ઞાન વિભાગમાં શૈવપંથની ફિલસૂફીનું વર્ણન છે તેમાં ઈશ્વર, જીવ અને જગતની પ્રકૃતિ અને બીજાઓ સાથે તેમના સંબંધની સમજણ આપી છે. ઈશ્વરને પતિ, આત્માને પશુ અને જગતને પશમ્ કહેવામાં આવે છે.

'તિરુમંદિરમ્' શૈવ ઉપદેશોના શ્રેષ્ઠ પ્રમાણભૂત ગ્રંથોમાંનો એક છે. તેના લેખક તિરુમુલર નાયનાર છે. આ ગ્રંથને પાયારૂપ ગણી પાછળથી શૈવ સિદ્ધાંત ફિલસૂફીની રચના કરવામાં આવી હતી. તેમાં ત્રણ હજાર વર્ષમાં રચાયેલા ત્રણ હજાર શ્લોકો છે એમ કહેવાય છે. સંત તિરુમુલરે આ શ્લોકોનો પ્રાચીન ધર્મગ્રંથોની સંસ્કૃત ભાષામાંથી લોકભાષામાં અનુવાદ કર્યો હતો. આમ શૈવ લોકોને આ અમૂલ્ય ગ્રંથ સહેલાઈથી મળી શક્યો.

શૈવ પંથ એ વેદાન્ત ફિલસૂફીના સારરૂપ છે. ઈસ્વીસન પહેલાં તે દક્ષિણ ભારતમાં પ્રચલિત હતો. શૈવ સિદ્ધાંત ફિલસૂફી, શૈવ આગમોના ઉપદેશો પર આધારિત છે. તેરમી સદીની શરૂઆતમાં મેકન્દરે મહાન શૈવ સિદ્ધાંત ફિલસૂફીની પ્રવૃત્તિ શરૂ કરી હતી. તેમનો 'શિવજ્ઞાન બોધ' ગ્રંથ આ પ્રણાલિનો મુખ્ય ગ્રંથ છે. તેમાં શૈવ સિદ્ધાંત ફિલસૂફીની વ્યવસ્થિત સમજણ ટૂંકમાં આપી છે. તેણે તામિલ લોકોને આ ફિલસૂફીની પરમ શ્રેષ્ઠતાનો ખ્યાલ આપી જાગ્રત કર્યા. સંત મેકન્દરના ઓગણપચાસ શિષ્યોએ દક્ષિણ હિંદમાં બધે આ ફિલસૂફીનો પ્રચાર કર્યો.

શિવ પુરાણ, લિંગપુરાણ શિવ પરક્રમ, પેરિય પુરાણ અને તિરુવિલયદલ પુરાણમાં ભગવાન શિવની ભવ્યતા તથા મહાનતાનું વર્ણન છે.

**વહેવારમાં શૈવ સંપ્રદાય**

સંત તિરુમુલરે પોતે રચેલા 'તિરુમંદિરમ્'માં શૈવ સંપ્રદાયના સિદ્ધાંતોનું પદ્ય રૂપમાં ટૂંકમાં સરળ વર્ણન કર્યું છે. 'તિરુમંદિરમ્'માં શૈવ ધર્મ અને તેની ફિલસૂફીનાં વહેવારિક અને સૈદ્ધાંતિક પાસાંની ચર્ચા છે. તે યોગના પાયા પર રચાયેલું છે અને મનુષ્યને પોતાની જાત વિશેનું જ્ઞાન આપતા મહાન વિજ્ઞાન યોગની સમજણ આપે છે. તે સાધના અને તપનો પાયો નાખે છે.

રાજયોગનાં આઠે સોપાનોના અભ્યાસ પછી યોગી મા ઉમાના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. તે યમના આચરણ દ્વારા ઈશ્વરત્વ પ્રાપ્ત કરે છે, તે નિયમના આચરણથી શિવના ધામ 'શિવ-પદ'ને મેળવે છે. આસનના અભ્યાસથી તે ગૂઢ અવાજો સાંભળે છે. પ્રાણાયામ દ્વારા તે એવી સ્થિતિએ પહોંચે છે જ્યાં તેને દેવોના આશીર્વાદ મળે છે. પ્રત્યાહારથી તેને શિવનું સ્વરૂપ મળે છે. દેવો પણ તેને શિવ સમાન જોવાથી ગૂંચવાઈ જાય છે.

તપ કરવાથી શિવ-ભક્ત દુન્યવી લાલચો સામે અડગ રહેવાનું બળ મેળવે છે. તે દુન્યવી આનંદપ્રમોદની સહેજ પણ પરવા કરતો નથી. ભગવાન શિવ સાથેના ઐક્યથી મળેલા પરમસુખથી તે ખૂબ સંતોષ અનુભવે છે.

સંત તિરુમુલર કહે છે : 'પંડિતાઈનું અભિમાન છોડો. અંદર જુઓ પછી જ તમે શિવમાં દૃઢપણે સ્થિત થઈ જશો. હવે તમને કંઈ પણ ચળાવી નહિ શકે. તમે જન્મ-મૃત્યુની ઘટમાળમાંથી મુક્તિ પામશો.'(ક્રમશઃ)

☐ 'યોગના પાઠ'માંથી સાભાર

# સત્યના સાક્ષી બનો

**શ્રી સ્વામી ચિદાનંદજી**

આપણને સદા-સર્વદા માટે આ નિમ્ન અસ્તિત્વથી છોડાવે, સ્થળ-કાળના બંધનથી મુક્ત કરે, શરીર અને મનની કાર્યવાહીની દીવાલોમાં બંધાયેલ અસ્તિત્વથી મુક્ત કરે તેવી પરમ સત્તાના સાક્ષાત્કારની ભવ્ય યાત્રા માટે દિન પ્રતિદિન, એક આંતરિક આધ્યાત્મિક બંધુત્વમાં એકઠા થવાની પરમ ધન્યતા, વહાલા પૂજ્ય, પવિત્ર ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના આધ્યાત્મિક સાંનિધ્યમાં મળી છે; તે માટે ગુરુદેવની પ્રેમભરી આરાધના !

એક 'અદ્વૈત ઉદ્‌ગમ'માં અનેકો તેમનું ઐક્ય મેળવે છે. એક અદ્વિતીય, અસીમિત આંતરિક આધાર અને પાયાની ભૂમિમાં અનેક તેમની એકતા જુએ છે. જ્યારે બધાં પ્રગટ નામ-રૂપ અને દૃશ્યો પાછાં ખેંચી, પીગાળી, વૈશ્વિક ઉદ્‌ગમમાં મેળવી દેવાય છે ત્યારે અસ્તિત્વની અંતિમ પરાકાષ્ટાએ અનેક તેમના એકત્વનો અનુભવ કરે છે.

આનો અર્થ એ થાય કે એકત્વ ફક્ત અસ્તિત્વની સાચી હકીકત છે. એનો અર્થ એ છે કે આ બાહ્ય પૃથ્વીના પટ પરના દૃશ્ય-પ્રપંચમાંનાં દેખીતાં અલગ અને વિવિધ વ્યક્તિત્વો હોવા છતાં આપણું સત્ય ફક્ત એકત્વ જ છે. તેનો એવો પણ અર્થ થાય કે બધાં પ્રગટીકરણ અને ગતિવિધિઓ જે અલગતા તથા ભેદભાવ પર ભાર આપવા માગે છે તે આ સત્યથી વિરુદ્ધના છે. આ પરમોચ્ચ વૈશ્વિક હકીકતથી વિરુદ્ધનાં છે.

જ્યારે આપણે ભેદ જોઈએ છીએ, ભેદ અનુભવીએ છીએ અને આ ભેદની ભૂલભરેલ લાગણી પર આધારિત વર્તન કરીએ છીએ ત્યારે આપણે એક મહાન આધ્યાત્મિક વાસ્તવિકતા, એક આધ્યાત્મિક હકીકત, એક મહાન દિવ્ય સત્યને નકારીએ છીએ. જ્યાં ઊંચ-નીચની, મોટા-નાનાની, હું અને તુંની, વરિષ્ઠ અને નિમ્નની લાગણી હોય ત્યાં આ મહાન વિશ્વસ્તરના સત્યનો વિરોધ થાય છે અને વિસંવાદિતા, મન-ભેદ, ઝઘડા તેમ જ નકારાત્મક લાગણીઓ અને અનુભવોની પૂરી શ્રેણી ઊભી થાય છે. આ ફક્ત વૈયક્તિક સ્તરે નહિ પણ વ્યક્તિની આસપાસ બધે જ થાય છે, કારણ જ્યાં વ્યક્તિ જીવે છે, હરેફરે છે અને તે પોતે જ્યાં હોય છે ત્યાં વ્યક્તિ અસરનું કેન્દ્ર હોવાથી પર્યાવરણને કશુંક તો પ્રદાન કરે જ છે.

માટે અણસમજુ થઈ અસંવાદિતા અને મન-ભેદના કેન્દ્ર થવું કે સમજુ થઈ, આપણા અસ્તિત્વની મહાન હકીકતને વફાદાર રહી અસિસી-ના સંત ફ્રાન્સિસ આપણને જેવા બનવા કહે છે તેવા થવું તે આપણા હાથની વાત છે. સંત ફ્રાન્સિસ આપણે સમજણ, આશ્વાસન, સહાનુભૂતિ, પ્રેમ, ઐક્ય અને સુમેળનું - એટલે કે જે સઘળું સકારાત્મક અને દિવ્ય છે તેનું - કેન્દ્ર બનીએ તેમ ઇચ્છે છે. આથી વધુ મોટું સદ્‌નસીબ અને ગૌરવ શું હોઈ શકે ? તમે સઘળું સકારાત્મક, મંગળ, સુંદર અને આશીર્વાદથી સભર કેન્દ્ર-સાચું દિવ્યતાનું કેન્દ્ર-બનો તેના કરતાં તમારે માટે વધુ મોટી ધન્યતા અને વિશેષાધિકાર શું હોઈ શકે ?

વહાલા અને પૂજ્ય ગુરુદેવની જીવન વિશેની દૃષ્ટિ લગભગ આ જ છે. આપણા સ્વભાવના સત્યને સમર્થન આપતું, વિરોધ ન કરતું, બરાબર આવું જ આદર્શ જીવન, આપણે બધા સ્વીકારીએ અને જીવીએ તેમ ગુરુદેવ ઇચ્છતા. આ જગતમાં જ્યાં સૌંદર્યથી વિરુદ્ધનું ઘણું બધું છે તેવા જગતમાં આપણે આ જગતને સુંદર રાખવા આવ્યા છીએ. દિવ્ય પૂર્ણતા, મુક્તિ અને આત્મજ્ઞાન તરફની અદ્‌ભુત યાત્રા પર, જીવનના રાજમાર્ગ પર આપણે આગળ ધપીએ ત્યારે આપણે એવાં બીજ વાવવાનાં છે જેમાં સુગંધી પુષ્પો ફૂલે અને ફાલે.

આપણે આ જીવનયાત્રાના રસ્તે, સુંદર, સુગંધિત પુષ્પગુચ્છો ઊગે તેવાં બીજના વાવનાર તરીકે કાર્યશીલ બનીએ. આ ઈશ્વરના સુંદર બાગને હર્ષભર્યા રંગે રંગી તેનું નિરીક્ષણ કરતા સઘળા લોકો માટે તે આનંદનો ભંડાર બને તે જોઈએ. આ આપણા હાથની વાત છે.

આપણે દરેક દિવસને આવાં સૌંદર્ય, સુગંધ અને

આનંદ લાવે તેવી વાવણી કરવાનો દિવસ બનાવીએ. તમારા મનમાંથી જે દરેક વિચાર પ્રગટે છે તે બી છે, જેમાંથી ફૂલ પ્રગટે છે. તમારા હૃદયમાંથી ઊઠતા દરેક મનોભાવ એ બીજું બી છે જે તમને સુગંધિત ફૂલ આપી શકે, જો તે લાગણી, મનોભાવ, ભાવના ઉત્કૃષ્ટ હોય અને તમારી વાસ્તવિકતાને વફાદાર હોય તો.

ઈશ્વરનાં આધ્યાત્મિક સંતાનો, સ્વામી શિવાનંદજીનું આધ્યાત્મિક કુટુંબ ખરેખર આવું ભ્રાતૃવૃંદ બનો ! આ ભ્રાતૃવૃંદ જીવનના રાજમાર્ગ પર આગળ વધે ત્યારે વિચારો, લાગણીઓ, મનોભાવો અને વલણોનાં એવાં બીજ વાવે જે અસંખ્ય પુષ્પગુચ્છોમાં પરિણમી આ જગતને ઈશ્વરનો સર્વત્ર સુગંધ પ્રસરાવતો સુંદર બાગ બનાવે. જીવનનું આ જ તો સૌંદર્ય છે. ખરેખરું દિવ્ય જીવન ગાળવું, સત્યમ્-શિવમ્-સુન્દરમ્‌ની સાચી બાહ્ય અભિવ્યક્તિવાળું દિવ્ય જીવન વીતાવવું, મંગળમયતા અને શાશ્વત, અપરિવર્તનીય, સારભૂત સ્વભાવવાળાં સૌંદર્યથી ભરપૂર દિવ્ય જીવન વ્યતીત કરવું તે આપણા અહીં હોવાનો વિશિષ્ટાધિકાર છે અને ખરેખર આપણા અહીં હોવાનો સાચો ઉદ્દેશ છે.

આ પરમ હક્કને આપણે બે હાથે દઢતાથી પકડી રાખીએ અને ઈશ્વરના આ બાગમાં મીઠાશ, સુગંધ, સૌંદર્ય, રંગ અને આનંદ લાવીને ખુશ થઈએ. આપણા એકેએકના જીવનનું મોટું મિશન, ખરેખર, આ જ છે.

નિમ્ન, સહેલો રસ્તો પસંદ કરવો, ખરેખર કેટલું સરળ છે ? સત્યથી જીવવું તેવી પસંદગી, ખરેખર, કેટલી કઠણ છે ? નીચા જઈ, ક્ષુદ્રને, અલ્પને પસંદ કરવામાં આ સોનેરી તક, આ મોટી તક જતી કરવી, આ મોટો હક્ક છીનવાઈ જાય તેમ વર્તવું તેના કરતાં ભલે મુશ્કેલ બાબતની પણ જે કંઈ પવિત્ર, ઉદાત્ત અને સુંદર છે તેની પસંદગી કરવી તેમાં કેટલું શાણપણ રહેલું છે.

માટે, તમે બધા બળવાન, સમજુ અને દઢ-નિશ્ચયી બનો. તમે ફક્ત દિવ્યતાથી પ્રકાશો, ફક્ત દિવ્યતા વ્યક્ત કરો અને પ્રગટ કરો અને આમ કરી તમારી દિવ્ય નિયતિની પૂર્તિ કરો. સદા વર્તમાન સત્તાની દિવ્યતાના સાક્ષી થવાના દઢ સંકલ્પ અને આનંદ સાથે આગળ ધપો. જે જગતમાંથી તમે પસાર થઈ રહ્યા છો તે જગત માટે તમારા આ જીવનને ધન્યતાનો અને એકતા, ઐક્ય અને સંવાદિતાનો મોટો ભંડાર બનાવો અને બળ અને સમજણ સાથે આગળ ધપો.

આપણા એકેએક સમક્ષ, ખરેખર, આ તાતી જરૂરિયાતનું કાર્ય છે. આપણા જીવનને મહાન, ભવ્ય, ઉચ્ચતર અર્થ પ્રદાન કરનાર આ બાબત જ છે. જીવનની દરેક ક્ષણને, દિન પ્રતિદિનને જીવવાલાયક કરનાર, ખરેખર, આ ઉદ્દેશ જ છે.

દિવ્યની મોટામાં મોટી આરાધના કરી શકીએ તો આ છે - જીવન દિવ્યતાથી ગાળો. ગોવિંદ અને ગુરુએ તમારું જીવન એક પૂજા અને સમર્પણ બનાવી દેવાની આ સોનેરી તક આપી તે માટે આનંદો.

ઈશ્વર તમારા સૌનું કલ્યાણ કરે !

☐ 'મુક્તિપથ'માંથી સાભાર

## સાત મુશ્કેલ વસ્તુઓ

- ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

માનવ જન્મ મેળવવો
ખૂબ મુશ્કેલ છે
વિષયાસક્ત પદાર્થોનો ત્યાગ કરવો
ખૂબ મુશ્કેલ છે
મુક્તિ માટે પ્રબળ ઇચ્છા હોવી
ખૂબ મુશ્કેલ છે
સત્સંગ અને સાચા ગુરુ મેળવવા
ખૂબ મુશ્કેલ છે
મનને વશ કરવું એ
ખૂબ મુશ્કેલ છે
સહજ અવસ્થા પ્રાપ્ત કરવી
ખૂબ મુશ્કેલ છે
તત્ત્વ-દર્શન પ્રાપ્ત થવું
ખૂબ મુશ્કેલ છે
બ્રહ્મનો સાક્ષાત્કાર થવો
ખૂબ મુશ્કેલ છે.

# સર્વધર્મ સમન્વય રાષ્ટ્રીય પરિષદ સંબોધન

**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**

[ઓર્થોડોક્ષ ડાયોસ, અમદાવાદ અને સર્વધર્મ સમન્વય પરિષદ, ન્યૂ દિલ્હીના સંયુક્ત પ્રયાસ વડે અમદાવાદની હોટેલ સરોવરના મધ્યખંડમાં 'શાંતિ અને જીવન ઉત્કર્ષ માટે સર્વધર્મ સમન્વય અને ધાર્મિક સદ્‌ભાવના' વિષય પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન થયું. પરિષદ તો રાષ્ટ્રીય સ્તરની હતી પરંતુ મેક્સીકો, હોલેન્ડ, સ્પેન, યુરોપના અનેક દેશો ઉપરાંત જર્મનીના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત થતાં આ પરિષદ આંતરરાષ્ટ્રીય સ્તરની પરિષદ થઈ હતી. શિવાનંદ આશ્રમ, અમદાવાદના પરમાધ્યક્ષ પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીએ દીપપ્રજ્વલન કરી પરિષદનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને તત્કાલીન પ્રસંગોચિત અનુગ્રહ સંભાષણ કરી સૌને શાતા આપી હતી. અત્રે પૂજ્ય સ્વામીજીના ઉદ્‌બોધનનો સાર પ્રસ્તુત કરતાં હર્ષ અનુભવીએ છીએ. - સંપાદક]

પરમકૃપાળુ પરમાત્મા કે જેમને આપણે અલ્લાહ, આહુર મઝદા, જીહોવાહ, ઝંદે અવસ્ત, વાહેગુરુ, સત્‌નામ, જીસસ, મોઝેસ, બુદ્ધ, મહાવીર, શ્રીરામ, કૃષ્ણ, દુર્ગા, કાલી કે ગણેશના નામથી ઓળખીએ છીએ, તે અનાથોના નાથ, જ્ઞાનનું જ્ઞાન, તેજનું તેજ, પ્રજ્ઞાની પ્રજ્ઞા અથવા તો સ્વર્ગના સામ્રાજ્યમાં બિરાજતા આપણા પરમપિતા સૌનું મંગળ કરો. સૌનું શુભ કરો. મારા ગુરુદેવ પૂજ્ય શ્રીચરણ સ્વામી શિવાનંદજી મહારાજ, શ્રીમત્‌ સ્વામી ચિદાનંદ મહારાજના નામથી સૌને અભિનંદન આપું છું અને આ પરિષદને ખુલ્લી જાહેર કરું છું. મંચસ્થ આદરણીય આર્ચબીશપશ્રી સ્ટેનીસ્લેસ ફરનાન્ડેઝ, ઇન્ટરફેઈથ કોમેલીશન ફોર પીસ દિલ્હીના અધ્યક્ષ ડૉ. સૈયદ ઝફર મહેમુદ, શ્રી સીરામપોર યુનિવર્સિટીના ડીન અને સેનેટ મેમ્બર પ્રો. ડૉ. એમ.ટી. ચેરીયન, ગુજરાતના ચર્ચોના પરમાધ્યક્ષ બીશપ શ્રી સીલ્વાન્સ ક્રિશ્ચિયન, આદરણીય ડૉ. જીવરગીસ માર યુલીયસ, ડૉ. ફાધર પાકીયમ સેમ્યુઅલ, બ્રહ્માકુમારી વિનિતાજી, ગુરુદ્વારાના સન્માનનીય જ્ઞાનીજી, બૌદ્ધ અને જૈન મતાવલંબી મિત્રો તથા સભામાં ઉપસ્થિત સર્વે પ્રભુનાં વહાલાં સંતાનો ! પ્રણામ. સૌનું મંગલ થાઓ. સૌનું શુભ થાઓ.

અમારા પ્રિય ગુરુદેવ સ્વામી શિવાનંદજીકૃત વિશ્વ પ્રાર્થનાથી હું મારા વક્તવ્યનો પ્રારંભ કરવાની અનુમતિ માગું છું.

ઓ સ્નેહ અને કરુણામૂર્તિ પૂજ્ય પ્રભો !

તને નમસ્કાર હો ! નમસ્કાર હો !

તું સચ્ચિદાનંદઘન છે. તું સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. તું સર્વાન્તર્યામી છે.

અમને ઉદારતા, સમદર્શિતા અને સમતા આપ, શ્રદ્ધા, ભક્તિ અને ડહાપણ આપ.

અમને આધ્યાત્મિક અંતઃશક્તિ આપ કે જેથી અમો વાસનાઓનું દમન કરી મનોવિજેતા બનીએ.

અમને અહંકાર, કામ, ક્રોધ, લોભ, મોહ અને દ્વેષથી મુક્ત કર. અમારું હૃદય દિવ્ય ગુણોથી ભરી દે.

બધાં જ નામ રૂપોમાં તારું જ દર્શન કરીએ.

બધાં જ નામ રૂપોમાં તારી જ સેવા કરીએ.

તારો જ મહિમા ગાઈએ.

તારું જ પાપનાશક નામ અમારા હોઠ પર રહે.

અમે તુંમાં જ સ્થિર થઈએ.

અહીં આ પ્રાર્થનામાં ઈશ્વરનું કોઈપણ નામ નથી. ઈશ્વર નામરૂપોમાં બંધાયેલો નથી. ઈશ્વર પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણમાં વહેંચાયેલો નથી. ગુરુ નાનકદેવ મક્કા ગયેલા ત્યાં લોકોએ કહ્યું, 'તમારા પગ પવિત્ર કાબા તરફ છે, તેને બીજી તરફ કરીને લાંબા થઈને સૂઓ.' નાનક કહે, 'ભાઈ ! માફ કરો. હવે જે દિશામાં કાબા ન હોય ત્યાં પગની દિશા બદલી આપો.' બધા જ પ્રયત્ન વ્યર્થ ગયા. લોકોએ જે જે દિશામાં પગ ફેરવ્યા, ત્યાં બધે જ કાબાનું પુણ્યદર્શન થયું.

આપણે ઇટાલિયન કે મેક્સીકન ફૂડ ખાઈએ છીએ, આપણે જે જલેબી લિજ્જતથી ખાઈએ છીએ તે પાકિસ્તાનનું નઝરાણું છે. આપણે યુરોપિયન ઢબે કપડાં પહેરીએ છીએ, અંગ્રેજી ભાષા ભારતમાં જ વધુ સાચી અને સારી રીતે બોલાય છે, તો પછી વિવિધ ધર્મો માટે આપણે અસહિષ્ણુ કેમ બનીએ ?

આપણામાંનો કોઈ હિન્દુ શિખાસૂત્ર સાથે કે મુસલમાન સુન્નત સાથે, અથવા બધા ખ્રિસ્તી મિત્રો ગળામાં પવિત્ર ક્રોસ સાથે અથવા તો આ શીખ ગુરુઓ કડાં કીરપાણ સાથે જન્મ લેતા નથી. આપણા બધાંનો

જન્મ એક માનવબાળ તરીકે થયો, એટલે સાચા અર્થમાં એક માનવતા જ આપણો એક માત્ર ધર્મ છે.

હું એકવાર ત્રિવેન્દ્રમમાં હતો. સાંજના સમયે શહેરનાં સુપ્રસિદ્ધ શ્રીગણેશ મંદિરમાં ઝાલરટાણું હતું. તે જ સમયે સાથેની જ મસ્જિદમાંથી જોડા-ચપ્પલ મંદિરનાં પ્રાંગણમાં ફેંકાવા લાગ્યાં. કંઈ વધુ ઉહાપોહ થાય તે પૂર્વે પૂજારીએ બધા જોડા-ચપ્પલ એક ટોપલામાં ભેગા કર્યાં અને મસ્જિદમાં જઈને ત્યાં વડામુલ્લાને આપી આવ્યા.

થયું શું હતું ?

એક નાનું બાળક રમત રમતા મસ્જિદમાં આવતા જતા લોકોના જોડાઓને મસ્જિદની દિવાર ઉપરથી બાજુમાં જ રહેલાં શ્રીગણેશ મંદિરનાં પ્રાંગણમાં ફેંકતું હતું. મુલ્લાજીએ માફી માગી. પૂજારીજીએ હસીને અભિવાદન આપ્યું. જાણે કંઈ થયું જ નથી. પ્રસંગ નાનો લાગે છે, પરંતુ આ નાનો પ્રસંગ જ જો પૂજારીમાં આત્મસંયમની ખામી હોય તો મોટો ભડકો કરી શકે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

દુર્ભાગ્યે આપણે આપણા ધર્મોને મંદિરોના ઘંટારવ, મસ્જિદની આઝાનો, કે ચર્ચ અથવા સિનાગોગના ગોંગ વાદનમાં જ જકડી રાખ્યો છે. ધર્મ તો આપણને ધારણ કરે છે. ધર્મ તો આપણા જીવનની આધારશિલા છે. 'આચારો પરમો ધર્મઃ' શ્રી વિષ્ણુસહસ્રનામ કહે છે કે, તમારું આચરણ જ તમારો સાચો ધર્મ છે. આપણાં જીવનમાં સત્ય પ્રતિષ્ઠિત હોય, આપણાં જીવન અહિંસક હોય, આપણાં જીવન પરસ્પર પ્રેમ, સદ્ભાવ, સન્માન અને દંભ કે છળ વગરનાં હોય તો તે ધર્મ ખરા અર્થમાં ધર્મ અને શ્રેષ્ઠ ધર્મ છે.

પવિત્ર ગ્રંથ સાહેબની ગુરુવાણી કહે છે :

તુ ઠાકુર તુમ પે અરદાસ, જીઓ પીંડ સબ તેરી રાસ. તુમ માતપિતા હમ બારક તેરે, તુમ્હરી કિરપામેં સુખ ઘનેરે. કોઈ ન જાનેઓ તુમ્હરો અંત; ઊંચે સે ઊંચા ભગવંત.

સકલ સમગરી તુમતે સુત્તરધારી;
તુમતે હોય સો આગીયા કારી.

તુમરે ગત મિત તુમ હી જાની, નાનકદાસ સદા કૂરબાની.

નાનક પોતાને દાસ કહે છે. સૂરદાસ, રૈદાસ, કનકદાસ, રામદાસ, તુલસીદાસ, કબીરદાસ વગેરે... આ બધા સંતો પોતાની જાતને દાસ કહે છે. દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ સંત ત્યાગરાજ પોતાને 'હે રામ ! હું તારા દાસના દાસનો દાસ છું, તેમ કહે છે. તો પછી આપણે કહેવાતા બધા ધર્મગુરુઓ અહંકારનું પોટલું માથે રાખીને કેવી રીતે ધાર્મિક શાંતિ કે સદ્ભાવના રાખી શકીએ. મારા ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા, 'સૌથી પહેલાં સંન્યાસીઓ અભિમાન ત્યાગે. પછી વકીલ, ડોક્ટરો, કલેક્ટરો, તલાટીઓ, પુરુષ કે સ્ત્રીત્વના અભિમાન અથવા તો બ્રાહ્મણ અબ્રાહ્મણ, જૈન-અજૈનનાં અભિમાનો ત્યાગવાં પડશે. સરળ બનીએ-સહજ બનીએ. દસેક વર્ષ પૂર્વે ઇન ફ્લાઈટ સરવીસમાં 'સીસ્ટર્સ એક્ટ' નામનું એક ચલચિત્ર જોયું હતું. આ ફિલ્મનો સંદેશ શું હતો. ઓ ! ચર્ચના પાદરીઓ તમારી જડતા અને દંભ છોડો. તમારી ઊંચી ખુરશીથી નીચે આવો, સાધારણ માણસની જેમ જીવો, સાધારણ માણસ-સૌથી છેલ્લી કક્ષાના માણસને તમારી સાથે બેસાડો, તેને વાત્સલ્ય, કારુણ્ય અને નિષ્કપટ પ્રેમથી આલિંગન આપો. તમો ઈશ્વરના સામ્રાજ્યમાં પ્રવેશવાને યોગ્ય થશો. આ વાત માત્ર ખ્રિસ્તી દેવળોના પાદરીઓ માટે જ નથી, મારા, તમારા સૌને માટે છે. આપણે અહંકાર છોડવો પડશે. દંભ, છળ અને કપટ કે સ્વાર્થનાં તાણાંવાણાંની જાળનો વિચ્છેદ વિવેક અને વિનયપૂર્વક કરવો પડશે. આ બધું અસંભવ નથી.

અમારા પવિત્ર ભાગવત ગ્રંથમાં શ્રીકૃષ્ણની વાંસળીનું કથન છે.

પોતાની જાતને ખાલી કરી નાખો. શ્રીકૃષ્ણ ચીરહરણ કરે છે, આ ચીર એટલે આપણાં આ વસ્ત્રો નથી, આપણે ઓઢેલા કામ, ક્રોધ, મોહ, મદ, લોભ, છળ, દંભ અને કપટનાં વસ્ત્રો છે. એક વખત ઈશ્વરની શરણાગતિ તો સ્વીકારવી જ પડશે. વધસ્થંભ પર રહેલા પ્રભુ ઈસુએ કહ્યું, 'જે બાળક જેવો નિષ્કપટ કે નિષ્પાપ બની શકે તે જ ઈશ્વરના સામ્રાજ્યમાં પ્રવેશ કરી શકે.

અમારા એક શુભેચ્છક છે, જે મને વારંવાર કહેતા રહે છે, 'સ્વામીજી ! તમે બહુ ભોળા છો.' તો

શું સ્વામીએ કપટી થવું ? દંભી કે છળ કરનાર થવું. જે ભોળો, સહજ અને સરળ ન હોય તેને સ્વામી કે મૌલવી થવાનો અધિકારી જ નથી.'

મારા પૂજ્ય ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજે ધાર્મિક વ્યક્તિની પાત્રતા અઢાર ગુણોમાં વર્ણવી છે.

'સ્વસ્થતા, નિયમિતતા, નિરાડંબરતા,
સહૃદયતા, નિખાલસતા, સત્યશીલતા;
સમતા, સ્થિરતા અને અનુત્તેજિતતા,
અનુકૂલનીયતા, નમ્રતા, ચીવટતા;
દાનશીલતા, ઉદારતા અને નિર્મળતા,
રોજે રોજ આચરો આ અઢાર 'તા'ને
તો જ મળશે તમોને અમરતા'

તમોએ પવિત્ર ચરિત્રવાન પ્રભુપ્રેમી સંન્નારી માતા રાબિયાની વાત સાંભળી હશે. તે ધ્યાનમાં હતી. એક હજના યાત્રી હાજીએ તેના ઉપર થોડી 'દિનારો' ફેંકી અને ગહન ધ્યાનમાંથી ઝબકીને જાગેલી તે ઈશ્વર કે ખુદાની બંદગી કરનારી માતાએ પેલો હાજી તેના ખિસ્સામાંથી (જેબમાંથી) બીજી થોડી દિનારો કાઢે તે પૂર્વે હવામાં હાથ વિંઝ્યો, અને હવામાંથી જ મુઠ્ઠી ભરીને દિનારો પેલા હાજી ભણી ફેંકી. કહ્યું, 'તુમ જેબસે નિકાલતે હો, મૈં ગેબ સે નિકાલ સકતી હું.'

આ સંતોને હિંદુ મુસલમાનના વાડાઓનાં બંધન નથી. સંતો તો એક અમર આત્માના ઉપાસક હોય છે. આત્મા છે સર્વત્ર અને આપણા નરસિંહને વળી કેમ ભૂલી શકાય તેણે કહ્યું, 'જ્યાં લગી આતમા તત્ત્વ ચિંત્યો નહીં ત્યાં લગી સાધના સર્વ ઝૂઠી.' આત્મા સર્વત્ર છે. આત્માને કાળાં ધોળાં, ઊંચ નીચનાં બંધન નથી. તે જ પરમાત્મા પ્રાપ્તિનું ધર્મનું સાચું સ્વરૂપ છે.

બાઈબલનાં મેથ્યુસ પ્રકરણોમાં સુપ્રસિદ્ધ જહોનની વાત છે, તેણે ગરીબોની સેવા કરી, પોતે ઉઘાડો થઈ ગયો, પણ ઠંડીમાં ધ્રૂજતાને ઢાંક્યા. પોતે ભૂખ્યો રહ્યો, પણ ભૂખ્યાંની આંતરડી ઠારી. અને તે ઈશ્વરના સામ્રાજ્યનો અધિકારી બન્યો.

સુપ્રસિદ્ધ 'સંત ફ્રાન્સિસ ઓફ અસીસી'ના જીવનમાંથી ધર્મ અને ધાર્મિકતા શીખી શકાય. તેમણે માન્યવર નામદાર પોપની મીજબાનીમાં જમીન પર બેસીને અસીસીની ગલીઓમાંની બેકરીઓમાંથી વીણીને લાવેલા બ્રેડના ટુકડાઓ ખાધા હતા. તે શું કહે છે, ઈશ્વર આપણી જાહોજલાલીમાં નથી. ઈશ્વર પરસેવો પાડતા ખેડૂતો અને રસ્તો બંધાય ત્યાં મજૂરી કરતા મજૂરોના પરસેવાની સુગંધમાં છે.

મારા ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજે ઉત્તર કાશીના ભૂકંપની રાહતમાં ખાધાખોરાકની સામગ્રી સાથે 'બીડી' પણ મોકલાવેલી. કારણ ગઢવાલમાં રહીને તેમને ગઢવાલના લોકોની આવશ્યકતાની સમજણ હતી. ત્યાંનો ગઢવાલી માતા પિતા બંધુ ભગીની વગર રહી શકશે પરંતુ બીડી વગર પાગલ થઈને મરી જશે. ધાર્મિક લાગણીઓ કે ભાવનાઓ માટે આપણે બીજાઓનાં હૃદયમાં બેસી તેઓ કેમ વિચારે છે, તે પ્રમાણે વિચારવું પડશે.

'હે ઈશ્વર હું તારો છું. તું મારો છે, બસ બધું તારી ઇચ્છા પ્રમાણે જ થાઓ.' આમ વિચારી શકાય તો આપણે ખરા અર્થમાં ધાર્મિક કહેવાઈએ. આપણા વિચારો કે આપણી વૃત્તિઓ બીજાઓ ઉપર બળજબરીથી ઠોકી બેસાડીને, અથવા તો 'હું કહું છું તે જ સાચું અને બીજું બધું ખોટું. બધાએ મારી જ વાત માનવી જોઈએ અને મારા વિચારની વચ્ચે જો કોઈ અવરોધ ઊભો કરે તો હું ભાંગફોડ કરીશ જ' આ ધર્મ નથી જ.

વેદ કહે છે. 'આ નો ભદ્રાઃ ક્રતવઃ સન્તુ વિશ્વતઃ' ચોપાસથી સારા વિચારોને આવકારો. એ ન ભૂલી જાઓ કે 'જેટલા મત તેટલા પથ' 'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ' સત્ય એક જ છે, સંતો તેને વિવિધ નામથી ઓળખાવે છે.

માટે આજે આપણે સર્વધર્મ સમન્વય, ધર્મથી શાંતિ અને સદ્ભાવનાના વિચાર વિમર્શ માટે એકત્રિત થયા છીએ, તો એટલું તો શીખીએ કે આનંદમાં રહીએ, પ્રસન્ન રહીએ, પ્રભુનું સ્વરૂપ જ આનંદ સ્વરૂપ છે. 'શાંતોડયમ્ આત્મા. આનંદોડયમ્ આત્મા' આ શાંત અને આનંદમય આત્માના હિમાયતી થઈએ અને વાસ્તવિક ધર્મ કે ધાર્મિક ભાવનાનું પુનરુત્થાન કરીએ, ત્યાં જ આપણી આ પરિષદની સાર્થકતા.

ઈશ્વર અનુગ્રહની પ્રાર્થના અને આપ સૌમાં રહેલા પ્રભુને પ્રણામ સાથે, આપનો જ આત્મા, અધ્યાત્માનંદ. ૐ શાંતિ.

## પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ૬૯મા પ્રાકટ્ય પર્વે વંદના

**શ્રી સ્વામી શંકરચૈતન્યજી** (મૂળ મલયાલમમાંથી અનુદિત) શંકર વેદાંત અદ્વૈત મઠ, કોઝિકોડે

(૧)

જેનું નામ સ્મરણ જનગણનું દુઃખતાપ વિદારક છે. જેનાં શ્રીચરણકમળનું ધ્યાન પરમાનંદ છે અર્પી રહ્યું, વિનયી, સદ્‌ગુણ સમ્પન્ન ભક્તગણ જે ચરણોને સેવી રહ્યા, તે પરબ્રહ્મસ્વરૂપ અનંતશ્રી ગુરુવર અધ્યાત્માનંદને સૌ વંદી રહ્યા.

(૨)

જ્યારે વાણી આપની અમ હૃદય ગવ્હરમાં છે પ્રવેશતી, ત્યારે નામરૂપથી નિર્મિત નાનાત્વરૂપ સંસાર કારાગારથી મુક્તિ થતી તે પરબ્રહ્મ સ્વરૂપ લોચન ચમકૃત સુખકારી અદ્‌ભુત થયા, એવા હે ગુરુદેવ દયાનિધિ વિમલ હે અધ્યાત્માનંદને સૌ વંદી રહ્યા.

(૩)

આપનાં શ્રીચરણના નખની એ કાંતિ જનની સમ સુફલદાયીની, પુણ્યાત્મા પુરુષ પ્રજ્ઞા તવ સેવન થકી સત્વરે થતી બડભાગિની, તે ભુવનવંદિત નિત્યનૂતન ગુરુવર છો કૃપાનિધાન, આપ જ્યાં એવા હે પરબ્રહ્મ સ્વરૂપ અનંતશ્રી અધ્યાત્માનંદને સૌ વંદી રહ્યા.

(૪)

જેની કથાની અમૃત-માધુરી, પ્રવચન પટુતા પણ દિવ્ય છે, ગંભીર લેખન લાલિત્ય વળી આ બ્રહ્માંડમાં સુપ્રસિદ્ધ છે. જે ભવસાગરથી ભયભીત પ્રાણીઓના એકમાત્ર છે આશ્રય, તે પરબ્રહ્મ સ્વરૂપ અનંતશ્રી અધ્યાત્માનંદજી સદૈવ છે કરુણાલય.

(૫)

જેના હૃદયમાં છે માધુર્ય ને વળી બહુ શોભતું છે ચાતુર્ય, ને જેમ કો એક હંસલી છે કરતી હંસનું વરણ વર્ય; તેમ સદ્‌ગુણોની પંક્તિ જેમના ચરણનું વરણ કરતી સદા, તે આનંદઘન મધુરાતિમધુર અધ્યાત્માનંદને હો નમન સર્વદા.

(૬)

જેમનાં દર્શન આ લોકમાં સંપૂર્ણ લોક શોકાનુભૂતિરૂપ; અજ્ઞાન અંધકારથી કરી રહ્યા છે સૌને વિમુખ, જેમનો અભંગ સંગ ભવરંગમાં રુચિરતાનો છેદે વિભ્રમ, જે નિગમાગમ આનંદસ્વરૂપ અધ્યાત્માનંદનું હો પુનઃ પુનઃ સ્મરણ.

(૭)

તે વિરક્ત, સદ્‌ભક્ત વિવિધ વિધાનોમાં અનાસક્ત છે, ધર્માત્મા, સ્વ-ગુરુચરણારવિંદનું ચંચરિક સમ મકરંદ થઈ પુણ્ય કરે સ્વાત્મા; તે ગુરુ આજ્ઞા નિરત, ગુરુસેવાબદ્ધ વિચક્ષણ ગુરુમાં જ દેખે પરમાત્મા, તેવા શિષ્યરત્ન ગુરુવર અધ્યાત્માનંદનો દિવ્ય ભવ્ય છે આત્મા.

(૮)

જેમની સુખ પ્રદાયક કરુણા ન કરતી ભેદ પાપી-પુણ્યાત્માનો, જેમ અગત્સ્યે કર્યું પાન સાગરનું તેમ ગરલપાન કરી માણે કેફ આનંદનો. સમ-વિષમના ભેદથી અબાધિત સરળ સહજ જીવન ધણી, તે પરબ્રહ્મ સ્વરૂપ અનંતશ્રી ગુરુવર અધ્યાત્માનંદને વંદુ લળી લળી.

(૯)

જે મનુષ્ય ભવદાવાગ્નિ તાપથી બહુવિધે પ્રજળી રહ્યો આ અષ્ટકે નચિંત થઈ તે અધ્યાત્માનંદને શરણે ગયો. આ ચરણના શરણનું વરણ મુક્તિપથ દર્શિત કરે, તે ગુરુજન અધ્યાત્માનંદ છે ચિંતામણિ સર્વોપરે.

# મુમુક્ષુઓની આધ્યાત્મિક સાધનાનો પ્રકાશપથ-વિવેકચૂડામણિ

**મ.મં. શ્રીમત્ સ્વામી અદ્વૈતાનંદજી મહારાજ (અદ્વૈત વેદાંત આશ્રમ, પનવેલ, મુંબઈ)**

અધ્યાત્મ માર્ગ પર આરૂઢ કે આરોહણ કરવા માટેનું ઉત્કૃષ્ટ સાધન અને બહિરંગ વૃત્તિઓને અંતર્મુખ કરવા માટે તથા બ્રહ્માત્મ ઐકય બોધને પ્રાપ્ત કરીને અસદ્ વૃત્તિરૂપ સાંસારિક ભાવોથી ઉપર ઊઠવા માટેનું પરમોચ્ચ સાધન વિવેકચૂડામણિ છે. આત્મબોધ માટેના અનેક ગ્રંથો છે. વિવેકચૂડામણિ સર્વોચ્ચ હોવાને કારણે 'ચૂડામણિ' નામથી તેને ઓળખવામાં આવે છે. ભગવાન ભાષ્યકાર શ્રીમત્ આદિ શંકરાચાર્યજી મહારાજ વિરચિત વિવેકચૂડામણિ પ્રકરણ ગ્રંથ છે.

સનાતન ધર્મનો આધારસ્તંભ વેદ છે. વેદોનું વિભાજન કર્મ, ઉપાસના અને જ્ઞાનના નામથી ત્રણ કાંડમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. વેદોનો અંતિમ ભાગ ઉપનિષદ છે. તેથી તે વેદાંત કહેવાય છે. આ ઉપનિષદો જ્ઞાનનો ભંડાર છે. આપણા જીવનને સુખમય, આનંદમય, પૂર્ણ, તૃપ્ત તથા અમૃતમય બનાવવાનો રાજમાર્ગ એ આ વેદાંતમાર્ગ છે, વિવેકચૂડામણિનું અધ્યયન છે. ઉપનિષદોને જ જ્ઞાનકાંડ કહેવામાં આવે છે. ઉપનિષદોના જ્ઞાનને પ્રમુખ માનીને અનેક આચાર્યોએ અનેકાનેક ગ્રંથોનું નિર્માણ કર્યું છે. કોઈ આચાર્ય તપને પ્રમુખ માને છે, કોઈ ભક્તિને, કોઈ વૈરાગ્યને તો કોઈ જ્ઞાનની પ્રભુતાને બિરદાવે છે. આમ, ઉપનિષદના જ્ઞાનને મધ્યસ્થ કરીને સર્વે વિદ્વાનોએ પોતપોતાની અનુભૂતિ અને રુચિ પ્રમાણે ગ્રંથો રચીને મુમુક્ષુઓ માટે કલ્યાણનો માર્ગ તૈયાર કર્યો. ભગવત્પાદ ભાષ્યકાર શંકરાચાર્યજીએ સર્વ સાધારણ મનુષ્યને અત્યંત સરળ, સુગમ સાધન આ વિવેકચૂડામણિ દ્વારા આપ્યું છે. આધ્યાત્મિક જીવનમાં વિવેકરૂપ સાધનનું ઘણું મોટું મહત્ત્વ છે. વિવેકનો અર્થ છે-પૃથક્કરણ કરવું. યોગ્ય અયોગ્ય, શ્રેય-પ્રેય, આત્મ-અનાત્મના ભેદને જાણવો, સમજવો અને સાધનાપથે અનાવશ્યક તત્ત્વથી મુક્ત થવું. વિવેકનો અર્થ છે, આ જગતને તેના વાસ્તવિક સ્વરૂપમાં જાણવું. તેનું કારણ શું? તે સમજવું તેનો અર્થ વિવેક છે. આ સૃષ્ટિનું કારણ શું? કાર્ય શું? અર્થાત્ જે કંઈ દૃશ્યમાન છે, જે ઉત્પત્તિવાન છે, તે ક્યાંથી ઉત્પન્ન થયું? તેનું કાર્ય શું? હેતુ શું? સત્-અસત્ શું? આ બધું પૃથક્કરણપૂર્વક જાણવું તેનું નામ વિવેક છે.

ભગવત્પાદ શંકરાચાર્યજીએ પ્રમેય ગ્રંથોની રચના પણ કરી છે તો પ્રક્રિયા ગ્રંથોની રચના પણ કરેલ છે. વિવેકચૂડામણિ પ્રકરણ ગ્રંથ છે. આ પ્રમેય, પ્રક્રિયા અને પ્રકરણ ગ્રંથો અલગ અલગ કોટીના સાધકો માટે છે. અધ્યયન માટેનો અધિકાર મુમુક્ષુઓની યોગ્યતા પ્રમાણે નિર્દેશિત કરવામાં આવેલ છે. તે પ્રમાણે પ્રમેય, પ્રક્રિયા અને પ્રકરણ ગ્રંથોનો અભ્યાસ કરવામાં કે કરાવવામાં આવે છે. વિવિધ સ્તરના મુમુક્ષુઓને દૃષ્ટિમાં રાખીને અલગ અલગ ઉપદેશાત્મક ગ્રંથોની રચના કરવામાં આવેલ છે. ઉપનિષદ, બ્રહ્મસૂત્રો, શ્રીમદ્ ભગવદ્ગીતા આદિ પર ભાષ્ય, ઉપદેશ સાહસ્રી, શતશ્લોકી, પ્રાર્થનાષ્ટક, સૌંદર્ય લહરી, આત્મબોધ, તત્ત્વબોધ, આત્મષટ્ક આદિ અનેક ગ્રંથોની રચના કરવામાં આવેલ. આમાંના અમુક ગ્રંથો સાધ્યનું જ પ્રતિપાદન કરે છે તો થોડા ગ્રંથો સાધનનું પ્રતિપાદન કરે છે, પરંતુ આ જે વિવેકચૂડામણિ ગ્રંથ છે તેમાં આચાર્ય ભગવત્પાદે સાધ્ય, સાધન અને પ્રક્રિયા (વિધિ) ત્રણેયનું અત્યંત સરળ અને ઉત્કૃષ્ટ રીતે પ્રતિપાદન કરેલ છે. આમ થવાથી જે કનિષ્ઠ અધિકારી હોય તે પણ ઉત્તમ અધિકારી કેવી રીતે બની શકે તેનું ઉત્તમ સાધન કે માર્ગ દ્વારા પરમ સાધ્ય કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તેનું વિધિવિધાન છે.

આ અત્યંત રહસ્યાત્મક તત્ત્વનું પણ તેમણે આ વિવેકચૂડામણિ ગ્રંથમાં વિસ્તારપૂર્વક સ્પષ્ટીકરણ કર્યું. જે કોઈ પણ આધ્યાત્મિક માર્ગે ચાલવા ઇચ્છે તેવા જિજ્ઞાસુ, મુમુક્ષુ કે સાધક જો આ વિવેકચૂડામણિનું આદ્યોપાન્ત અધ્યયન કરે, ચિંતન કરે અને 'સુઅનુષ્ઠિયતામ્' સારી રીતે આચરણમાં મૂકે તો તેમને બ્રહ્માત્મ ઐક્યની પ્રાપ્તિ માટે બીજાં કોઈ સાધન કે ગ્રંથની આવશ્યકતા રહેતી નથી. આ જ કારણથી, આ જ

આશયથી આ ગ્રંથને સર્વોત્કૃષ્ટ અને ચૂડામણિ એમ માનવામાં આવેલ છે.

મોક્ષરૂપ પુરુષાર્થનું સૌથી પ્રથમ સાધન વિવેક છે. અધ્યાત્મ સાધનાપથ પર આરોહણ કરવા માટે સાધન ચતુષ્ટય કે ચાર પુરુષાર્થ સંતો અને શાસ્ત્રોએ વર્ણવ્યા છે. તેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષના નામે ઓળખવામાં આવ્યા છે. ધર્મ, અર્થ અને કામ આ ત્રણેય પુરુષાર્થ ભૌતિક અથવા ઇહલૌકિક સુખના કારક છે. જ્યારે મોક્ષરૂપ પુરુષાર્થ આત્યન્તિક દુઃખની નિવૃત્તિ પરમાનંદ પ્રાપ્તિ (નિરતિશય આનંદ) આપનાર હોઈ તેને શાસ્ત્રોએ શ્રેષ્ઠ પુરુષાર્થ કહ્યો છે. ધર્મ, અર્થ અને કામ ભૌતિક સુખસંપદા પ્રદાયક છે, જે અંતતોગત્વા દુઃખપ્રદાયક છે, માટે તેને ગૌણ પુરુષાર્થ કહેવામાં આવેલ છે.

સમગ્ર માનવજાતિના જીવનનું લક્ષ્ય દુઃખનું મૂળ કારણ અજ્ઞાનની નિવૃત્તિ અને અવિનાશી, નીરવ છિન્ન, નિરતિશય, અસીમ આનંદની પ્રાપ્તિ કરવાનું છે. આમ, જે મુમુક્ષુ મોક્ષની જ કામના કરે છે, તેનું પ્રારંભિક જીવન લક્ષ્ય એકમાત્ર મોક્ષનો જ માર્ગ અને તેના ઉપરનું આરોહણ, તે સિવાય ઇતર વસ્તુવિષય પ્રત્યે અરુચિ બની રહે છે. ખરા અર્થમાં મોક્ષનો માર્ગ જ આધ્યાત્મિક માર્ગ છે. જ્ઞાનનો માર્ગ છે, આ જ્ઞાન પ્રત્યક્ષ, પરોક્ષ, અપરોક્ષ નહીં, પરંતુ સાક્ષાત્ અપરોક્ષ જ્ઞાન છે. સાક્ષાત્ અપરોક્ષ જ્ઞાન જ સ્વ-સ્વરૂપાનુસંધાનનું ભાન કરાવી શકે અને ક્રમશઃ તેનું ઉન્મૂલન કરીને જીવને (આત્માને) બ્રહ્મ સાથે અભેદ-ઐક્યની પ્રાપ્તિ કરાવી પરમાનંદની અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરાવી શકે.

સાક્ષાત્ અપરોક્ષ જ્ઞાનને અજ્ઞ જીવ (મનુષ્ય) કેવી રીતે પ્રાપ્ત કરી શકે, તે જ્ઞાન માટે કયાં કયાં સાધન છે તેનું વિશદ વર્ણન ભગવત્પાદ શંકરે બહુ જ માર્મિક રીતે શ્લોકોના માધ્યમથી સ્પષ્ટ કરેલ છે. અહીં સત્-અસત્ વચ્ચેના ભેદનો વિવેક સમજાય છે. આ વિવેક પ્રાપ્ત થયા વગર આપણી જડબુદ્ધિમાં જાગૃતિ આવી શકે નહીં. વિવેક વગર જિજ્ઞાસા વૈરાગ્ય જાગે નહીં. વૈરાગ્ય વિના ષડ્સમ્પત્તિ (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન) જીવનમાં આવે નહીં. ષડ્સંપદા વગર મુમુક્ષુત્વ જાગે નહીં. મુમુક્ષુત્વ વગર જ્ઞાન સંભવ નથી અને જ્ઞાન વિના મોક્ષ ન મળી શકે. માટે સાધક માટે વિવેક એક પાયાનું સાધન છે. ચૂડામણિનો આશય જ સાધન ચતુષ્ટય સંપન્ન થઈને, જ્ઞાનપ્રાપ્તિ કરીને જીવનને અમૃતમય બનાવવાનો છે. ૐ શાંતિ.

## ઈશાવાસ્ય ઉપનિષદ-અધ્યાત્મનું પ્રથમ આચમન

**મ.મં. શ્રીમત્ સ્વામી અદ્વૈતાનંદજી મહારાજ (અદ્વૈત વેદાંત આશ્રમ, પનવેલ, મુંબઈ)**

[પૂજ્ય સ્વામીજી મહારાજે ૨૦૧૨માં ઈશાવાસ્ય ઉપનિષદનાં પ્રવચનો કરેલાં; જેટલા મંત્રો બાકી રહ્યા હતા તેના ઉપર પ્રવચનો આ વર્ષે થયાં. આ ઉપનિષદો સંબંધી આચમન તેમના જ શબ્દોમાં અત્રે પ્રસ્તુત છે. -**સંપાદક**]

ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ વેદ ષડ્શાસ્ત્ર અને પુરાણો છે તથા જેઓ સાધક છે, મુમુક્ષુ છે તેમના ઉત્કર્ષ, અભ્યુદય અને અધ્યાત્મ સાધના માટે વેદનિહિત ઉપનિષદો છે. ઉપનિષદોના અધ્યયન વગર જિજ્ઞાસુ કે મુમુક્ષુને સત્યજ્ઞાન કે માર્ગદર્શન અન્ય કોઈ સાધનમાંથી મળી શકે નહીં. ઉપનિષદો અગણિત છે. ૧૦૮ પ્રમુખ માનવામાં આવ્યા છે, તેમાંથી અગિયાર ઉપનિષદ મુખ્ય માનવામાં આવ્યાં છે, કારણ કે ભગવાન ભાષ્યકાર શ્રીમત્ શંકરાચાર્યજીએ તેના ઉપર ભાષ્ય કરેલ છે, ટીકા કરેલ છે અને તદુપરાંત બીજા અનેક આચાર્યોએ પણ ચિંતનાત્મક ભાષ્યો આ પ્રમુખ અગિયાર ઉપનિષદ ઉપર લખ્યાં છે, પરંતુ ભગવાન ભાષ્યકારનું ચિંતન મુમુક્ષુઓ માટે વધુ જીવનોપયોગી તથા અધ્યાત્મપથે લાભદાયક પુરવાર થયું છે.

આ એકાદશ ઉપનિષદોમાંનું સર્વપ્રથમ ઉપનિષદ તે ઈશાવાસ્ય ઉપનિષદ છે. આ ઉપનિષદ શુકલ યજુર્વેદસંહિતા કે જેને વાજસનેયીસંહિતા પણ

કહેવામાં આવે છે તેના અંતર્ગત ચાલીસમો અધ્યાય છે. આ સંહિતામાં ૩૯ અધ્યાયોમાં કર્મકાંડનું મુખ્યત્વે નિરૂપણ છે. આ ઉપનિષદ ૪૦મો અંતિમ અધ્યાય છે, તેમાં જ્ઞાનકાંડનું પ્રમુખ મહત્ત્વ દર્શાવાયું છે. આ ઉપનિષદનો પ્રથમ મંત્ર 'ઈશાવાસ્યમ્' એમ પ્રારંભ થતો હોવાથી તેને ઈશાવાસ્ય ઉપનિષદ કહેવામાં આવે છે. ઈશાવાસ્યોપનિષદમાં અઢાર મંત્ર છે, જોકે લઘુગ્રંથ છે તેવું દેખાવા છતાં તેનું મહત્ત્વ ઓછું નથી. ઈશાવાસ્ય ઉપનિષદમાં પરમતત્ત્વનો પરમતાત્ત્વિક સૂત્રપાત છે, જે અત્યંત ચિંતનીય છે અને ઉપનિષદ છે, માટે જિજ્ઞાસુ સાધકોની આધ્યાત્મિક ઉન્નતિ માટે ખૂબ જ સહાયક પુરવાર થયું છે.

સંસારના મોટા ભાગના વિચારકોએ સ્વીકારેલું છે કે મનુષ્યને આત્યંતિક શાંતિ બાહ્ય વિષયો કે વિષય-ભોગોથી પ્રાપ્ત થતી નથી, માટે તેણે આ વિષયભોગનો ત્યાગ કરીને બીજી કોઈ અનંત અને નિર્બાધિત સુખપ્રદાયક સત્તાનું શરણ લેવું જ પડશે. તે અનંત નિર્બાધ સુખની પ્રાપ્તિ જ તમામ તત્ત્વચિંતકોનું ધ્રુવ લક્ષ્ય રહ્યું છે, માટે સંસારના અનેક દાર્શનિકોએ તેનાં તત્ત્વનો પૃથક્ પૃથક્ અનુભવ કરવાના કારણે વિવિધ મતમતાંતરોની વ્યુત્પત્તિ થઈ છે. મતભેદ ભલે અનેક થયા છતાં તેના એકમાત્ર મૂળતત્ત્વના સંશોધન અને સત્ય સંબંધે તો સૌ એકમત જ છે.

વિદ્વાનો દેશના હોય કે વિદેશના હોય, જ્યાં સુધી આત્મતત્ત્વના ચિંતનનો પ્રશ્ન છે, તેનાં મહત્ત્વનું યશોગાન સમસ્વરે સૌ એક જ ભાવથી કરે છે, કારણ કે સમગ્ર નિર્ણયનું મૂળ સ્થાન તો પ્રતિપાદિત વેદોથી જ થાય છે. વેદો અનાદિ છે. વેદો અપૌરુષેય છે. તેમની રચના ક્યારે થઈ, કોણે કરી તેનો સંતોષપૂર્વક નિર્ણય હજુ સુધી થયેલ નથી.

વેદ અનાદિ અને અપૌરુષેય હોવાને કારણે શ્રુતિવાક્ય પ્રામાણિક વાક્ય વિદ્વાનોને માન્ય છે. જે વાક્ય કે જે નિર્ણય ત્રિદોષરહિત હોય ત્યારે જ તે પ્રામાણિક માનવામાં આવે છે. જે વાક્ય કે નિર્ણયમાં મળ, વિપ્રલિપ્સા અને કર્ણપાટવ દોષ ન હોય તે વાક્ય કે નિર્ણય પ્રામાણિક માનવામાં આવે છે.

વસ્તુ નિર્ણય માટે 'લક્ષણ પ્રમાણાભ્યામ્ વસ્તુ સિદ્ધિઃ ગનિર્દુષ્ટ લક્ષણ અને નિર્દોષ પ્રમાણ જ નિરતિશયાનન્દ રૂપ વસ્તુની સિદ્ધિ કરી શકે છે. માટે વેદવાક્ય જ પરમ સુખાત્મક તત્ત્વને સિદ્ધ કરે છે.

વેદોમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ ત્રણ કાંડમાં સુખનાં જ સાધનોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અહીં જ્ઞાનકાંડ અથવા ઔપનિષદ ભાગને શ્રેષ્ઠ માનવામાં આવેલ છે. ઔપનિષદ પ્રભાગમાં જ બ્રહ્માત્મૈક્ય જ્ઞાનનું વિશેષરૂપે પ્રતિપાદન કરવામાં આવેલ છે. આમ થવાથી મુમુક્ષુ ઉપનિષદનું અધ્યયન, મનન-ચિંતન કરીને ભૌતિક સુખસંપદાના સાધન વગર જ સુખાનુભૂતિ કરી શકે છે.

શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ આચાર્ય પાસે બેસીને ઔપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યાનું શ્રવણ-મનન-નિદિધ્યાસન કરી અને બ્રહ્માત્મ ઐક્યના બોધ દ્વારા મુમુક્ષુ પોતાના જીવ ભાવથી મુક્ત થઈ શકે છે.

એકાદશ ઉપનિષદોમાં સૌપ્રથમ ઉપનિષદ ઈશાવાસ્ય ઉપનિષદ છે. ઈશાવાસ્ય ઉપનિષદ આપણને તે પરમસત્તાની વ્યાપકતાનો બોધ કરાવે છે અને સર્વત્ર દેશકાળ વસ્તુઓમાં ઈશ્વરની વ્યાપ્તતાને સિદ્ધ કરે છે. આ ઉપનિષદમાં બ્રહ્માત્મ ઐક્ય જ્ઞાન અને કર્મ તેનો સમુચ્ચય નિષેધ કરે છે. વિદ્યારૂપ ઉપાસના અને કર્મરૂપ અવિદ્યા તેમનો સમુચ્ચય હેતુ હોઈ શકે છે. બ્રહ્માત્મ ઐક્ય બોધ માટે કર્મ અને ઉપાસનાની નિંદાનું ઉપનિષદમાં પ્રતિપાદન કરવાનો હેતુ આત્યંતિક દુઃખની નિવૃત્તિપૂર્વક પરમાનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે જીવને અગ્રેસર કરવાનો છે.

માટે આ ઉપનિષદોનું અધ્યયન અને અધ્યાપન અત્યંત આવશ્યક છે. ઉપનિષદોનું જીવનપાથેય બ્રહ્મતત્ત્વ ભણી દોરી જાય છે. ઈશાવાસ્ય ઉપનિષદ આ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટેના સાધનનું પ્રવેશદ્વાર છે. મુમુક્ષુઓ માટે ઈશાવાસ્ય ઉપનિષદમાં વિદિત અને પ્રતિપાદિત બ્રહ્મવિદ્યા બ્રહ્મજ્ઞાનનું પ્રથમ સોપાન છે. ૐ શાંતિ.

# ગુજરાત દિવ્ય જીવન સંઘનું પ્રાદેશિક સંમેલન - સંક્ષિપ્ત અહેવાલ

ગુજરાત દિવ્ય જીવન સંઘનું પ્રાદેશિક સંમેલન તા.૨૮-૪-૨૦૧૩ રવિવારના રોજ શિવાનંદ આશ્રમ ખાતે આયોજાયું. તેમાં મુંબઈ, સુરત, અંકલેશ્વર, વલસાડ, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, ખેડબ્રહ્મા, ભજપુરા, લક્ષ્મીપુરા, મહેસાણા, હિંમતનગર, સાણંદ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, રાજકોટ, જામનગર, જૂનાગઢથી ૩૪૭ સાધકો પધાર્યા. નિ:શુલ્ક વ્યવસ્થા સાથે આયોજાયેલા આ સંમેલનમાં પ્રાત:કાળે ૭-૦૦થી ૮-૦૦ અને સાંજે ૬-૩૦થી ૭-૩૦ સુધી અદ્વૈત વેદાંત આશ્રમ, પનવેલ (મુંબઈ)ના મહામંડળેશ્વર પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અદ્વૈતાનંદજી મહારાજશ્રીએ ભગવાન ભાષ્યકાર શ્રી શંકરાચાર્ય વિરચિત 'વિવેકચૂડામણિ' વિષયક પ્રવચનો કર્યા.

શિવાનંદ આશ્રમના સ્વામી ચિદાનંદ યોગ-ધ્યાન ખંડમાં સવારે ૯-૩૦ કલાકે જય ગણેશ પ્રાર્થના બાદ, સામૂહિક શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ થયો. ત્યારબાદ પૂર્વાહ્નમાં પૂજ્યા સ્વામિની વિદ્યાપ્રકાશાનંદ માતાજી અને આદરણીય શ્રી પરમાનંદભાઈ ગાંધીનાં અધ્યાત્મ સાધનાપથમાં વેદાંત ચિંતન અને સ્વાધ્યાય વિષયક પ્રવચનો થયાં. મધ્યાહ્ન ધ્યાન, ભોજન અને વિશ્રાંતિ પછી દોઢ વાગ્યે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે અધ્યાત્મ સાધનાપથ પર જપ, મહામંડળેશ્વર શ્રી સ્વામી અદ્વૈતાનંદજી મહારાજે ધ્યાન અને પૂજ્યશ્રી સ્વામી અસંગાનંદ સરસ્વતીજીએ મૌન-એકાંત વિષયક મનનીય પ્રવચનો કર્યાં. સાંજે સમાપનની ઉત્તરાર્ધ પ્રાર્થના પછી સંસ્થાના પ્રન્યાસી શ્રી અરુણભાઈ ઓઝાએ આભારદર્શન કર્યું. આ તકે સૌને જ્ઞાનપ્રસાદમાં પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનું પુસ્તક 'મુક્તિપથ' ભેટ આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રૂપાબેન મજમુદારે કર્યું. ૐ શાંતિ.

**વાર્ષિકોત્સવ નિમિત્તે તા. ૩૦-૪-૨૦૧૩થી તા. ૩-૫-૨૦૧૩ સુધી યોજાયેલા પ્રવચનોનો સારાંશ આ અંકમાં આપેલ છે.**

**અધ્યાત્મ સાધનાપથ**
**૧. વિષય : વેદાંત ચિંતન**
**વક્તા : શ્રી સ્વામિની વિદ્યાપ્રકાશાનંદજી**



યાજ્ઞવલ્ક્યાનંદજીને બે પત્નીઓ હતી-મૈત્રેયી અને કાત્યાયની. એક વખત યાજ્ઞવલ્ક્યજીએ તેમની પત્નીઓને કહ્યું, 'હું ગૃહસ્થાશ્રમમાંથી ઉપર ઊઠવા માગું છું. સંન્યસ્તનો સ્વીકાર કરવા માગું છું. હું મારી સંપત્તિ તમારા બંને વચ્ચે વહેંચી દેવા માગું છું.'

કાત્યાયિની સામાન્ય સ્ત્રી હતી. તેણે આ વાતનો સ્વીકાર કર્યો, પરંતુ મૈત્રેયીએ પૂછ્યું, 'આપ મને જે સંપત્તિ આપવાના છો તેનાથી અમૃતત્વની પ્રાપ્તિ થઈ શકતી હોત તો તમે એને છોડીને જાત નહીં. શું આ સંપત્તિથી ખરેખર અમૃતત્વની પ્રાપ્તિ થઈ શકે?'

યાજ્ઞવલ્ક્યાનંદજીએ કહ્યું, 'વિત્તથી સાધન-સંપન્ન જીવી શકાય છે. અમૃતત્વની પ્રાપ્તિ થઈ શકે નહીં.'

મૈત્રેયીએ કહ્યું, 'તો મારે આ સંપત્તિ નહીં જોઈએ. મને આપ એ બતાવો કે અમૃતત્વની પ્રાપ્તિ શી રીતે થાય?'

યાજ્ઞવલ્ક્યજીએ કહ્યું, 'આજે હું ખુશ થયો છું. મને આજે વધુ અનુકૂળ જણાય છે. હું તને ઉપદેશ આપું છું.'

અમૃતત્વની ઇચ્છા એ સૌની મૂળભૂત ઇચ્છા છે. સૌને શાશ્વત સુખ જોઈએ છે, અક્ષય સુખ, નિરતિશય સુખ જોઈએ છે, જે ક્યારેય ઓછું ના થાય.

આ સુખ ક્યાંથી મળી શકે?

જો સુખ મારાથી બહાર હોય તો આપણે હંમેશાં બીજાની ઇચ્છાને અનુસરવું પડે. જે સ્વતંત્ર નથી.

સુખ આત્મામાં છે, એમાં ક્યારેય વ્યભિચાર ન થાય.

એનું નામ છે 'અધ્યાત્મ સાધના'. અધ્યાત્મ સાધના એટલે સુખનું ઉદ્‌ઘાટન થવું. અધ્યાત્મ સાધનાના

બે તબક્કા છે : ૧. વ્યક્તિત્વની શુદ્ધિ, ૨. વ્યક્તિત્વનો વિકાસ.

આપણામાંની અશુદ્ધિઓ જેવી કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ જેવા દોષો દૂર થવા અને વ્યક્તિત્વમાં સાત્ત્વિક ગુણો ઉમેરવા.

શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૪મા અધ્યાયમાં ગુણાતીતનાં લક્ષણો અને ૧૬મા અધ્યાયમાં દૈવી સંપત્તિનું વર્ણન કરવામાં આવ્યું છે.

આપણો વિષય છે : આધ્યાત્મિક સાધનામાં વેદાંત ચિંતન.

સૌપ્રથમ આપણે ક્રોધને સમજવો પડશે અને તે પણ ચિંતનથી સમજવું પડશે. જો તમે આગનો ગોળો બીજા તરફ નાખવા માગશો તો તમારો હાથ તો બળશે જ એ હકીકત છે.

સમજવું પડશે કે ક્રોધ કેમ જન્મે છે? ક્રોધ ઘાસ તો છે નહીં કે ઉખેડીને ફેંકી દેવાય!

ક્રોધનાં કારણ છે : અપેક્ષા, ઇચ્છા. કામનામાંથી ક્રોધ જન્મે છે. એ ચિંતન માગી લે છે. માનીત્વ-માની હોવાનો ભાવ, બધાંએ મારી નોંધ લેવી જ જોઈએ, આવો ભાવ, ઇચ્છા હંમેશાં રહે છે. સામા માણસની અનુકૂળતા હશે ત્યાં સુધી માન આપશે અને જ્યારે એ માન નહીં આપે ત્યારે આપણને ક્રોધ જન્મશે.

કોઈ પણ વ્યક્તિ મૂલ્યનો આદર કરે છે, વ્યક્તિનો નહીં.

વેદાંતની ભાષામાં સમજીએ તો અંતઃકરણની અશુદ્ધિ અને અવિદ્યા, તીવ્ર રાગ-દ્વેષ, ગમા-અણગમાથી મુક્ત થવું પડે.

કર્મયોગ દ્વારા શુદ્ધિ થઈ શકે. કર્મયોગ એટલે ઈશ્વરને પ્રસન્ન કરવા. કર્મયોગ દ્વારા ફળ તો મળશે, પણ એ ફળ ઈશ્વરના પ્રસાદ તરીકે સ્વીકારવું અને ધન્ય થવું. કર્મફળ મળે તે માટે ચિંતન કરવું પડશે. વિચાર કરો. તમે જમવા બેઠા અને મહેમાન આવી જાય તો શું કરશો? ચિંતન કરવું પડશે.

**અજ્ઞાનની નિવૃત્તિ અને જ્ઞાનની પ્રાપ્તિ :**

જે અમૃતત્વ તું શોધે છે, તે તારું જ સ્વરૂપ છે. પણ તે પ્રાપ્તિ માટેની પૂર્વતૈયારી આપણામાં થઈ નથી.

યાજ્ઞવલ્ક્યજી કહે છે, 'હે મૈત્રેયી, આત્માનું દર્શન કરવા માટે પૂર્વતૈયારી કરવી પડે છે. વૈરાગ્ય કેળવવો જોઈએ.'

Love affair દરેકનો પોતાની જાત સાથે જ ચાલે છે, તેમાં બીજી વ્યક્તિ અનુકૂળ થશે તો ગમશે, આનંદ થશે, પણ જો તે નિંદા કરે તો પ્રેમ ટકશે નહીં. આત્માનો અનાદર કરી, તિરસ્કાર કરી વધારે લાંબો સમય સાથે રહી શકાય નહીં.

હું કે આત્મા એક જ એવી વસ્તુ છે, જે સૌના માટે પરમ પ્રેમાસ્પદ છે.

શ્રવણ, મનન, નિદિધ્યાસન દ્વારા આત્માનું દર્શન કરી શકાય.

શ્રવણ એટલે ગુરુવાક્યો, જે કાન દ્વારા સાંભળી શકાય છે.

શાસ્ત્રો કહે છે કે તું પૂર્ણ છે. આપણે અમૃતત્વના સંતાન છીએ. અમૃતત્વની પ્રાપ્તિ એ ફળ છે.

જે અનેક છે તેવું જુએ છે તે મૃત્યુથી મૃત્યુમાં જાય છે.

માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે. ઉત્પત્તિનું કારણ માટીને જાણવાથી તેનાં બધાં સાધન જાણી શકાય. તેવી જ રીતે બ્રહ્મને જાણવાથી તેનાં બધાં જ સાધનોને જાણી શકાય.

મનન દ્વારા અસંભાવનાની નિવૃત્તિ કરવા માટે પણ ચિંતનની જરૂર પડશે.

વેદાંત ઘોષણા કરે છે :

આનંદ તમારું સ્વરૂપ છે. સાચા વિચારથી એ પ્રાપ્ત કરી શકાય. વિપરીત વિચાર દૂર કરવા આનંદ આત્મસાત્ કરવો.

મુંડકોપનિષદમાં શિષ્ય પૂછે છેઃ 'એક વસ્તુના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થઈ જાય એવું શું છે?'

છાંદોગ્ય ઉપનિષદમાં શિષ્ય પૂછે છે, 'એકનું શ્રવણ કરવાથી સર્વનું શ્રવણ થઈ જાય, એકનું મનન કરવાથી સર્વનું મનન થઈ જાય અને એકનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી સર્વનું જ્ઞાન થઈ જાય એવું કઈ રીતે બની શકે?'

કોની પ્રેરણાથી મન વિષયોમાં જાય છે? બધી

ઈન્દ્રિયો જડ છે. આંખોને જોવાની પ્રેરણા આપનાર કોઈ તો હોવું જોઈએ. મન વિષયોમાં જાય છે, એને કોણ પ્રેરણા આપે છે?

જે પ્રેરણા આપે છે તે સ્વયં પ્રકાશિત છે. સપ્રકાશ દેવ છે, આવું ચિંતન થાય છે. તેણે આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.

શ્વેતકેતુ બાર વર્ષ ભણીને આવ્યો ત્યારે અહંકારી થઈ ગયો. પિતા સમજી ગયા, પણ તેમણે પુત્રનો અનાદર નથી કર્યો. તેમણે પુત્રને પૂછ્યું, 'એકને જાણવાથી બધું જાણી શકાય?' તેવું તેં પૂછ્યું હતું? શ્વેતકેતુ મુમુક્ષુ હતો. તેણે પિતાને કહ્યું, 'આપ જ મને જણાવો.'

પિતાએ કહ્યું, 'માટીનો પિંડ પાત્રના રૂપમાં આવી જાય છે. માટીને જાણવાથી બધાં પાત્ર જાણી શકાય.'

સર્જન માટે બે કારણની જરૂર છે. માટી અને કુંભાર. માટી જડ છે, કુંભાર ચેતન છે. માટી દ્રવ્ય છે, કુંભાર સર્જક છે. માટી ઉપાદાન કારણ છે, કુંભાર નિમિત્ત કારણ છે.

જગત જે એકમાંથી બન્યું છે તેને જાણીએ તો બધાંનું જ્ઞાન થઈ જાય.

જગતનું ઉપાદાન કારણ પણ નારાયણ છે, નિમિત્ત કારણ પણ નારાયણ જ છે અને નારાયણ મારું જ સ્વરૂપ છે.

ઉપનિષદ ઘોષણા કરે છે કે આપણા ચિંતન દ્વારા તેને આત્મસાત્ કરીશું તો એને જાણી શકીશું. હરિ ૐ તત્સત્.

## અધ્યાત્મ સાધનાપથ

**૨. વિષય : સ્વાધ્યાય**

**વક્તા : શ્રી પરમાનંદભાઈ ગાંધી**



પૂ. માતાજીનું પ્રવચન સાંભળ્યું તો ઊંડા સાગરમાં ડૂબી ગયા. આપણે રહ્યા સામાન્ય માણસ. ઊંડા પાણીમાં તરતાં આવડે નહીં તો સામાન્ય સાધના કરી શકાય.

સાદી ભાષામાં-અધ્યાત્મ એટલે આપણાં મન-બુદ્ધિને આત્માથી જોવાનો અભ્યાસ કરવો.

આપણી સમજ છે-ખાઓ, પીઓ, મજા કરો. ભગવાને ઈન્દ્રિયો આપી છે અને આપણે મજા કરીએ છીએ, પણ આ આનંદ ટકે છે? મજા મનમાં છે. મન ઠેકાણે હોય તો આનંદ આવે. આપણી સમજણ છે કે વસ્તુમાં, પદાર્થમાં આનંદ છે તે તદ્દન ખોટી વાત છે. મન-બુદ્ધિને ભગવાન તરફ વાળવું તે અધ્યાત્મ.

આપણે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છીએ.

સત્ એટલે જે દેખાય છે.

ચિત્ એટલે જેનું જ્ઞાન છે.

સત્ છે, ચિત્ છે, પણ આનંદ ક્યાં છે?

આપણે આનંદની શોધમાં છીએ. આનંદ પ્રાપ્ત કરવાનો નથી. આનંદ અંદર જ છે. અનુભવવાનો છે. આનંદની શોધમાં આપણી ખોટી દોડ છે. આપણે જે વસ્તુ જોઈતી હોય તે લેવા બજારમાં જઈએ છીએ, પણ આનંદબજાર ક્યાં? તે આવા આશ્રમમાં છે, પણ એમાં તો આપણે આવતા જ નથી.

'અધ્યાત્મ સાધના' શબ્દ આપણને બહુ ભારે લાગે માટે તેની તૈયારી જ નથી.

મારામાં જ આનંદ છે તે સાધુ-સંતો જ બતાવે. આપણે તેમની પાસે જતા જ નથી. આ સમજણ લેવા માટે સ્વાધ્યાય માધ્યમ છે.

સ્વાધ્યાય વગર અધ્યાત્મ માણી જ ન શકાય. સ્વાધ્યાય એટલે સ્વનું અધ્યયન, પોતાની જાતનું અધ્યયન.

સ્વ એટલે અહમ્ (ego) અને ઈચ્છા-એ બંનેનું મિશ્રણ.

આપણે કોઈ દિવસ સ્વનું અધ્યયન શાંતિથી કર્યું? સવારથી ઊઠીને Fast Life. સવારથી ચાનું અધ્યયન, પછી ઓફિસ, ઘર, ઊંઘી ગયા. ચોવીસ કલાકમાં કશું જ અધ્યયન કર્યું નથી.

આપણે ઘણીવાર Window Shopping કરીએ છીએ. જાણીએ છીએ કે ખરીદવાનું આપણું ગજું નથી. આપણે આવા સ્થાને પણ નવરા પડીએ ત્યારે Window Shopping કરીએ છીએ, પણ પછી નક્કી કરી લઈએ છીએ કે આપણું ગજું નથી. આપણા

ચોવીસ કલાકના સમયમાં સ્વનું ક્યાંય અધ્યયન નથી. સ્વનું ચિંતન કરીએ તો ચોક્કસ મજા મળી શકે. આપણે મેચ જોતા હોઈએ તો પણ એકાગ્ર થઈને જોઈએ છીએ, પરંતુ આ એકાગ્રતાને અંદર તરફ લઈ જવાની છે.

આપણે ભોગ ભોગવવા ઇચ્છતા હોઈએ તો પણ disturbance નથી જોઈતું તો પરમોચ્ચ આનંદ મેળવવા માટે પણ એકાંત જોઈએ-સ્વમાં જવું પડે.

બ્રહ્માનંદ સાચો આનંદ છે.

મન-બુદ્ધિને એ તરફ લઈ જવું પડે.

એ સ્વ-અધ્યયનથી જ શક્ય બને.

ઉપનિષદ સુંદર કહે છે-

'પ્રત્યેક ક્ષણે સ્વાધ્યાયની આવશ્યકતા છે.'

મનને ઈશ્વરાભિમુખ કરવાનું છે તેવો સંકલ્પ કરવો, ભાવ કરવો.


જે આનંદ પ્રાપ્ત કર્યા પછી કશું જ પ્રાપ્ત કરવાનું રહેતું નથી.

સ્વનું અધ્યયન એટલે હું કોણ છું? હું ક્યાંથી આવ્યો? જીવનનો હેતુ શું છે? એ વિશિષ્ટ હેતુ કઈ રીતે સિદ્ધ થઈ શકે?

**અધ્યાત્મ સાધનાપથ**

**૩. વિષય : જપ**

**વક્તા : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ**



નમો નારાયણ.

પ્રભુના કોઈ પણ એક નામના સતત ઉચ્ચારણને જપ કહેવાય.

ઈશ્વરના નામનું વિશેષ ગાયન એટલે જપ.

ૐ નમઃ શિવાય

ૐ નમો નારાયણાય

ૐ શ્રી રામાય નમઃ

ૐ નમો ભગવતે વાસુદેવાય

મહામૃત્યુંજય મંત્ર

ગાયત્રી મંત્ર

આ મંત્રોનું જે-તે દેવી-દેવતાની પ્રશસ્તિ માટે સતત ઉચ્ચારણ તે જપ છે. તેની સાથે વિવિધ શક્તિ જોડાયેલી હોય છે. ગુરુદ્વારા દીક્ષિત થઈને મંત્ર કરીએ છીએ તો તેમાં ગુરુકૃપા જોડાય છે. ગુરુ પાસેથી મંત્ર લેવાથી ગુરુ જવાબદાર થાય છે, તેમાં ગુરુની શક્તિ હોય છે.

ઋષિ-મુનિઓએ પોતાની સાધનામાં મંત્રનું અવતરણ થયેલું જોયેલું. દરેક મંત્રના અલગ-અલગ ઋષિ, છંદ હોય છે. છંદ પ્રમાણે મંત્ર બોલવાથી છંદની શક્તિ પણ પ્રાપ્ત થાય છે. ગુરુ, ઋષિ, છંદ એ ઉપરાંત દરેક મંત્રના ઈષ્ટ હોય છે. ઈષ્ટની શક્તિ પણ તેમાં લાગે. એ ઉપરાંત જે જે ભક્તોએ તે સિદ્ધ કરેલા છે તેની શક્તિ પણ મળે.

કૃપા ચાર પ્રકારની છે : ગુરુકૃપા, ભગવત્‌કૃપા, શાસ્ત્રકૃપા અને આત્મકૃપા.

દરેક મંત્ર સાથે ગુરુકૃપા, ભગવત્‌કૃપા, શાસ્ત્રકૃપા તો છે જ, પરંતુ આત્મકૃપા તો જેટલા મંત્ર અંદર જાય તેટલી શક્તિ અંદરથી પ્રગટ થાય. મંત્રની શક્તિ મહાન છે.

આપણને એક શબ્દ આનંદ આપે છે તો બીજો શબ્દ દુઃખ આપે છે. સામાન્ય શબ્દ પણ આપણને અસર કરે છે તો મંત્ર-શબ્દબ્રહ્મ કહેવાય, તેમાં કેટલી શક્તિ હશે?

અધ્યાત્મ સાધનાપથમાં જપની આવશ્યકતા શું છે?

જીવનમાં પવિત્ર ચરિત્ર, નિર્મળ હૃદય, છળકપટ વગરના જીવનની આવશ્યકતા છે. તે આધ્યાત્મિક જીવન છે.

કેમ કરીને સહજ થઈ શકાય?

રૂમનાં બારી-બારણાં ખોલવાથી ઠંડી હવા અંદર આવી તો આપોઆપ ગરમ હવા બહાર ગઈ.

રૂમમાં ગંદી વાસ છે તો રૂમ-ફ્રેશનર છાંટ્યું તો સુગંધ આવે છે.

તેવી જ રીતે દંભ, છળકપટ કાઢવાની જરૂર નથી. અંદર સારું લાવો. રોજ વિચારો-બીજાનું કલ્યાણ થાવ, શુભ થાવ. તેનાથી તમારું કંઈ નુકસાન નથી. ઉપરથી શક્તિ વધે છે.

જપની અપાર શક્તિ છે. જપ વધવાથી લોભ, મોહ, ક્રોધ જાય. જીવન નિર્મળ થાય. સહજ થાય.

Think Positive, Rest will follow.

પિંગલા નામની ગણિકાને કોઈએ પોપટ ભેટ આપ્યો. પોપટ 'રામ રામ' બોલતો હતો. તે સાંભળીને ગણિકાને સમાધિ લાગતી, જેનાથી તે ભવસાગર તરી ગઈ.

શ્રીશ્રી મા આનંદમયી મા કહેતાં કે મુખમાં મિસરી રાખવી. સતત પરમાત્માનું સ્મરણ રાખવું. પછી ઈશ્વર જ આપણું કામ કરશે.

અધ્યાત્મ સાધનાપથમાં જપની આવશ્યકતા પરમાત્મા ભણી કેવી રીતે જઈ શકાય. નિષ્કપટ નહીં હોઈએ તો નહીં જવાય. ભગવાન કહે છે કે તેમને છળ-દંભ બિલકુલ પસંદ નથી.

જપ માટે કંઈ પણ મુશ્કેલ નથી. વાલિયા લૂંટારાને 'રામ રામ' બોલતાં બોલતાં પરમાત્માનું દિવ્ય દર્શન થઈ ગયું.

- જપમાં શ્રદ્ધા જોઈએ.
- જપમાં વિશ્વાસ જોઈએ.
- ગુરુ પ્રત્યે અનન્ય નિષ્ઠા જોઈએ.
- ગુરુમાં અખૂટ શ્રદ્ધા જોઈએ.
- ગુરુ અને ઈશ્વર અલગ નથી એવું સમજવું પડે.

સંસારમાં બધાંની વચ્ચે ગુરુ સાથેનું તાદાત્મ્ય જાળવી રાખો. એક હાથથી સંસારનાં કામ અને બીજા હાથથી ગુરુનાં ચરણ પકડો. ગુરુમાં નિષ્ઠા, શરણાગતિ, વિશ્વાસ અને ઈશ્વરમાં અખૂટ શ્રદ્ધા સાથે જપ કરવાથી ઈહલોક અને પરલોકનું સુખ પ્રાપ્ત થશે.

જો તમે કોઈ હેતુ સાથે પુરશ્ચરણ કરતા હો તો નિયમ પાળવા પડે, પરંતુ સ્વાન્તઃ સુખાય માટે જપ સાધનામાં કોઈ નિયમ નથી. કોઈ પણ સમયે, કોઈ પણ સ્થિતિમાં કરી શકાય.

જપનું તાત્પર્ય છેઃ સૌનું કલ્યાણ થાવ, સૌનું શુભ થાવ, સૌનું મંગલ થાવ.

પરમાત્માનું નામ-સદા નિરંતર હરિગુણ ગાવનો આશ્રય ભવસાગરની નૌકા પાર કરવા માટે છે. પરમાત્માના નામનો જપ કરતાં તમે પરમાત્મા સ્વરૂપ થઈ જશો. નામ જપવામાં પ્રમાદ ન કરો.

તમે જાણીને આગમાં હાથ નાખો કે અજાણતાંથી આગમાં હાથ જાય તો તે દાઝવાનો તો છે જ. એવી જ રીતે તમે પ્રેમથી જપ કરો કે ભયથી કરો કે યંત્રવત્ કરો પણ તેની અસર થવાની જ છે.

આ પ્રાદેશિક સંમેલનમાં ગાંઠ વાળીને જજો કે ગુરુ દ્વારા મળેલા મંત્રમાં પ્રમાદ કરશો નહીં, એટલું જ સત્ય છે. ૐ શાંતિ.

**અધ્યાત્મ સાધનાપથ**

**૪. વિષય : ધ્યાન**

**વક્તા : મહામંડળેશ્વર શ્રી સ્વામી અદ્વૈતાનંદજી મહારાજ**



આજનો આપણો વિષય છે : અધ્યાત્મ સાધનાપથ પર ધ્યાનની વિશેષતા, ઉપયોગિતા.

બ્રહ્મ - અક્ષર જ બ્રહ્મ છે. આ અક્ષરને જ અધ્યાત્મ કહે છે.

ૐ, તત્, સત્ બ્રહ્મ છે. સ્વભાવ જ અધ્યાત્મ છે. સ્વભાવના બે પ્રકાર છેઃ

૧. સ્વસ્ય ભાવ : સ્વભાવ :

૨. સઉપાધિક સ્વભાવ

પરમાત્માના બે પ્રકાર છે : ૧. મૂર્ત, ૨. અમૂર્ત

કંઈક પ્રાપ્ત કરવા માટે અભ્યાસ, સાધના જરૂરી છે. અભ્યાસથી જ મનશુદ્ધિ, ચિત્તશુદ્ધિ થાય છે. તેના વગર નિગ્રહ, નિશ્ચય, નિષ્ઠા શક્ય નથી. તેના વગર પ્રાપ્તિ નથી. સાધના અધિકારી, યોગ્યતા, સંસ્કાર, દેશ, કાળ સાથે જોડાયેલી છે.

સાધનાના બે પ્રકાર છે :

૧. બહિરંગ સાધના, ૨. અંતરંગ સાધના.

બહિરંગ સાધનામાં પ્રેમ નિર્માણ થાય છે. અંતરંગ સાધનામાં જ્ઞાન નિર્માણ થાય છે.

આ અધ્યાત્મ તરફ જવાનો રસ્તો છે. સાધનાનું લક્ષ છે. અધ્યાત્મ માર્ગ છે, સાધ્ય નથી.

અધ્યાત્મ સાધનાના પથ પર નિષ્ઠા બે પ્રકારની છે : ૧. કર્મનિષ્ઠા, ૨. જ્ઞાનનિષ્ઠા

આ માર્ગ પર આરૂઢ થવા માટે ચાર આશ્રમ છે : ૧. બ્રહ્મચર્ય, ૨. ગૃહસ્થ, ૩. વાનપ્રસ્થ, ૪. સંન્યાસ.

જેમાં બ્રહ્મચર્ય અને ગૃહસ્થ આશ્રમ પ્રવૃત્તિ માર્ગ છે.

વાનપ્રસ્થ આશ્રમમાં થોડી પ્રવૃત્તિ, થોડી નિવૃત્તિ છે.

સંન્યાસ આશ્રમ એટલે નિવૃત્તિ માર્ગ.

પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં જે સાધન દ્વારા જઈ શકાય તેને ધ્યાન કહે છે.

આપણે બે પ્રકારનાં કર્મ કરીએ છીએ : ૧. સકામ કર્મ, ૨. નિષ્કામ કર્મ.

નિષ્કામ કર્મ કરવાથી ઉપાસનામાં જઈશું. ધ્યાન વગર નિષ્કામતા આવશે નહીં. કામનારહિત થઈશું તો શુદ્ધ થઈશું. અહીં ધ્યાનનો અર્થ શુદ્ધિ છે.

મનુષ્ય કોટિમાં જીવના ત્રણ પ્રકાર છે :

૧. પામર, ૨. વિષયી, ૩. જિજ્ઞાસુ.

- પામર કોટિના જીવનો સ્વભાવ છે માત્ર પ્રાપ્ત કરવું. એ ખાવા માટે જીવે છે. ભોગ એમના માટે પરમેશ્વર છે.

- વિષયી કોટિના જીવ વિષય તરફ દોડે છે, વિષયોને ભોગવીને ભોગી બને છે.

- જિજ્ઞાસુ કોટિના જીવ ખાવા માટે નહીં, પરંતુ જીવવા માટે ખાય છે. તે કંઈક પ્રાપ્ત કરવા ઇચ્છે છે, કંઈક જાણવા ઇચ્છે છે તે માટે શરીરની આવશ્યકતા છે. માટે શરીરની રક્ષા માટે તે ખાય છે, તે યોગી છે.

પ્રેમ આત્માનું સ્વરૂપ છે. એ દૃશ્ય વસ્તુ નથી. અનિર્વચનીય છે. પ્રેમ બહિરંગ છે. પ્રેમની ઉત્પત્તિ બે વસ્તુના સંબંધથી થાય છે.

ધ્યાનથી યોગ થાય છે.

- સાકારમાંથી નિરાકારમાં છલાંગ લાગે છે.

- પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં પ્રવેશ કરીએ છીએ.

- જે અંતઃકરણ સાથે સંબંધ જોડી દે છે તે ધ્યાન છે.

સુખ-શાંતિ ભોગમાં નથી. ભોગથી રોગ આવે છે, ભોગમાં સુખ દેખાય છે પરંતુ વાસ્તવમાં સુખ હોતું નથી. ભોગનો અર્થ સુખ નથી. ભોગનો અર્થ છે-ભય, રોગ.

જે ભોગ તમને ભોગી નહીં, ત્યાગી બનાવે, યોગી બનાવે તે ભોગને શાસ્ત્રો ભોગવવા યોગ્ય કહે છે.

સંભોગનો અર્થ છે કે સત્યની સાથે અંતઃકરણનો સંબંધ સ્થપાઈ જવો. જે અંતઃકરણનું આત્માની સાથે ધ્યાન કરાવે છે તેના માટે તૈયારી જોઈએ.

વેદાંતશાસ્ત્રમાં ધ્યાનનો અર્થ છે-ચિંતન. વારંવાર વિચારવું. ચિંતનમાં ત્યાગ હોય, બાધ હોય. ત્યાગ એટલે પરમાત્માની વસ્તુ પરમાત્માને સોંપી દેવી. બાધ એટલે આ સત્ય નથી એવી પ્રતીતિ કરી બાધ (આવરણ)ને દૂર કરતાં જવું. અંતે આત્મા જ સત્ય છે તે પ્રતીતિ થશે.

- ચિત્તની એકાગ્રતાનું નામ ધ્યાન છે.

- મનને નિર્વિષય કરવાનું નામ ધ્યાન છે. ધ્યાન પ્રક્રિયા પણ છે, પ્રકરણ પણ છે, પ્રમેય પણ છે.

- સ્વની પ્રાપ્તિ માટે ધ્યાન એક અંગ છે. બુદ્ધિ વિશુદ્ધ થવાથી ધ્યાન આપોઆપ થઈ જાય છે.

- ધ્યાન ધ્યાતાને ધ્યેય સાથે એક કરી દે છે.

- ધ્યાન વગર જીવ બ્રહ્મ થઈ શકતો નથી. ભક્ત ભગવાન બની શકતો નથી.

- ધ્યાન સુખનું સાધન છે.

- ધ્યાન બ્રહ્મ સાથે એકાત્મતા સાધવાનું સાધન છે.

- ધ્યાન જીવન-મૃત્યુથી મુક્ત થવાનું સાધન છે.

## અધ્યાત્મ સાધનાપથ
## ૫. વિષય : મૌન-એકાંત
## વક્તા શ્રી સ્વામી અસંગાનંદજી મહારાજ



હરિ ૐ તત્સત્. આજના પાવન પ્રસંગે આપ સૌ ઉપસ્થિત છો તે માટે અભિનંદન આપું છું. પૂ. સ્વામીજીના ખૂબ સરસ સ્વાસ્થ્ય દીર્ઘાયુ માટે હૃદયથી પ્રાર્થના કરું છું.

અધ્યાત્મ પથમાં આગળ વધવાનું તાત્પર્ય છે કે હું આનંદ, સુખ માટે બહારની નિર્ભરતાથી મુક્ત થતો જઉં છું અને હૃદય પર વધારે નિર્ભર થતો જઉં છું. બહારથી અંદર પામવા લાગું છું. માત્ર સુખ અને આનંદ માટે નહીં, કોઈ પણ વિષયનું જ્ઞાન પણ અંદરથી પ્રાપ્ત કરી શકાય છે. અંદરના આત્મપ્રકાશ પર નિર્ભર રહેવું.

બહારનાં કોઈ પણ કામ ઇન્દ્રિયો કે મિકેનિઝમથી થઈ શકે છે પણ તે અંદરની શક્તિથી થઈ શકે છે. દરેક કર્મની છેલ્લી ઇચ્છા આનંદ છે. જે કર્મમાં સુખ નથી તે આપણે છોડી દઈએ છીએ. બધાંનું અંતિમ લક્ષ્ય આનંદ છે. ઋષિઓ કહે છે : અંદરના તત્ત્વને જાણ્યા વગર કોઈને આનંદ મળવાનો નથી.

તે એક છે, જે સૌને વશમાં રાખે છે. એક હોવા છતાં અનેકમાં વિભક્ત થયો છે. જે આત્મસ્થ ને હૃદયસ્થને જાણે છે તે જ સાચો આનંદ પ્રાપ્ત કરે છે. હૃદયરૂપી ગુફામાં માત્ર બ્રહ્મ છે. 'હું હું હું'ની પ્રતીતિ, અભિવ્યક્તિ છે તે શરીર, મનની નથી, ચેતનાનો અનુભવ છે. ચિંતન, મનન, ધ્યાનથી હૃદયરૂપી ગુફામાં પ્રવેશ કરો અને આત્મસ્થ થાવ. એ સિવાય કોઈ પણ ઉપલબ્ધિથી શાશ્વત સુખ પ્રાપ્ત થવાનું નથી. એક ખૂબ ધનિક વ્યક્તિ કહે છે-

'મને હજી કંઈ ખૂટતું હોય તેમ લાગે છે,' કારણ કે તેણે તે તત્ત્વને જાણ્યું નથી. રમણ, મહાવીર ખૂટે છે તેમ નહીં કહે, જેમણે એ તત્ત્વને જાણ્યું છે.

બહારનાં સુખદુઃખની છાયા સાથે છે. એ દુઃખ સાથે મિશ્રિત છે. દુઃખની શક્યતા એની સાથે એટલી જ છે. વસ્તુ સાથે ભય, રાગ, દ્વેષ પણ આવતાં હોય છે. આપણે હંમેશાં શુદ્ધ સુખની અપેક્ષા રાખીએ છીએ પણ તે ક્યાં છે તે તરફ આપણું ધ્યાન જ જતું નથી. ઇચ્છા મુજબ જે મળે તે સાચું જ હોય એવું જરૂરી નથી.

સ્વપ્નમાં સુખ જાગ્રત કરતાં વધારે પ્રબળ હોય છે. કોઈ પણ મનોભાવ સ્વપ્નમાં વધારે પ્રબળ હોય છે. સુષુપ્તિ (ગાઢ નિદ્રા)માં કોઈ પણ વસ્તુ હોતી નથી. ત્યાં માત્ર સુખ હોય છે. સુષુપ્તિમાં આનંદ સિવાય કશું જ હોતું નથી. તે વખતે નથી સંસાર, મન, શરીર, ઇન્દ્રિયો કશું જ હોતું નથી. માત્ર આત્મા હોય છે.

બધાંનો ત્યાગ થઈ જાય છે ત્યારે આનંદ સિવાય કંઈ નથી. ત્યાગતાં ત્યાગતાં એક સ્થિતિ એવી આવે છે જ્યાં ત્યાગ નથી થઈ શકતો. ત્યાં આનંદ છે. જાગ્રતમાં જે સુખ મળે છે તે સુખ ખરેખર તેના ત્યાગથી મળતું હોય છે. ઇચ્છાવિહીન દશામાં, નિર્વિચાર દશામાં આનંદ સ્પષ્ટ થઈ જાય છે.

જેમ સમુદ્રમાં બધી જ નદીઓ વિલીન થઈ જાય છે તેમ જેની બધી જ ઇચ્છા વિલીન થઈ જાય છે, તેને સુખ મળે છે. કામનાઓથી સભર વ્યક્તિને સુખ મળતું નથી.

સૃષ્ટિમાં વિવિધતા છે, પરંતુ એ વિવિધતાની વચ્ચે એક જ તત્ત્વ છે. સૂક્ષ્મમાં જતાં ગુણો વિલીન થતા જાય છે. પરમતત્ત્વ એક જ તત્ત્વ છે. આ અનંત શક્તિ ગુણને લઈને નિર્ગુણ છે, નિરાકાર છે, નિષ્ક્રિય છે.

એકાંતનો અર્થ છે કે મારું મન એવી સ્થિતિ સાથે એકરૂપ થઈ ગયું.

જ્ઞાની પુરુષને પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં અંદરની સ્થિતિમાં કોઈ ફેર પડતો નથી. એક તત્ત્વમાં જે છે તેને આનંદ છે, પણ એ સ્થિતિ પ્રાપ્ત કરવાની શરૂઆત એકાંતથી થાય છે, એકાંતમાં જવું પડે.

સિદ્ધ પુરુષને નિજાનંદ, ધ્યાન, નિર્વિચાર અવસ્થા સહજ હોય છે. સાધકને પ્રયત્ન કરવો પડે, માટે એકાંતમાં જવું પડે.

એકાંતનો અર્થ શૂન્ય હોય તેવું નથી. ઘરમાં એકાંત નહીં થાય. શક્ય નથી. જે વાતાવરણમાં આપણે રહીએ છીએ, વિચારો ત્યાંથી શરૂ થાય છે. એકાંતનો અર્થ જ્યાં મારી કોઈ પરિચિત વ્યક્તિ નથી. એકાંત ગાળવાથી ઇન્દ્રિયોને અંદર ખેંચી શકાય. કર્તવ્ય, જવાબદારી નિભાવવા માટે એકાંત જોઈશે.

કવિને કવિતા ક્યારે જન્મતી હોય છે? સંગીતકારને સંગીત ક્યારે જન્મે છે? લેખકને નવી રચના ક્યારે આવે છે? નવા નવા વિચાર ક્યારે આવે? જ્યારે મન શાંત થશે, એકાંતમાં જશે ત્યારે. સંસારમાં સફળતા માટે પણ એકાંત જોઈશે. વિશ્રામ અનિવાર્ય છે. શક્તિને વધારવા, સંગ્રહિત કરવા એકાંત જરૂરી છે. જાગવા કરતાં ઊંઘ વધારે અનિવાર્ય છે, પણ ઊંઘની કોઈ કિંમત નથી. જો રિલેક્સ રહીને પણ જો આનંદ લઈ શકાતો હોય તો આપણી પાસે તો જીવનની ચોક્કસ દિશા છે. આપણી અનુપસ્થિતિમાં પણ વ્યવહાર થઈ શકતો હોવો જોઈએ.

નરેન્દ્રને વિવેકાનંદ કયો પ્રશ્ન પૂછે છે?

પરમાત્મા છે તે મળી શકે?

નરેન્દ્રએ એવો વિચાર નહોતો કર્યો કે હું ગરીબોની સેવા કરીશ, સામાજિક કાર્ય કરીશ. પોતાના બોધ પછી જ બીજાની સેવા થઈ શકે. પછી તે નિષ્કામ સેવા છે, એમાં અહંકાર નથી.

મૌનથી વાણીના સંબંધથી ઉદ્ભવતા વિચારો બંધ થશે. જો ઇન્દ્રિયો બહાર કામ કરતી બંધ થઈ જાય અને હું જાગૃત હોઉં તો એ ઇન્દ્રિયોમાં અલૌકિક શક્તિઓ પ્રગટ થાય છે.

મૌન વાણીનું જ નહીં, ઇન્દ્રિયોનું મૌન હોય, શરીરનું મૌન હોય, પૂર્ણ મૌન એ જ બોધ છે.

## અધ્યાત્મ સાધનાપથ માટે ભગવદ્ગીતાનું ચિંતન (તા. ૩૦-૪-૨૦૧૩)

**શ્રી સ્વામી વિદિતાત્માનંદજી મહારાજ (અધ્યાત્મવિદ્યામંદિર, તત્ત્વતીર્થ, અમદાવાદ)**



આજનો આપણો વિષય છે : ''અધ્યાત્મ સાધનપથ માટે ભગવદ્ગીતાનું ચિંતન.'' આ અધ્યાત્મ એટલે શું? આત્માનો વિકાસ એટલે શું? આત્મા તો નિત્ય છે, શુદ્ધ બુદ્ધ, અજર-અમર અવિનાશી છે. સચ્ચિદાનંદ છે, તેને વળી વિકાસની શી આવશ્યકતા? ખરેખર આપણે સૌ પૂર્ણ જ છીએ. સચ્ચિદાનંદ સ્વરૂપ છીએ તો વિકાસ કોનો કરવાનો? આ વિષયને થોડી શાંતિ અને સ્વસ્થતાથી સમજવાની જરૂર છે. શાસ્ત્રો કહે છે, તત્ત્વમસિ, તું બ્રહ્મ છે, તું પૂર્ણ છે, તું નિત્ય મુક્ત છે, તું શુદ્ધ છે, તેને જાણવાનું, સમજવાનું અને અનુભવવાનું. અહમ્ બ્રહ્માસ્મિ. આ વૈદિક વાઙ્મય સત્ય છે, પરંતુ આપણા સૌનો વ્યક્તિગત અનુભવ ભિન્ન ભિન્ન છે. શાસ્ત્રો ઉપદેશ કરે છે કે તું પૂર્ણ છે, આપણો અનુભવ છે, હું અપૂર્ણ છું. હું અલ્પતા, તુચ્છતાનો અનુભવ કરું છું. હું સતત પીડાઈ રહ્યો છું. આ અલ્પતાની લાગણીથી હું દુઃખી છું. મારી વિસાત શી? અરેરે! મારી શક્તિઓ મર્યાદિત છે. આમ, આપણો આપણી જાત માટેનો વિચાર કે ખ્યાલ શાસ્ત્ર ઉપદેશથી સંપૂર્ણપણે વિપરીત જ છે. ઉપનિષદ આપણને કહે છે, તું પૂર્ણ છે. આપણી સમજ છે, હું અપૂર્ણ છું. ઉપનિષદ કહે છે, 'વિજ્ઞાનં આનંદં બ્રહ્મ' જ્યારે આપણે અનુભવીએ છીએ, હું દુઃખી છું. ઉપનિષદ કહે છે, તમો નિત્ય મુક્ત છો અને આપણી સમજણ અનુભવે છે, હું તો પરવશ છું. બંધનમાં છું, લાચાર છું, અસહાય છું, હું અધૂરો છું, અપૂર્ણ દુઃખી છું.

ચાલો ભઈ! આ પરવશતા, દુઃખીપણું. પોતાની જાત માટેની અલ્પતાની લાગણીને માટે કારણ શું? માણસજાત જો પોતાની પરવશતાને પ્રેમથી સ્વીકારતી હોય તો કોઈ પ્રશ્ન જ નથી. દરેક મનુષ્યની પોતાની સમસ્યાનો એક પ્રશ્ન છે. આ એકમાંથી અનેક પ્રશ્નોની વણજાર ઊભી થાય છે. હું મારાથી જ નાખુશ છું. મારા જીવનનો અસંતોષ હું કેમ જીરવી શકું? મારી જાતનો અનાદર, આત્માની ઉપેક્ષા, અસ્વીકાર, આ પ્રકારની આંતરિક લાગણીથી આપણે પીડાઈએ છીએ. અમારા સ્વામીજી કહે છે, You are the problem and you are the solution. અત્યારે આપણા જીવનની કોઈ સૌથી મોટી સમસ્યા હોય તો તે આપણે જ છીએ.

દુર્ભાગ્યે આપણે સમજીએ છીએ, મારી સમસ્યા મારા સાહેબને કારણે છે, મારા પતિ, મારાં પત્ની, મારાં છોકરાં, આ અમારી સરકાર આ બધાં વગેરે વગેરે... આપણને દુઃખ આપનારાં છે! ખરેખર એવું નથી. અમારા સ્વામીજી કહે છે, 'ભઈ! તમે દુઃખી શા માટે છો? (૧) ત્રણ મહિનાથી મારા ઘરેથી કાગળ નથી. (૨) આજે મારા ઘરેથી પત્ર આવ્યો છે. (૩) મારાં લગ્ન થતાં નથી. (૪) મારાં લગ્ન થઈ ગયાં છે. (૫) લગ્ન તો થયાં પણ સંતાન નથી. (૬) અરે! આ સંતાનોથી તોબા!

તમને પણ SMS આવતા હશે, થોડી વિનોદવાર્તાઓના! મને પણ એક SMS મળ્યો છે, 'એક માણસ દાંતના ડોક્ટર પાસે ગયો. ડોક્ટર કહે, 'શું સમસ્યા છે?' માણસ : 'સાહેબ જુઓને, મારા દાંત તૂટી ગયા છે.' 'કેમ ભઈ! કેમનું થયું.' 'સાહેબ! મને પરણ્યાંને પંદર વર્ષ થયાં. મારાં પત્નીએ પહેલી વાર સુખડી બનાવી.' 'તે સુખડી અને દાંતને શું સંબંધ!'

'સાહેબ, સુખડી દાંતથી ભાંગે તેવી ન હતી.' 'જો તમે સુખડી ખાધી જ ન હતી તો દાંત કેમ તૂટ્યા?' 'સાહેબ! ન ખાધી એટલે જ તો ઘરવાળીએ દાંત તોડી નાખ્યા.'

આપણી સમસ્યા વ્યક્તિ, સંજોગો, સ્થળ, ગ્રહોને કારણે છે તેવું માનવાનું કોઈ કારણ નથી. બિચારા ગ્રહો તો વગર વાંકે વગોવાઈ ગયા છે. શનિની તો આપણે જ દશા ખરાબ કરી નાખી છે. આખુંયે જગત ગ્રહોની પાછળ પડ્યું છે, પરંતુ ખરેખર હકીકત શું છે? મારા માટે દુઃખનું કારણ કોણ? તું જ છે. શા માટે? આ વાતને પણ સમજવી પડશે. આ જે આપણી સમજણ છે, હું અસહાય છું, પરવશ છું, અલ્પ છું, મને અસંતોષ છે, આ બધાં દુઃખનાં કારણ છે. મૂળ કારણ એ કે જે નથી જોઈતું તે થાય છે, જે જોઈએ છે તે થતું નથી. નિરાશા, નિષ્ફળતા આ બધું અપેક્ષાઓ અને ઉપેક્ષાઓથી થાય છે.

બધાં દુઃખનું મૂળ આપણી અપેક્ષાઓ છે. આપણી અપેક્ષાઓ બીજા લોકો પાસે છે, તેથી કંઈએ વિશેષ આપણી અપેક્ષાઓ આપણે આપણી પોતાની જાત ઉપર રાખીએ છીએ. તમો શું ઇચ્છો છો? હું સફળતા, સ્વતંત્રતા, પૂર્ણતા ઇચ્છું છું. આપણે જાણતા નથી કે આપણને ખબર નથી. વિચાર કરો. તમો તમારી જાતને પ્રેમ કરતાં શીખો. જગતને પ્રેમ બહુ કર્યો. થોડો પોતાની જાતને પ્રેમ કરો. પાંચ મિનિટ શાંતિથી બેસો. બધી ગરબડની ખબર પડી જશે. આપણી શાંતિ જ આપણી અંદરનો અજંપો ઊભો કરે છે. મારામાં ખામી, અધૂરપ, ત્રુટી, સફળતા કેમ ન મળે? મારું ધાર્યું જ થવું જોઈએ. દુનિયા મને સફળ કહે છે, હું મારી જાતને દેખી શકું છું કે હું ઊણપભર્યો છું. હું જાણું છું કે હું નિષ્ફળ ગયો છું. હું સ્વર્ગમાં નથી ગયો, પણ મને સ્વર્ગની ઇચ્છા તો હોય જ ને? સંપત્તિ, કીર્તિ, સત્તા, પ્રતિષ્ઠા, ખ્યાતિ આ બધું હું ઇચ્છું છું. આમાંનું મારી પાસે કંઈ નથી, તેથી તો હું દુઃખી છું. આપણી એક મૂળભૂત ઇચ્છાનું સમાધાન સંતોષમાં છે. સંતોષ થવો જોઈએ. ઇચ્છાઓ અનેક છે. અગણિત ઇચ્છાઓ છે. બધી ઇચ્છા જન્મે છે તેની પાછળ એક સરળ ઇચ્છા છે, 'હું સ્વસ્થ રહું, હું સંતોષી રહું. મારે મારી જાતનો સ્વીકાર કરવો જોઈએ. મારે મારી સાથે મારો હિસાબ ચોખ્ખો કરવો પડે. Settling account with the self !'

અધ્યાત્મ વિકાસનું આ પ્રથમ ચરણ છે.

અધ્યાત્મ વિકાસની મારી વ્યાખ્યા એવી છે કે આંતરિક અપૂર્ણતામાંથી મુક્તિ. આ જ બધા શોકનું કારણ છે. અધ્યાત્મ વિકાસપથે ગીતાના ચિંતનનો પ્રથમ ઉપોદ્‌ઘાત એટલે ગીતાનો પ્રથમ અધ્યાય, વિષાદયોગ. તં તથા કૃપયાવિષ્ટમશ્રુપૂર્ણાકુલેક્ષણમ્ । વિષિદન્તમિદં વાક્યમુવાચ મધુસૂદનઃ ॥ (ગીતાઃ ૨ઃ૧) એવું નથી કે અર્જુનને યુદ્ધવિદ્યાની ખબર નથી. અરે! મારે મારા પ્રિયજનોને મારવાના? આમાંનું કંઈએ નથી. દુઃખી થવાનું કારણ તેનો પોતાનો સ્વભાવ છે, માટે જ શ્રીકૃષ્ણ કહે છે :

અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥ (ગીતાઃ ૨ઃ૧૧)

જેનો શોક કરવાનો નથી, તેનો તું શોક કરે છે, શોક તો તે પોતાના માટે જ કરે છે. અરે! આ બધાં ન હોય તો પછી મારું શું થશે? મારી અપૂર્ણતાનું કેન્દ્ર જ અહીં છે. મૂળભૂત દુઃખ સમજાય તો જ ઉકેલ આવી શકે.

પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે! વાતો તો ડાહ્યો હોય તેવી કરે છે, ફરી તને શોક શેનો? 'ઓહો! હું હત્યારો બનીશ, પાપ થશે, એકલો થઈ જઈશ.'

ભગવદ્‌ગીતા આત્માના ઉપદેશથી જ પોતાની વાતનો પ્રારંભ કરે છે,

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥ (ગીતા ૨ઃ૨૩)

અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે । (ગીતાઃ ૨ઃ૨૦)

આપણે આપણા અજ્ઞાનથી જ દુઃખી છીએ.

આ અજ્ઞાનના બે અંશ છે : એક આવરણ અને બીજું વિક્ષેપ.

આપણે કોણ છીએ તે ન જાણવું તે આવરણ. આપણે જે નથી તે જ આપણે છીએ તે વિરુદ્ધ જ્ઞાનનું નામ વિક્ષેપ.

આ ભાગવતની ભક્તિ કરનારા, કથા કરનારા અને શ્રોતાઓ અમારા વેદાંતની વાતોને કહે કે આ શું? વેદાંતીઓ ઘટ પટ ઘટ પટને છોડતા નથી. રજ્જુ સર્પ રજ્જુ સર્પ આ શબ્દો વગર વેદાંતની વાત જ ન થાય. અરે! અમારા કૃષ્ણને જુઓ. તેણે 'ઘટ' ફોડી નાખ્યો. પટ-ચીરહરણ કર્યું. રજ્જુ-દોરડીમાં તે બંધાયો જ નહીં અને સર્પ! કાળીનાગને નાથી તેના ઉપર કનૈયો નાચ્યો. બસ, વાત પૂરી. આ શું વળી ઘટ પટ ઘટ પટ.

આ થોડી વિનોદની વાત થઈ. બાકી આ રજ્જુ અને સર્પ આ બે શબ્દોમાં આપણા ઋષિમુનિઓએ મહાન તથ્ય અને સત્યને મૂર્તરૂપે સમજાવ્યું છે. બે અંશ, એક તો રજ્જુને દોરડાના રૂપે જાણતા નથી, તેને રજ્જુ જ જાણીએ છીએ અને બીજું દોરડાને સર્પ છે તેવું જાણીએ તેટલે જ વિક્ષેપ. આપણે આપણી જાત વિશે જ અજ્ઞાત છીએ. આ થયું આવરણ. હું પૂર્ણ છું. હું કે મને દુઃખ-શોક સ્પર્શતાં નથી. હું આનંદસ્વરૂપ છું, બ્રહ્મસ્વરૂપ છું, ચૈતન્યસ્વરૂપ છું, આટલું સમજાય તો પણ ખરું. આપણે ગાઢ નિદ્રામાં હોઈએ તો આપણને કોઈ દુઃખ કે શોક નથી. માટે જ ઊંઘ આવશ્યક છે. કદી કોઈ માણસ ડોક્ટર પાસે ફરિયાદ લાવે છે... સાહેબ! મને જુઓને બહુ ઊંઘ આવે છે. ઊંઘ ન આવે તો ચિંતા. ઊંઘ આવે તો રાજીપો.

નાનાં બાળકોની ફરિયાદ કેવી હોય છે! ફરીથી નિશાળે જવાનું? ફરીથી લેશન કરવાનું. ફરી ભણવા બેસવાનું? તે કેમ કહેતો નથી ફરીથી ઊંઘવાનું? આ ફરિયાદ નથી. આ વિક્ષેપ નથી. કારણ ઊંઘમાં રાગ- દ્વેષ કંઈ જ નહીં. બધું શાંત. આ શાંતિ આપણું સાચું સ્વરૂપ છે એટલે જ ઊંઘ પ્રિય છે. આપણે આ આવરણ અને વિક્ષેપની વચ્ચે આટાપાટા કરીએ છીએ. દોરડાનાં બદલે સાપ દેખાય એટલે ધબકારા વધી જાય. હૃદયના ધબકારા ભયથી વધ્યા. બ્લડપ્રેશર વધી ગયું. અહીં સાપ સાચો નથી, પરંતુ સર્પના ભ્રમ માત્રથી આપણે દુઃખી છીએ.

આપણી સમજ એવી છે કે દુનિયા દુઃખનું કારણ છે. આપણી જાત માટેનો આપણો અધૂરપનો વિચાર જ આપણને દુઃખી કરે છે. સ્વાતંત્ર્ય માટે જ આપણાં બધાં ફાંફાં છે. બધી ઇચ્છાઓની પાછળ એક જ ઇચ્છા છે. હું પૂર્ણ થાઉં, પરંતુ પૂર્ણ તો તમે છો જ. માટે અપૂર્ણતાના ભ્રમથી મુક્ત થાઓ. ત્યાગેનૈકે અમૃતત્વમાનશુઃ ।

શ્રી રામકૃષ્ણદેવે સુંદર વાત કહી. ગીતાનો અર્થ શું? બસ, ગીતા ગીતા ગીતા દસ-બાર વખત બોલો એટલે શું સંભળાશે ત્યાગ ત્યાગ ત્યાગ, પરંતુ શેનો ત્યાગ! કોનો ત્યાગ! આ બધા સંતો શું ત્યાગે છે? વસ્ત્રો નહીં, પરિવાર નહીં, અજ્ઞાનનો ત્યાગ કરો. દુઃખમાંથી કે શોકમાંથી મુક્ત કેમ થવું? તેનો ઉકેલ તમામ શાસ્ત્રો આપે છે. ગીતા તો માત્ર બધી જ સમસ્યાઓનું સમાધાન લાવવાનો ગ્રંથ છે.

સુખ તો તમારું સાચું સ્વરૂપ છે. 'પ્રાપ્તસ્ય પ્રાપ્તિ' જે પ્રાપ્ત છે તેને પ્રાપ્ત કરવાનું છે. તમારું સ્વરૂપ જે સુખ છે તેનો આવિર્ભાવ કરવાનો છે. એક વખત આપણે આપણું ધ્યેય નક્કી કરવું પડે, આટલું થાય તો બધું સરળ થઈ જાય. આપણે ૧૫૦ કિ.મી.ની ઝડપે વાહન ચલાવીને રાજી થઈએ, પરંતુ દિશા સાચી છે કે વિરુદ્ધ દિશામાં જઈ રહ્યા છીએ એનો વિચાર કરવો જ પડશે.

ગીતા આપણને આપણાં ગંતવ્યનો નકશો આપે છે. એક માણસ શિકાગો ગયો. બસ, આમતેમ ફર્યા જ કર્યો, પરંતુ તેના લક્ષ્ય ને તેના ગંતવ્યને તે પામ્યો નહીં. ફરી કોઈને પૂછ્યું, 'ભઈ! આ સ્થળે હું કેમ પહોંચતો નથી. ક્યાંથી પહોંચે! નકશો જ ખોટો હતો. મિનિયાપોલિસનો હતો તો શિકાગો ક્યાંથી પહોંચાય? આપણી ગાડી સારી હોય, ડ્રાઈવર બાહોશ હોય, પેટ્રોલ પૂરું હોય, પરંતુ નકશો ખોટો હોય તો ક્યાં જવાના? કઠોપનિષદ કહે છે 'પરાંચિ ખાનિ વ્યતૃણત્ સ્વયંભૂઃ તસ્માત્પરાંક પશ્યતિ નાન્તરાત્મન્ ॥ (કઠ. ૨:૧) અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, અવિવેકમાંથી વિવેકમાં જવાનો માર્ગ ગીતા દર્શાવે છે. ઉપનિષદ આપણને શ્રેય-પ્રેય, યોગ-ભોગના ભેદ સમજાવે છે. ગીતા યોગ શીખવે છે, અર્જુન વિષાદયોગ, સાંખ્યયોગ, કર્મયોગ, ગીતાને બ્રહ્મવિદ્યા કહી, યોગશાસ્ત્ર કહેવામાં આવ્યું. ગીતામાં આસનોનું વર્ણન નથી. ગીતા આપણને આંતરમુખ બનાવે છે. જે પ્રસન્નતા આપે છે, વિવેકપૂર્ણ જીવનનો

માર્ગ બતાવે છે. ગંતવ્ય તું પોતે છે. પોતાની જાતથી તું દૂર થઈ ગયો છે.

નદી સમુદ્રથી દૂર થયેલી. હવે સંઘર્ષ કરે છે. નદીનું ગંતવ્ય સમુદ્ર છે. હવે નદી દોડે છે. તમામ દોડનો અંત સમુદ્રનું મિલન. દોડનો અંત મુક્તિ.

ગીતાનું કર્મ યજ્ઞ છે. આ યજ્ઞ શબ્દનો નવો અર્થ ગીતાએ આપ્યો છે. વેદોમાં કર્મકાંડ, જ્ઞાનકાંડ છે. યજ્ઞ યાગાદિનું વર્ણન કર્મકાંડમાં છે. કહ્યું છે, 'ચોદના લક્ષણો ધર્મઃ' શ્રીકૃષ્ણે ધર્મની વિશદ વ્યાખ્યા આપી છે.

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥ (ગીતાઃ ૯:૨૭)

કૃષ્ણ કહે છે, તું કર્મ કર. જે કંઈ કર તે મને અર્પણ કર. મારા થકી કર. કોઈ કર્મ ચઢિયાતું નથી. કોઈ કર્મ ઊતરતું નથી. બધાંનાં કર્મો ભિન્ન ભિન્ન જ હોય છે. તું કયું કર્મ કરે છે, તેની ચિંતા ન કર. બસ, કર્મ કર. બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્ર, વિદ્યાર્થી, પુરુષ કે સ્ત્રી છો તે ભૂલી જા. તું ખાય, પીએ, ઊંઘે, હરે-ફરે, હોમ-હવન કરે, જે કંઈ કરે તે મને અર્પણ કર. આટલું કર. બસ, બધું મને અર્પણ કર. ક્યારેક આપણને એવું લાગે કે આ ભગવાન માગણિયો છે, બધું માગ્યા જ કરે છે. ભિખારી છે. યાચક છે. મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય । નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥ (ગીતાઃ ૧૨:૮) તારું મન મારામાં નિવેદિત કરી દે. બુદ્ધિને મારામાં પ્રવિષ્ટ કર. આપણી સમસ્યા જુદી છે. જો હું આ બધું તને જ આપ્યા કરું તો હું ખાઈશ શું? મારી પાસે શું રહેશે?

ચંચલં હી મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દૃઢમ્ ।
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥ (ગીતાઃ ૬:૩૪)

અર્જુનની ફરિયાદ છે. મન ચંચળ છે, જક્કી છે, જિદ્દી છે. પવનને પકડી ન શકાય તેમ મન પણ પકડમાં આવતું નથી. પ્રભો! કૃષ્ણ કહે છેઃ

અથ ચિત્તં સમાધાતું ન શક્નોસિ મયિ સ્થિરમ્ ।
અભ્યાસ યોગેન તતો મામિચ્છાપ્તું ધનંજય ॥ (ગીતાઃ ૧૨:૯)

જો તું તારા ચિત્તને મારા પર સ્થિર ન કરી શકે તો, હે ધનંજય નિરંતર અભ્યાસ યોગથી મને પ્રાપ્ત કરવા પ્રયત્ન કર.

અભ્યાસેડપ્યસમર્થોડસિ મત્કર્મપરમો ભવ ।
મહર્થમપિ કર્માણિ કુર્વન્સિદ્ધિમવાપ્સ્યસિ ॥ (ગીતાઃ ૧૨:૧૦)

અભ્યાસ પણ યોગ છે. એક ને એક વસ્તુને વારંવાર દોહરાવવી તે અભ્યાસ. ધ્યાન ન થતું હોય તો ફરીથી કર.

યતો યતો નિશ્ચરતિ મનશ્ચંચલમસ્થિરમ્ ।
તતસ્તતો નિયમ્યૈતદાત્મન્યેવ વશં નયેત્ ॥ (ગીતાઃ ૬:૨૬)

મન આમતેમ ભટકતું હોય તો પણ ફરી ફરીને તેને ધ્યાનના કેન્દ્રમાં કેન્દ્રિત કરવું. અર્જુન કહે છે, 'ભગવાન આ મારું ગજું નથી. આ ધ્યાનબાન મારાથી ન થાય. પરંતુ કૃષ્ણ કાચા ગુરુ નથી. તે જગત્‌ગુરુ છે. તેમની એકમાત્ર મહેચ્છા કે અર્જુનનું કલ્યાણ થાય. ગુરુ સદૈવ શિષ્યોનું કલ્યાણ જ ઇચ્છતા હોય છે. તે કહે છે, કંઈ વાંધો નહીં. 'મત્કર્મ પરમો ભવ' તારાં કર્મ મને અર્પણ કર. મારા થકી કર્મ કર. ચાલ, કર્મ ન આપી શકે તો ફળ આપ. આપણે કર્મ કરીએ, તેનું ફળ તો પ્રભુ જ આપે છે, આપણે તેને આ ફળ સમર્પિત કરવાનું છે. તું કર્મ કર. તારો કર્મમાં અધિકાર છે, 'કર્મણ્યેવાધિકારસ્તે' મંદિરમાં જા. રણછોડજીને ત્યાં 'મગસ' મળે છે. આપણે ગણપતિને દસ લાડુ ધરાવીએ. તે ખાતા નથી. માત્ર પૂજારી આ પ્રસાદનું પેકેટ ભગવાનને દેખાડી દે એટલે કામ પત્યું. આપણને તે પ્રસાદ મળે. પ્રસાદ એટલે કૃપા. આપણે પ્રસાદ બનાવતા નથી, આપણે નૈવેદ્ય બનાવીએ, તે પ્રભુને અર્પણ થાય એટલે પ્રસાદ. આ ચૈત્ર મહિનો છે. એક ભગત રોજ સવારે મને અડધો કપ લીમડાનો રસ લાવીને આપે છે. કહે, 'આ પ્રસાદ છે.' હવે આ પ્રસાદ એવું કહે તેથી અનાદર કેમ થાય. સત્યનારાયણની કથા સાંભળીને આ પ્રસાદના અનાદરથી આપણે ડરી ગયા છીએ પછી ભલે તે ખાટો, ખારો, તીખો, તૂરો, કડવો કે ભસ્મ, કુમકુમ હોય, પણ પ્રસાદ એટલે પ્રસાદ, તેનો અનાદર નહીં.

શ્રીકૃષ્ણ કહે છે, જે કર્મ કરે તે મને આપ. તે નૈવેદ્ય થશે. હું તેનો પ્રસાદ કરીને તે તને પાછું આપીશ. જે કંઈ ફળ મળે તેનો સ્વીકાર કરો. ત્યાં ગમો-અણગમો નહીં. પરિસ્થિતિ બધી જ અનુકૂળ, કારણ તે પ્રભુનો પ્રસાદ છે. ઈશ્વરે જે આપ્યું તે બધું રૂડું. જે સંજોગો ઊભા

થાય તે બધી જ સ્થિતિ પ્રસાદ. પ્રસાદને પ્રેમથી સ્વીકારીએ છીએ, તેનો વિરોધ કરતા નથી, તેમાં દોષ દેખતા નથી. માટે તારી જાતને, દુનિયાને, ગ્રહોને દોષ ન આપીશ. પ્રસાદરૂપે સ્વીકાર. આમ કરવાથી આંતરિક વિક્ષેપ ઓછો થશે. અત્યારે તમારું મન હર્ષ-શોક વચ્ચે ઝોલાં ખાય છે, કારણ કે આપણો અહમ્ પોષાતો નથી. આ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષથી આપણે જકડાયેલાં છીએ. રાગદ્વેષ ઓછાં થતાં નથી. ધીરે ધીરે જેમ જેમ રાગદ્વેષ ઓછાં થશે તેમ તેમ આંતરિક પૂર્ણતાનો આવિર્ભાવ થતો જશે. શિલ્પી ખરબચડા પથ્થરમાંથી મૂર્તિનો આવિર્ભાવ કરે છે. આ મૂર્તિઓ રાતોરાત થતી નથી. દિવસો, મહિનાઓ અને વરસોની તપશ્ચર્યા આ પથ્થરે સહન કરવી પડે છે. આ શિલા વિરોધ કરતી નથી; તે મૌન સેવે છે. શિલ્પી મૂર્તિ બનાવતો નથી. મૂર્તિ તો તે પથ્થરની અંદર હતી જ. તે મૂર્તિની આસપાસનું અવાંછનીય-અનાવશ્યક તત્ત્વનું છેદન થયું. મૂર્તિનો આવિર્ભાવ થયો. મૂર્તિ પથ્થરમાં વિદ્યમાન છે. દિવ્યતા તમારી અંદર વિદ્યમાન છે. ઈશ્વર શિલ્પી છે. ભગવાન આપણા મૂર્તસ્વરૂપને ઘડવા માગે છે. દુર્ભાગ્યે આપણા વિરોધોનો અંત નથી. ભગવાનનું કામ શિલ્પી કરતાં વધુ કઠોર છે. આપણે ઘડાવા માગતા નથી. આપણે તૂટી જઈએ છીએ. શિલ્પી પણ મૂર્તિ ઘડે અને જો પથ્થર તૂટી જાય તો તે મૂર્તિ ન બને. તે પગથિયાં ઉપર જડાય. લોકોના પગ તળે આવે. પૂજા ન પામે. ઈશ્વર જે કંઈ આપે તેનો સ્વીકાર કરો. રાગ-દ્વેષના બદલે પરિસ્થિતિ સંજોગોને ભગવાનની કૃપા અને પ્રભુ- પ્રસાદરૂપે સ્વીકારો.

આત્માનો આવિર્ભાવ થશે. આત્માનો વિકાસ થશે. કર્મફળની અપેક્ષા ન કરો. તે પ્રભુને સમર્પિત કરો. પ્રભુ એટલા માટે જ કહે છે કે, 'મય્યેવ મન આધસ્વ મયી બુદ્ધિં નિવેશય.' ઈશ્વરની શરણાગતિ સ્વીકારો. આત્મૈક્ય અવશ્ય પ્રાપ્ત થશે તેમાં શંકા નથી. આ નિર્વિવાદ સત્ય છે. ૐ શાંતિ.

## અધ્યાત્મ સાધનાપથમાં ભાગવતચિંતન (તા. ૩૦-૪-૨૦૧૩)

**શ્રી સ્વામી માધવપ્રિયદાસજી મહારાજ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ (SGVP) (છારોડી)**



વિષય અધ્યાત્મનો છે. વિષય ભલે ગમે તે હોય, પણ હું મારી વાત કરી લઉં. કેરી પાકે એટલે તેની મીઠાશ આવે. આ વિદિતાત્માનંદજીએ સ્વામી દયાનંદજીનો અને સ્વામી અધ્યાત્માનંદજીએ સ્વામી ચિદાનંદજીનો વારસો જાળવી રાખ્યો છે, તેમને બંનેને વંદન.

હું જ્યારે બનારસથી ભણીને આવ્યો ત્યારે આ દ્વૈત અને અદ્વૈતનો ભારે શોખ હતો. મને મારા ગુરુએ કહ્યું : 'બાપ! ભાગવત કથા કર.' મેં ઘણીયે ના પાડી પણ તેમણે કહ્યું, ઉદ્ધાર ભાગવતથી જ થશે એટલે ભાગવતમાંયે મને આ દ્વૈત છોડતું ન હતું. તે એક ગામમાં એક ભાભો મને કથા પછી પૂછવા આવ્યો, કહેઃ 'મહારાજ! આજે તમે કયા દૈતની વાત કરી.' આ દ્વૈતને ગામનું લોક દૈત કહે. મેં કહ્યું : તમારા જેવા ભાભા પાસે હું સમજ્યા વગર જે કંઈ બોલી ગયો તે હું પહેલો દૈત અને દ્વૈત-અદ્વૈતને તમો ન સમજ્યા એટલે તમો બીજા દૈત.

આપણે સમજીએ તો આ અધ્યાત્મ શબ્દ એ બહુ હળવો શબ્દ છે. આજના યુગમાં અધ્યાત્મ શબ્દ પ્રિય થતો જાય છે. કહેવાતા ભારતીય અંગ્રેજોએ આપણા અધ્યાત્મ અને સંપ્રદાયની વ્યાખ્યા બગાડી નાખી છે. રંગોમાં વિરોધાભાસ હોય તો જ રંગોળી સારી દેખાય. ત્રિવેણીમાં ત્રણ રંગ છે, એક ધોળી ધારા ને વળી એક નીલમવર્ણી અને ત્યાં જ તો સૌંદર્ય ઉપજે છે સંગમનું. આજે અહીં આપણે ભક્તો ને વળી વેદાંતીઓ સૌ સાથે બેઠા છીએ, તેથી જ સભા અને સત્સંગમાં રંગત આવી છે. આવો જ હૃદયની ઊર્મિઓના રંગે રંગાયેલો અમારો આ ભાગવત ગ્રંથ છે. ભાગવત અધ્યાત્મનો ગ્રંથ છે અને અધ્યાત્મનો વિકાસ ગોપીઓ વગર શક્ય નથી.

સત્તર પુરાણોની રચના પછી અઢારમા પુરાણ ભાગવતપુરાણની રચના વેદવ્યાસજીએ કરી. આમ, ભાગવતજી વેદવ્યાસની ઉત્કૃષ્ટ રચના છે. વેદવ્યાસનું

પ્રભુત્વ તેમાં દેખાય છે. આ પૂર્વે લખાયેલા ગ્રંથોમાં ધર્મ, અર્થ અને કામ એવા ત્રૈવર્ગીય ધર્મને ભાગવતજીમાં મોક્ષમાં પરિણીત કરેલ છે.

શુકદેવજી તો આત્મારામ છે. શુકદેવ શ્રીકૃષ્ણનું ગીત ગાય છે. તેમને તો તેમનાં વસ્ત્રોનું પણ ભાન નથી. 'ન તુ સુતસ્ય વિવેક દૃષ્ટેઃ' આકાશમાંની દેવીઓએ વ્યાસને કહેલું, તમારો પુત્ર તમારાથી ચઢિયાતો છે. 'ઈત્થં ભૂત ગુણોઃ હરેઃ' ભાગવતજીનું લેખન કરતાં વ્યાસજીને સમાધિ લાગી ગઈ હશે.

અહીં ઉદ્ધવ અને ગોપીઓનો દિવ્ય સંવાદ છે. ઉદ્ધવજી તો વેદાંત સંદેશ લઈને આવ્યા હતા. ગોપીઓની ભક્તિ પાસે તેઓ પાણી પાણી થઈ ગયા. કહે છે,

અહો યૂયં સ્મ પૂર્ણાર્થા ભવત્યો લોકપૂજિતાઃ ।
વાસુદેવે ભગવતિ યાસામિત્યર્પિતં મનઃ ॥
(ભા.૧૦.૪૭ઃ૨૩)

દાનવ્રતતપો હોમજપ સ્વાધ્યાય સંયમૈઃ ।
શ્રેયોભિર્વિવિધૈશ્ચાન્યૈઃ કૃષ્ણે ભક્તિર્હિ સાધ્યતે ॥
(ભા.૧૦.૪૭.૨૪)

ઉદ્ધવજી કહે છે, 'અહો ગોપીઓ! તમે કૃત્યકૃત્ય છો. તમારું જીવન સફળ છે. દેવીઓ! તમો સમગ્ર સંસાર માટે પૂજનીય છો, કારણ કે તમે ભગવાનને તમારું હૃદય, પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું છે. દાન, વ્રત, તપ, હોમ, જપ, વેદાધ્યયન, ધ્યાન, ધારણા, સમાધિ અને કલ્યાણનાં અન્ય સાધનો દ્વારા પ્રભુની પ્રાપ્તિ થાય તેવું સાધારણ લોકો માને છે, પરંતુ તમો સૌએ તો તમારી પ્રેમભક્તિથી પરમાત્માની પવિત્ર કીર્તિને પ્રાપ્ત કરી છે.

દશમ સ્કંધના ચૌદમા અધ્યાયમાં બ્રહ્માજીએ કરેલી સ્તુતિમાં અધ્યાત્મતત્ત્વની કેટલી ઊંચી સ્થિતિ છે.

જ્ઞાને પ્રયાસમુદપાસ્ય નમન્ત એવ
જીવન્તિ સન્મુખરિતાં ભવદીયવાર્તામ્ ।
સ્થાને સ્થિતાઃ શ્રુતિગતાં તનુવાંઙ્મનોભિ-
યે પ્રાયશોઽજિત જિતોઽપ્યસિ તૈસ્ત્રિલોકયામ્ ॥
(ભા.૧૦.૧૪.૩)

યોગેશ્વર અને જનકનો સંવાદ પણ અદ્ભુત છે. આ સંવાદ પ્રેમના અરણ્ય સમાન છે. અધ્યાત્મ એટલે જ પ્રેમ. બસ, પ્રેમ માટે પ્રેમ. Love for all. આકાશથી પ્રેમ, ચાંદ સિતારોથી પ્રેમ, નિર્જન વનોથી પ્રેમ, પશુપક્ષીઓથી પ્રેમ. પ્રત્યેક જનગણ કણકણથી પ્રેમ. જ્યાં પ્રેમ હોય ત્યાં બધા જ પ્રશ્નોનું સમાધાન હોય.

અધ્યાત્મનો અર્થ આત્માનો સ્વભાવ. સ્વભાવથી આત્મા. સંજોગો પ્રમાણે સ્થિતિ. જ્ઞાન હોય કે ભક્તિ અંતે ગંતવ્ય તો એક જ છે ને. આત્મા અજ્ઞાનથી પૃથક્ છે. આત્માનું સ્વરૂપ જ પ્રેમ છે. પ્રેમનો પ્રારંભ પરિવારથી કરો, પરમાત્મામાં પ્રેમનો લય કરો. આ વિકાસયાત્રાનો વિરામ પરમાત્મામાં થાય.

અધ્યાત્મનું ચરમબિંદુ છે, ભાગવત કથામૃતનું પાન. પ્રભુનાં ગુણાનુવાદોનું શ્રવણ.

શૃણ્વન્ સુભદ્રાણિ રથાંગપાણે-
ર્જન્માનિ કર્માણિ ચ યાનિ લોકે ।
ગીતાની નામાનિ તદર્થકાનિ
ગાયન્ વિલજ્જો વિચરેદસંગઃ ॥
(ભા.૧૧ઃ૨ઃ૩૯)

સંસારમાં પ્રભુના પ્રાગટ્ય અને પ્રભુની લીલાઓની મંગલમય કથાઓ બહુ જ સુપ્રસિદ્ધ છે. તેનું સદા શ્રવણ કરતાં રહેવું જોઈએ. આ ગુણો અને લીલાઓનું સુખદ સ્મરણ થાય તેવાં પ્રભુનાં અગણિત નામો પણ પ્રસિદ્ધ છે. લાજ-શરમ છોડીને હરિનામનું ગાયન કરતાં રહેવું જોઈએ. આમ, કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે સ્થાનમાં આસક્તિ રાખ્યા વગર સદા વિચરણ કરતાં રહેવું જોઈએ.

માર્ગ જ્ઞાનનો હોય કે ભક્તિનો, આત્મતત્ત્વનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન અત્યંત આવશ્યક છે. 'આત્માવારે શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસીતવ્યો'. આરંભ શ્રવણથી થાય છે. શ્રવણથી જ સ્મરણ થશે. ભાગવતમાં શ્રવણનો મોટો મહિમા છે. પ્રથમ ભગતી સંતન કર સંગા, દૂસરી રતિ મમ કથા પ્રસંગા. 'શ્રવણં કીર્તનં વિષ્ણોઃ' હરિનું સ્મરણ કરો, પણ તેનાં અંતઃસ્તર ઊંડાણ સુધી ડૂબકી મારો. મર્મ સુધી અવગાહન કરો.

આપણા આ દેશમાં વેદ-પુરાણોમાં સર્વત્ર શ્રવણનો મોટો મહિમા છે. આ જુઓને સ્વામીજી વેદાંતી છે, પણ અષ્ટલક્ષ્મીનું પૂજન કરે છે. અમો સ્વામિનારાયણના સાધુઓ આશીર્વાદમાં ખૂબ સુખી થવાના આશીર્વાદ આપીએ. શા માટે? કારણ કે તે સુખી હોય તો આપણને રોજેરોજ દુઃખી ન કરે અને તેના સુખમાંથી આપણને પણ સુખ આપતો રહે.

માટે નોકરી કરવી તો ભારત સરકારની અને સાધુ થવું તો સ્વામિનારાયણના. જો જો હોં આ બોલું છું તેવું સહેલું નથી. એક કથામાં હું આમ બોલ્યો તો ૮૦ વર્ષના એક દાદા કહે : 'લો મને કંઠી પહેરાવો.' તો તેનાં છોકરાં કહે : 'લઈ જાઓને!'

બધું કરજો, પણ ભાગવત કહે છે, સદ્‌ગુરુનું શરણ છોડશો નહીં. ૨૧મી સદીને પચાવવા માટે ગુરુની શરણાગતિ લેવી જ પડશે. તમોને સત્તા, સંપત્તિ અને આ સાધુઓને માન-અપમાનથી આ શરણાગતિ રક્ષણ આપશે. અહીં આવતાં પહેલાં ગંગાનંદપુરી મહારાજનાં દર્શન થયાં. અરે! કેવા ત્યાગ અને પવિત્રતાના મૂર્તસ્વરૂપ! આવા સંતો જ ભારતનો પ્રાણ છે. એ કંઈ બોલે કે ન બોલે. તેમની દૃષ્ટિમાં જ્ઞાનનું વહેણ છે. મહાપુરુષોના ચરણમાં બેસીને વેદાંત-ભક્તિ-ભાગવત-ગીતા શ્રવણ કરો. ભારત વિશ્વનો અધ્યાત્મ ગુરુ બને. અધ્યાત્મ પક્ષને તો સાચવવું જ પડશે.

અધ્યાત્મમાં જ વિશ્વનું હિત છે, નહીં તો આ આંધળો વિકાસ ભસ્માસુરની જેમ ભરખી જશે. ભાગવતજીનું શ્રવણ કરો. શ્રવણમાં ડૂબી જઈને ભાગવત સાંભળો. મેં મારા ગુરુજીને કથાકાર થવાની ના પાડેલી. કહ્યું, 'બાપજી! ગમે તે સેવા આપો. આ ભાગવત કથા કરવાનું ન કહો,' પરંતુ ગુરુજી મને કહે, 'મારી તને ભલામણ છે. સાંભળતાં સાંભળતાં કથા કરજે. તારો ખાલીપો જશે. આવરણ જશે. વિક્ષેપ મટશે. દુનિયાને કદીયે અજ્ઞાની જાણતો નહીં.'

એક વાર આહીરોને ત્યાં કથા હતી. બે-ચાર ખૂન કરેલો 'આ તો વાઘ' કથા સાંભળવા આવે. મને કહે, 'એલા શાસ્ત્રી! કાશીમાં શું ભણ્યો! તારી કથા તો વાંહયાળી ફૂંક છે.' આ વાંહયાળી એટલે વાંસળી. તે પોલી હોય. અહીંથી ફૂંક મારો તો પેલે પાર નીકળી જાય. આમ, કથા એક કાનેથી સાંભળે અને બીજા કાને કાઢી નાખે, તેને વાંહયાળી ફૂંક કહેવાય. આવું આહીરોનું સ્વરૂપ! કથાને તો હૃદયપૂર્વક સાંભળવી જોઈએ. જ્યારે કથા હૃદયપૂર્વક સંભળાશે ત્યારે અધ્યાત્મનાં દ્વાર ઊઘડી જશે. ભજન થતું હોય તો તબલાંવાળાને તબલાંનો કેફ ને વાજાંવાળાને વાજાંનો કેફ, ગાયક તેની ગાયકીમાં રમે. આ બધાંની વાહવાહ થાય, પરંતુ જેણે આ ભજન લખ્યું. મીરાં-સુરદાસ તેમને તો યાદ કરો. તમો હૃદયની આરપાર નીકળી જશો.

આ ભક્તો જ્યારે આપણને લેવા-મૂકવા ગાડીઓ લાવે એટલે ભજનની કેસેટ વગાડે. તેમને ખબર જ ન હોય કે શું વાગે છે! કહેશે 'બાપજી! તમે જ સમજાવો ને!' અમે તો ઊંઘ ન આવે તે માટે જ આ કેસેટો વગાડીએ છીએ.

ભજન, કથા, કીર્તનને હૃદયથી સાંભળીએ. કથાના મર્મમાં રમીએ. જે સંભળાવે છે, તે શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ છે. 'શબ્દ પરે ચ નિષ્ણાત' તે પંડિત છે, અધિકારી છે. ભાગવતજી કહે છે, ઉત્કૃષ્ટ શ્રોતા બનો. 'સુભદ્રાણી રથાંગપાણી' હરિચરિત્રનું શ્રવણ કરો. પ્રભુનાં મંગળકારી ચરિત્રોનું શ્રવણ કરો. આ ચરિત્રોનું શ્રવણ તમારા ઘાવ ભરી દેશે. તમારું અધ્યાત્મ પરાકાષ્ઠાએ પહોંચી જશે. આપણને બધું સહેલું હોય તે ગમતું નથી. આપણને બધું ગૂંચવાડો હોય તેવું જ ગમે છે.

તમે જૂની વાત સાંભળી છે ને! ગોળને પંદર મિનિટ સુધી ચોળ્યા કર્યો પછી કહે, 'આ ગોળ ચીકણો છે.' હવે ખરેખર ગોળ ચીકણો હતો જ નહીં. ચોળી ચોળીને તમે ચીકણો કર્યો. કથા પૂરી થાય એટલે બધાં કહે, 'વાહ! બહુ મજા આવી!' પણ સાંભળ્યું શું?

હરિનું કીર્તન કરો. ભાગવતજી કહે છે, મહાન યોગીની અવસ્થા હોય તેવી રીતે હરિરસમાં, શ્રવણરસમાં ડૂબી જાઓ. બેતાજ બાદશાહ! 'ગાયન્ વિલજ્જ વિચરેત્

અસંગ', જે શ્રીકૃષ્ણમાં આસક્ત થયો તેને વિષય-જગતની આસક્તિ નથી. પ્રેમ અને આસક્તિમાં ભેદ છે, જે ભાગવત પુરુષ છે, તેને દુનિયાનાં મોહ કે બંધન ન હોય.

બ્રહ્માનંદમાં જીવો. જો ફિરતાં સંત સમાજ મિલે. પુત્રૈષણા, વિત્તેષણા, લોકેષણામાં બંધાયો નથી. શ્રી પંડિત રામસુખદાસજી મહારાજ મહાન ત્યાગી પુરુષ થયા. પવિત્ર ચરિત્ર મહાત્મા. તેમનું પુસ્તક ગીતા સંજીવની વાંચો. તે આસક્તિ વગરના મહાપુરુષ હતા. 'વિચરેત્ અસંગ' એમને તો સર્વત્ર શ્યામનું જ દર્શન હતું. ભાગવતજીની ધારામાં બે કિનારા છે. એક જ્ઞાનનો અને બીજો ભક્તિનો. તત્ત્વ એક જ છે-વેદાંતમાં વ્યવહારનું અવતરણ. જ્યારે બીજાંનાં સુખે સુખી થાઓ અને બીજાના દુઃખે દુઃખી થાઓ ત્યારે જાણજો કે સર્વત્ર પરમતત્ત્વનો વિલાસ છે. તે હવે તમારી અંદર પણ વ્યાપ્ત થતો જાય છે.

સીયારામ મય સબ જગ જાની, કરહું પ્રણામ જોરી જુગ પાની. આ અધ્યાત્મ તત્ત્વ એ માત્ર સાધુઓનો જ ઈજારો નથી. અમારા સ્વામિનારાયણના એક પાર્ષદ હતા-નારાયણ ભગત. બદરીનાથની યાત્રાએ ગયા. તેઓ ભિક્ષા કરતા હતા. એક કૂતરું આવ્યું તો પોતાના ભોજનમાં જે કંઈ હતું તે તેમણે પોતાની સાથે પોતાના હાથે કૂતરાને પણ જમાડ્યું. સંતોએ પૂછ્યું, 'ભગત, આ કૂતરાને કેમ જમાડો છો!' તે કહે, 'અરે! કૂતરો તો કૂતરો પણ અંતે તો બદરીનાથનો ને!' આ ચરમબિંદુ છે. એક ઘરમાં એક વાર આગ લાગી. ઘરમાં પાળેલો કૂતરો હતો. તે ભસવા લાગ્યો. તેના ભસવાથી બધાં જાગ્યાં અને ભાગ્યાં, પણ કૂતરાને બાંધી રાખ્યો હતો, તે બળી ગયો. તેણે ભસભસ કર્યું. સૌને જગાડ્યાં. પુણ્ય કર્યું, એટલે કથાકાર થયો. આવી કથા એક વાર મોરારિબાપુએ સંભળાવી હતી.

શ્રવણ પછીનું પહેલું દર્શન. ભગવાન હરે! યોગેશ્વર હરે! બોલીને જે આગળ વધે તેને મૂર્તિનાં દર્શન થાય. શ્રવણ થાય ત્યારે આંખ ખૂલે. પથ્થરમાં પરમાત્માનાં દર્શન થાય. માત્ર મંદિરમાં જ હરિને ન દેખો. શ્રદ્ધાથી સોપાન ચઢો. હરિદર્શન સર્વત્ર થશે. વેદાંત વ્યવહારમાં કેમ આવે! મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાનું આચરણ કરો. આ મધ્યમ માર્ગ છે. વિશ્વકલ્યાણનો માર્ગ છે. શ્રુતિ કહે છે, સમાનેષુ મૈત્રી. સમાન હોય તેમની સાથે મિત્રતા રાખવી. આપણાથી જે આગળ વધેલા હોય તેમને જોઈને આનંદ કરવો. આપણે મોટી ગાડી લઈને અમેરિકામાં ફરીએ તે ધોળિયાઓને (અમેરિકનોને) ખૂંચે. તેમનાં છોકરાંઓ ગાડીમાં લીટા પાડી જાય. આ માનસિક વિકૃતિ છે. આજે કબડ્ડીનો ખેલ ગામડાંની ગલીમાંથી છેક દિલ્હીની પાર્લામેન્ટ સુધી વિકસેલો છે. ક્ષમા કરજો, પણ કોઈના પગ ખેંચવાની વૃત્તિ ન સેવશો. કોઈ ઊંચું આવતું હોય તો જોઈને-દેખીને રાજી થાઓ.

કોઈ આપણને ત્રાસ આપે, મુશ્કેલીઓ ઊભી કરે તો આપણે તેની ઉપેક્ષા કરવી. કોઈ વંદે કે નિંદે, અકળામણ ન અનુભવો અને જે નીચે છે, પાછલે પગથિયે છે, તેના પ્રત્યે કરુણા દાખવો. પૂર્ણ અવસ્થામાં હરિ યોગેશ્વર કહે છે કે સર્વત્ર હરિનાં દર્શન કરો. મૂર્તિમાં તો હરિનાં દર્શન કરવાં જ જોઈએ, પરંતુ સર્વત્ર હરિને દેખો. ઠાકોરજી રાજી રાજી થઈ જશે. ઠાકોરજીનો શૃંગાર કરો છો. તે રસ્તે ઉઘાડા હોય તેને ઢાંકો. તે ચાલતા ફરતા પ્રભુની સેવા છે.

ભાગવતજીની ગોપીઓ ગાયની સેવા કરે. શા માટે? કૃષ્ણ માટે. આ ગાયને વળી શ્રીકૃષ્ણ સાથે શું સંબંધ! ગાયની સેવા પ્રેમથી થાય તો ગાય સારું દૂધ આપે. આ દૂધનું ગોરસ, માખણ મારાં છોકરાં ખાય ને મજબૂત થાય તો શ્રીકૃષ્ણની સેવા સારી રીતે કરી શકે. ભગવાનની પુષ્ટિની કામના ગોપીઓના હૃદયમાં સદૈવ રાચે છે. 'પોષણં તદ્ અનુગ્રહ' આ સાધ્યભક્તિ છે, પ્રેમની પરાકાષ્ઠા છે.

પૂજ્ય સ્વામીજી દર વર્ષે આવી સ-ર-સ ગોષ્ઠિનું આયોજન કરે છે, તેમને વંદન. સૌ ભક્તો ને માતાઓને વંદન. શાંતિથી સાંભળવા માટે આભાર. ૐ શાંતિ.

# અધ્યાત્મ સાધનાપથ માટે-સેવા (તા. ૧-૫-૨૦૧૩)

**પૂજ્યા મા અનંતાનંદતીર્થ માતાજી, વહેલાલ**



આપ સૌમાં બિરાજતા પરબ્રહ્મ પરમાત્માને પ્રણામ.

સેવા પ્રભુ કરે છે, આપણને કર્તા બનાવે છે. આપણે આપણી ઈચ્છાથી હાથ પણ ઊંચો ન કરી શકીએ. ઈશ્વરની ઈચ્છા હોય તો તેની સત્તા વડે જ, તેના સામર્થ્ય વડે જ આપણે આપણી બધી ક્રિયા કરવાને સક્ષમ છીએ. દુર્ભાગ્યે આપણે હું કરું હું કરું કહીને આપણી સ્થિતિ શકટના ભાર જેવી છે. આપણે આ શ્વાનથી વિશેષ નથી. પ્રભુકૃપાથી જ સઘળું સંભવ છે. પ્રભુ તો દયાળુ છે. આપણે જે કંઈ કરીએ તેનું અભિમાન ન કરીએ, આપણે તો નિમિત્ત છીએ. સેવાથી તો પૂર્ણ બ્રહ્મનું દર્શન થાય છે.

જ્યાં સુધી સેવાનો પ્રશ્ન છે, કોઈ આપણને કહે અને આપણે કરીએ અને આપણે આપણી સૂઝ-સમજણ સાથે કરીએ તે બંનેમાં ભેદ છે. સેવા માટે તક ઊભી કરવી. જ્યાં સેવાનો અવસર દેખાય ત્યાં સેવાનું કામ ઉપાડી લઈએ. આપણા ઉપર કૃપા છે. આપણે પુરુષાર્થ કરવાનો છે. આ પુરુષાર્થ કરવાની ક્ષમતા, શક્તિ અને સામર્થ્ય પ્રભુ જ આપે છે. પ્રભુનાં પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કરવાનો શોર્ટ કટ એટલે નિષ્કામ સેવા જ છે. ધ્યાન રાખો પરમાત્મા જ બધું છે. તૃણ-તણખલાથી બ્રહ્મા સુધી તે જ છે. તે કરનારો, કરાવનારો બંને છે. તે એક જ છે, તેમાં આપણે વળી અહમ્ શું કરવાનો? કંઈક વિચાર કરવામાં, ક્યાંય ચિંતનમાં, આપણે એટલું તો વિચારવું જ પડશે કે આપણે ક્યાં ઊણા ઊતરીએ છીએ! અધ્યાત્મક્ષેત્રના પથમાં આપણે આવ્યા એટલે જાગૃતિ તો કેળવવી જ પડશે. સ્વામી શિવાનંદજી મહારાજે તો સેવાને જ આત્મસાક્ષાત્કારનું સાધન કહ્યું છે. તેમને કોઈ પણ પ્રકારની મોટપ ન હતી. તેઓ નાનામાં નાનાં સફાઈ કે મળમૂત્ર ઉપાડવાનાં કામ પણ હોંશે હોંશે કરતા.

અમારા સ્વામીજીએ અમદાવાદમાં એક વાર સેવાયજ્ઞ કર્યો. યુનિવર્સિટી પાસે ગટર ઊભરાતી હતી, બધાં દૂરથી ચાલતાં હતાં. સ્વામીજી ત્યાં રસ્તા વચ્ચે બેસી ગયા. ગટરનું ઢાંકણું ખોલ્યું. હાથ નાખીને કચરો કાઢી નાખ્યો. હવે પાણીને જવાનો માર્ગ થયો, પાણી ઊભરાતું બંધ થયું. Practical Knowledge. સેવા કરવાની હોય ત્યાં ખરેખર પ્રભુ જાતે જ સેવા કરતા હોય છે. આવશ્યકતા છે કે આપણી આવી અંતરદૃષ્ટિ હોવી જોઈએ. જો કોઈ કામની 'સૂગ' ચઢે તો સેવા ન થાય. ના ભઈ! આ કામ મારું નહીં. આવી વૃત્તિ હોય તે સેવા ન કરી શકે. ઈશ્વરે મને સેવા કરવાની તક આપી છે એવા ભાવથી સેવા કરીએ તો તેનો ઈશ્વર સ્વીકાર કરે છે. અધ્યાત્મ સાધનાપથ માટે જપ, તપ, ધ્યાન સાધનો છે, પરંતુ પરમાત્મપ્રાપ્તિ માટે ઉત્તમ સાધન સેવા જ છે. જ્યારે જ્યારે સેવા કરો ત્યારે હું જેની સેવા કરું છું તે પ્રત્યક્ષ પરમાત્મા છે તેવો ભાવ રાખીને સેવા કરવી. સેવા કરવી હોય તો આપણાથી બીજી વ્યક્તિ આપણને આપણાથી જુદી ન લાગવી જોઈએ.

આપણા શરીરનો દરેક ભાગ આપણો પોતાનો જ ભાગ છે, તેવી જ રીતે સમાજની કોઈ પણ વ્યક્તિ આપણા અંગત જીવનનો જ ભાગ છે તેમ જાણવું જોઈએ. અમારા સ્વામીજી કહેતા, દરદીઓની સેવા કરતાં તમને તો સેવાનો કંટાળો ન જ આવવો જોઈએ. તમારા ચહેરા ઉપર ઘૃણા ન ઉપજવી જોઈએ તેમ તમારી સેવાથી દરદીને શારીરિક કે માનસિક ત્રાસ ન થવો જોઈએ. સેવામાં કંટાળો, થાક, પરિશ્રમ ન લાગવાં જોઈએ. વિચાર કરો, જો આ દરદીની જગ્યાએ હું હોત તો! દરદી ઊઠી શકતો નથી. તેની પાસે બેડપાન રાખો, પીવાનું પાણી રાખો, લાઈટ જાય તો મદદ માટે ટોર્ચ રાખો. અકળામણ ન અનુભવે કોઈની હાજરી ઈચ્છે તો બોલાવવા માટે કોલબેલ તેની પાસે રાખો. કંઈક ખાવાનું રાખો. સેવા કરો. પ્રેમથી કરો. તે દરદી નથી, સર્વરૂપે પરમાત્મા જ છે તેમ જાણશો તો સેવા ખૂબ જ સરળ છે.

અમારા ગુરુ મહારાજ કહેતા, માનવને ધ્યાન બતાવશું તો તે આખોયે દિવસ ધ્યાન નહીં કરી શકે. આજના યુગમાં અખંડ ધ્યાનમાં કેટલા લોકો રહી શકે. સેવાને જ સાધના બનાવો. સેવાને જ પૂજા બનાવો. સતયુગમાં ઋષિમુનિઓ તપ કરતા. તેમની ચોપાસ રાફડા થઈ જતા. આજના યુગમાં તે સંભવ નથી ત્યારે લોકોનાં જીવન સંયમિત હતાં, તેમનાં સ્વાસ્થ્ય સુદૃઢ હતાં. આપણે શરીર, મન, બુદ્ધિને સ્વસ્થ રાખવાં હોય તો સેવા જ એક શ્રેષ્ઠ સાધન છે.

અર્વાચીન યુગમાં જેમણે પણ સેવા કરી છે, તેમનાં નામ અમર છે. સૌરાષ્ટ્રમાં જલારામબાપા થયા. સૌને જમાડતા. દિવસે દાડિયું કરે, રાત્રે બેસીને બાજરો દળે, પણ આંગણે આવનાર અતિથિને ભૂખ્યો ન જવા દે. પ્રેમથી સૌને જમાડે. એક ટેલિયો તેમની મશ્કરી કરતો. બાપા! વૈકુંઠથી વિમાન આવે તો મને લેતા જાજો અને વિમાન આવ્યું. બાપા કહે, 'અલ્યા ચાલ!' તો ટેલિયો કહે, 'મને ઉતાવળ નથી બાપા!' સંતો તો ઉદાર છે. સંતોનાં જીવન કરુણાથી ભરેલાં છે.

સંત દેવીદાસજીનાં શિષ્યા અમરબાઈ! આ દેવીદાસજી રક્તપીત્તિયાની સેવા કરતાં. અમરબાઈ પરણીને સાસરે જતાં, આ મહાપુરુષના આશ્રમમાં રોકાઈ ગયાં. અમરબાઈની બહુ શોધખોળ ચાલી. સિપાઈઓ દોડાવ્યા, પણ આ અમરબાઈનું તો સેવાનું વ્રત જબરું હતું. ગરમ પાણી ઉકાળે. તેમાં લીમડાનાં પાન ઉકાળે. રક્તપીત્તિયાઓને નવડાવે. તે કડવું લીમડાનું પાણી તેમને પીવડાવે. તેમના ઘાવ સાફ કરે. તેમના માટે આજુબાજુનાં ગામેથી કાવડમાં રોટલા માગી લાવે. વિચાર કરો, વેલમાં બેસીને સાસરે જતી નવવધૂને લગ્નજીવનના કેવા કેવા કોડ હશે. બધું કોરે મૂક્યું. પ્રભુને સર્વત્ર દેખ્યા. રક્તપીત્તિયાઓની સેવામાં તેણે સુંદર શ્યામ નિહાળ્યા. તેને કીર્તિનો મોહ ન હતો. બસ, એક જ વ્રત હતું સેવાનું. સેવાનું સિલેક્શન ન હોય. સેવા માટે ગમો-અણગમો ન હોય.

આપણા નરસિંહ મહેતાને નાત બહાર મૂક્યા હતા. નરસિંહ મહેતાનો વિરોધ થયેલો. ગામમાં કૂતરું મરી ગયું. કોણ ઉપાડે? નાગરો તો ન જ ઉપાડે. નાગરોએ વિરોધ કર્યો એટલે સફાઈવાળા પણ ન આવ્યા. નરસિંહને ખબર પડી. તેણે તે મૃતદેહની અંતિમક્રિયા કરી. તેના મનમાં ભાવના સ્પષ્ટ હતી. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિંતવ્યો નહીં ત્યાં સુધી સાધના સર્વ જૂઠી.' આ બધાં ઉદાહરણો આપણને સાધનાપથે સેવા કરવા માટે પ્રેરણા પૂરી પાડે છે. અનેક સન્નારીઓ થઈ છે, જેમણે પતિપરાયણ થઈ પતિમાં ભગવાન દેખ્યા. સાસુ-સસરામાં પણ પ્રભુ ભાળ્યા. બાળકોમાં બાળગોપાળ જોયા અને સુખી થઈ.

સેવા દેખાવ નથી. કંઈ પણ સેવા કરવાની તક મળે તો સેવા આપનારનો આભાર માનજો. જાણજો ઈશ્વર આપણી સમક્ષ આવીને ઊભો છે. સેવાનો ભેખ લેવો અને એક વાર ભેખ લીધો તો પાછા પડશો નહીં. પાછાં વળશો નહીં. સેવામાં કસોટી બહુ છે બાપ! સેવા ધર્મ બહુત કઠોરા! પણ અંતે સેવાની સુગંધે સુખી જ થવાનું છે.

એક વાર અમારા આશ્રમના આંગણે કોઈ એક લોહીલુહાણ અને આખાયે શરીરે પરુપરુ ભરેલા માણસને મૂકી ગયું. સવારે દરવાને દરવાજો ખોલ્યો તો હેબતાઈ ગયો. આશ્રમના સેવકોએ તેને નવડાવ્યો. તે ભૂખ્યો હશે જાણી ખવડાવ્યું. નારાયણ પ્રત્યક્ષ આવ્યા છે તેવો ભાવ રાખ્યો. તેનાં કપડાંમાં બહુ બધી દુર્ગંધ હતી. કેટલાયે દિવસ સુધી તો દરરોજ તેનાં કપડાંને પેટ્રોલ છાંટીને બાળી નાખવાં પડ્યાં. પોલીસને ખબર પણ આપેલી તો પોલીસ કહે, લઈ જઈએ. તે શું કરવાની. ત્રણેક મહિને તેના જીવમાં જીવ હતો. તે સાધુપુરુષ હતો. કહે, મારાં કર્મે હું દુઃખી થયો. પુણ્ય કર્મે આપ સૌની સેવા કૃપા મળી. સેવા અને સ્મરણ સાથે હોય તો આત્મીય આનંદ મળે જ તે નિર્વિવાદ સત્ય છે.

આપણે સંપૂર્ણપણે રજોગુણી છીએ. ક્યારેક તમસ ઝળકે તો ભૂલેચૂકે સત્ત્વ પણ આંટો મારી જાય. સ્મરણ સાથે સેવા જોડાય તો તમસનો નાશ થશે અને રજસનો સત્ત્વમાં લય થશે. તમે ધ્યાનમાં બેસો તો મન શાંત થાય કે કેમ તે એક પ્રશ્ન છે. બાકી સેવા કરવાથી આત્મસંતોષ થવાનો તે શાંતિ આપશે જ. રૂપિયા-પૈસા માટે સૌ દોડે છે. સેવાનું સ્મરણ થતાં દોડી જાઓ.

લોભ-લાલચ નહીં આવે. અહંકાર જશે. જ્યાં સુધી રાગ-દ્વેષ છે ત્યાં સુધી સેવા નહીં થાય. સેવા શુશ્રૂષા માટે સદા તત્પર રહો. 'કર્મણ્યે વાધિકારસ્તે'ને ભૂલશો નહીં. ફળની આશા ન રાખો. ફળ તો મળવાનું જ છે. કર્મના ફળનો વિચાર પણ ન કરો. પરિણામ અદ્ભુત આવશે. લાલચ નહીં થાય. લોભ નહીં થાય. એક જ કર્મ અનંતગણું ફળ આપશે.

કર્મફળનો ભોગ જ પ્રારબ્ધફળ થઈને આવે છે. તેને ભોગવવું જ પડશે. સંચિત કર્મના ડુંગરા પણ કંઈ નાના નથી. ક્રિયમાણ કર્મ સાવધાનીપૂર્વક કરવું તો સંચિતનો લય થશે. પ્રારબ્ધનો વિચાર ન કરો. સંતાપ ન કરો. સેવામંત્ર સાથે કરેલાં કર્મ થકી જ પ્રારબ્ધ ટળી શકે. આનંદ આનંદ ઉપજે. બ્રહ્માનંદ મળે. શબ્દો તે આંતરિક સુખને વર્ણવી શકે નહીં. જ્યારે હું શરીર છું તે વાત ભુલાઈ જશે અને કર્મો થશે ત્યારે 'શરીરત્વ' ભુલાઈ જતાં દિવ્ય આનંદની અનુભૂતિ થશે. સેવાથી અંતઃકરણની શુદ્ધિ તો થશે જ અને અંતરના દર્પણમાં પરમાત્માનું દર્શન પણ થશે.

સ્વામી અધ્યાત્માનંદજી સેવાના મૂર્તસ્વરૂપ છે. જ્ઞાનદાન સમાન બીજી કોઈ શ્રેષ્ઠ સેવા કે દાન નથી. સેવા અને પ્રભુભજનનો અહીં મેળ છે. સ્વાર્થ ટળશે. સેવાથી બીજાનું દુઃખ દૂર થાય છે તેવું નથી, તમોને સુખ મળે છે. તમારા વ્યવહારમાં શુદ્ધિ આવે છે.

હવે એકોહમ્‌નું ગીત ન ગાશો.

સર્વોહમ્‌નું ગાયન કરો. ઋજુતા આવશે. વિનમ્રતા આવશે. કોમળતા આવશે. આત્મિક જ્યોતિ ઝળહળશે. ચિત્તની ચંચળતાનો લય થશે. મનમાં પ્રગાઢ શાંતિ ઉપજશે.

આપણે ત્યાં સેવાનાં અનેક ઉદાહરણો છે. કાશીથી લાવેલું ગંગાજળ છેક રામેશ્વરમ્‌ના દરવાજે પાણી વગર તરફડતા ગધેડાને પાયાની વાત આપણે સાંભળી છે. તે ગધેડો નહીં, તેમને માટે જે રામેશ્વર મંદિરમાં હતા તે જ અહીં પાણી માટે વલખાં મારતા હતા તેવો ભાવ આ સેવાનો સર્વોચ્ચ ભાવ છે. સર્વત્ર પરમાત્મ દૃષ્ટિ કેળવાય તો સેવાપૂજા થઈ જાય. સેવા તો આત્મસાક્ષાત્કારનો સરળ રાજમાર્ગ છે. માટે શરીર સાધન સ્વસ્થ હોય ત્યાં સુધી સેવા કરો, આત્મશાંતિ અધ્યાત્મપથની ઉજ્જવળતા મળશે જ. ૐ શાંતિ.

## અધ્યાત્મ સાધનાપથ માટે આત્મચિંતન (તા. ૧-૫-૨૦૧૩)

**પૂજ્યા સ્વામિની પૂર્ણપ્રજ્ઞાનંદજી, અખંડબોધ આશ્રમ, રાયવાલા (હૃષીકેશ-હરિદ્વાર)**



વિશ્વં દર્પણ દૃશ્યમાન નગરી, તુલ્યં નિજાંતરગતમ્ । પશ્યન્ નાત્મનિ માયયા બહીરીવોદ્, ભૂતં યથાનિદ્રયા **યઃ સાક્ષાત્ કુરુતે પ્રબોધ સમયે તસ્મૈ શ્રી ગુરુમૂર્તયે નમઃ ઈદં શ્રીદક્ષિણામૂર્તયે ॥**

મને સેવા તો આત્મચિંતનની મળી છે, પરંતુ ચિત્ત સેવામાં છે. તદ્ વિદ્યા પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા. તમારા શ્રીગુરુદેવને તમારા ઈષ્ટ જાણો તો સેવા થતી જ રહેશે. સેવાર્થે આવશ્યક છે; સર્વાત્મભાવ, અને સર્વાત્મદૃષ્ટિ. માટે જ તુલસીજી કહે છે, 'સેવક સેવ્ય ભાવ બીનુ ભવ ન તરીયે ઉર ગાય'. સેવા નિરભિમાનતા આપે છે. સત્સંગથી સરળતા આવે. સંતોની વાત તમે સાંભળો. લો! હવે આત્મચિંતનની વાત કરીએ. પૂજ્યા શ્રીશ્રીમા આનંદમયી માને કોઈએ કહેલું, 'મા! મધર ટેરેસા કેટલી બધી સેવા કરે છે, તમો પણ તેમ કરોને!' અને ક્ષણમાત્રના વિલંબ વગર પૂજ્યા શ્રીશ્રીમાએ કહેલું, 'બાબા! વહી તો કર રહી હૂં.' એક સ્થૂળ સેવા છે, બીજી સૂક્ષ્મ સેવા છે. પૂજ્યા મા આનંદમયી જ્યાં જ્યાં બિરાજતાં, જ્યાં જ્યાં વિચરણ કરતાં ત્યાં ત્યાં આનંદ થઈ જતો, કારણ તેઓ આનંદનું મૂર્તસ્વરૂપ હતાં.

આપણે આપણા આત્માને શ્રુતિ, ગીતા કે ઈતર શાસ્ત્રોના પ્રમાણથી ઓળખીએ છીએ. આત્મતત્ત્વને પોતાના ઘરે તાળાચાવીમાં બંધ કરીને ન ફરી શકાય. આત્મતત્ત્વ તો સદા-સર્વદા પ્રાપ્ત છે. જાગૃત, સ્વપ્ન સુષુપ્તિ, આ ત્રણેય અવસ્થામાં આપણે આત્મતત્ત્વથી પૃથક્ થઈ શકીએ તેમ નથી. આત્મલાભથી બીજી કોઈ મોટી ઉપલબ્ધિ નથી. તેને જ કહેવાય પ્રાપ્તની પ્રાપ્તિ. આપણને ખબર જ નથી આપણા સ્વરૂપની અને આપણે

બીજા લોકોને જાણવાનો પ્રયાસ કરીએ છીએ. અત્રે આવ્યા છો. સત્સંગ સાંભળો છો, પરંતુ અહીં છો ત્યારે અને અહીંથી ઊઠ્યા પછી દસ મિનિટ પછી આપણી અંદર કયા અને કેવા વિચારો ચાલે છે તેની ખબર છે! કદાચ સત્સંગમાં તો સૌ એક કેન્દ્રીય હો, પરંતુ પછી શું? આપણે બીજા લોકોને સારા-ભલા કહીએ છીએ, એકને ચાહવો, બીજાને ધિક્કારવો. દુર્ભાગ્ય છે કે આપણે આપણા પોતાના મનને જ ઓળખતા નથી. મન નાચતું રહે છે, ક્યારેક મન પશુ, પંખી, પ્રાણી, વાંદરા, ઘોડા તો એરોપ્લેનમાં જાય ત્યારે શું આપણે આ બધાંના મનની જવાબદારી લીધી છે?

શ્રુતિ કહે છે, 'આત્મ લાભાન્ ન પરમ વિદ્યતે।' જેમાં લાભ હોય તે આપણને ગમે છે. શ્રુતિ કહે છે, 'આત્મનાઽસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ।' આત્મચિંતનની પરાકાષ્ઠા, આત્મચિંતનની સર્વોચ્ચ સ્થિતિ, સર્વાત્મદૃષ્ટિ છે. તે આંતરિક સ્થિતિ છે, સર્વાત્મભાવ. જ્યાં સુધી સર્વાત્મભાવ ન આવે ત્યાં સુધી સેવા-સાધના ન બની શકે. આત્મભાવ પ્રગટતાં અંતર વિગલિત થશે. અભિમાન શૂન્ય અંતરથી થયેલી સેવા જ પ્રભુપરાયણતા આપે છે. આવી સ્થિતિ થાય ત્યારે પ્રારંભમાં ઈશ્વર સ્વયં સેવા કરાવે છે અને પરમોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થતાં ઈશ્વર સ્વયં સેવા કરે છે માટે જ ઉપનિષદ કહે છે, 'યસ્તુ સર્વાણી ભૂતાની આત્મૈવાભૂત વિજાનતા તત્રઃ કઃ મોહ કઃ શોકઃ'

આત્માને સીમામાં ન બાંધી શકાય. આ કાળને બાંધવાનું આપણું સામર્થ્ય નથી. તે આકાશથી પણ સૂક્ષ્મ છે. પ્રત્યગ આત્માથી પણ અભિન્ન છે. તેને ભલા કોણ બાંધે.

યદા ચર્મવત્ આકાશં વેષ્ટિ ઈષ્યન્તિ માનવાઃ

આત્મતત્ત્વ-આત્મચિંતન પરમ સૂક્ષ્મ છે. પૃથ્વીથી જળ, જળથી અગ્નિ, અગ્નિથી વાયુ, વાયુથી આકાશ અને આકાશથી મનસ્ તત્ત્વ તથા અંતે મનસ્ તત્ત્વથી મહત્ તત્ત્વ સૂક્ષ્મ છે. આ આત્મા તો મહત્ તત્ત્વથી પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. તે સર્વત્ર વ્યાપ્ત સર્વાન્તર્યામિ છે. માટે જ શ્રીકૃષ્ણ કહે છે, 'અહં આત્મા ગૂઢાકેશઃ સર્વભૂત હિતે રતાઃ ।' આપણે સૌપ્રથમ તો આપણું પોતાનું સ્વરૂપ જ જાણવું જોઈએ. દૃષ્ટા છે, દૃશ્ય છે. ત્યાં વિવેક દૃશ્ય છે. તમો દૃષ્ટા છો. તમો સ્વતંત્ર નથી. તમારી સાથે તમારું અંગત નિજી વ્યક્તિત્વ તો છે જ, તેની સાથે તમારો દેહ, પછી પરિવાર, ત્યારબાદ તમારો સમાજ, ગામ, જિલ્લો, પ્રાંત અને દેશ તથા આંતરરાષ્ટ્રીય સત્તા સાથે સંબંધ છે. તેને જાગ્રતપણે તો વિચ્છિન્ન કરી જ ન શકાય. દેહનું ચિંતન જ આત્મચિંતનમાં બાધક છે. જે દેહના ચિંતનનો બાધ કરી શકે તે જ આત્મચિંતનના સામ્રાજ્યમાં પ્રવેશ કરી શકે.

વેદાંત કહે છે, જે નામરૂપાત્મક જગત છે, તે પ્રતીતિ નથી. સંકલ્પ, વિચાર, આ બધું જ નામરૂપ છે. ગીતા કહે છે, દેહીનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા । તથા દેહાન્તર પ્રાપ્ત્યેન ધીરઃ તત્ર ન મુહ્યતિ ॥ આ દેહને હું કહો છો. હું રૂપાળો છું. કાળો છું, હું જાડો છું, હું પાતળો છું. આ તમે તમારા અહમ્‌ને આમાં જોડતા રહો છો. અહીં અહમ્‌નો સરવાળો થતો જાય છે. દેહ તો ક્ષણભંગુર છે. જાતસ્ય હી ધ્રુર્વોમૃત્યુઃ, ક્યારેય તમોને એમ લાગે કે તમો કોઈની સેવા કરો છો, પરંતુ ખરેખર તેવું નથી. કોઈની સેવામાં તમો તમારા અંગત જીવન કે વ્યક્તિગત શરીરની જ સેવા કરો છો.

સેવહી લખન સીય રઘુવિરહી, જીમી અવિવેકી પુરુષ સરીરહી । જેવી રીતે અવિવેકી પુરુષ પોતાનાં શરીરની સારસંભાળ રાખ્યા કરે છે, તેવી રીતે હે લક્ષ્મણ ! માતા સીતા અને પ્રભુ રામની સેવા કરજે.

સેવાનું મૂર્ત સ્વરૂપ હનુમાનજી છે. તે જીવન જીવ્યા જ સેવા માટે. ત્યાં શુદ્ધ ચરિત્ર છે, તત્ત્વનું દર્શન છે. આત્મચિંતનનું પ્રમાણ છે.

અમારા ગુરુદેવ કહેતા, એક દિવસ તેઓ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે એક પાટલી ઉપર એક પઠાણ લાંબો થઈને સૂતો હતો. વાત તે સમયની છે, જ્યારે આપણે ત્યાં આ આરક્ષણ વ્યવસ્થા ન હતી. હવે પઠાણના પગ પાસે જ્યાં થોડી જગ્યા ખાલી હતી ત્યાં તેઓ બેઠા, એટલે પઠાણ થોડો નીચે સરક્યો, કે જેથી તેના પગ, અમારા ગુરુદેવને વાગે. ગુરુદેવ સરકતા ગયા, પઠાણ પગ મારતો જ ગયો. ગુરુદેવ કશું જ

ન બોલ્યા, પણ પેલો પઠાણ જ બરાડ્યો !' ક્યા તું ગાંધીજી પાર્ટી કા હૈ ક્યા ?' આ વાત અમારા ગુરુદેવે પોતાના ગુરુદેવને કહી, શ્રી ગુરુદેવે કહ્યું, 'એક માણસ એક દિવસ ઉકરડા ઉપર જઈને બેઠો, પછી ગામના નાના મોટા સૌ આવી આવીને કચરાની ટોપલીઓ તેના ઉપર ફેંકતા ગયા. હવે તે માણસ ફરિયાદ કરે કે, આ બધા મારા ઉપર કચરો કેમ ફેંકે છે, તો ભઈ ! તમે બેઠા જ ઉકરડા ઉપર હો તો કચરો તમારા ઉપર પડવાનો જ. તમો હાડમાંસની પોટલીની બાજુમાં બેઠા તો લાતો ખાવી પડી. ત્યાં બેઠા જ ન હોત તો ક્ષોભ થાય જ નહીં.

આજે આપણે આ જ વિચાર કરવાનો છે. આપણી બેઠક ક્યાં છે ? તમો વિદ્યાના વ્યાસંગમાં છો કે અવિદ્યાના ? આત્મા તો અવિનાશી છે. તે પરમ ચેતનાને કારણે અવિદ્યાના વ્યાસંગમાં અંતઃકરણ સાથે એકરૂપ થઈ જાય છે. અંતઃકરણ સાથે 'હું' પદ પામે તેને જીવ, જીવાત્મા કહે છે. સામે જે પ્રતીત થાય છે, તે સર્વ સૃષ્ટિ જ ઈશ્વર છે. એક જીવ છે. એક ઈશ્વર છે. એક વિદ્યા, એક અવિદ્યા, એક માયા, એક બ્રહ્મ, એક જગત, એક ચેતન, અંતે આ બધું એક જ છે. જે ચેતન અંતઃકરણની ઉપાધિનો ત્યાગ કરે, તે જ શુદ્ધ ચૈતન્ય. તેનું નામ જ બ્રહ્મ. તેનું નામ જ આત્મા. તમો દેહમાં વસો તો અનાત્મા, કર્મેન્દ્રિયોમાં બેસીને સંચિત, પ્રારબ્ધ, ક્રિયમાણ બધાં કર્મોથી અલિપ્ત રહેવાનો પ્રયત્ન કરો. કર્તા પરમાત્મા છે. ભોક્તાપણાનો ત્યાગ કરો. હું કર્તા કે ભોક્તાનો ખયાલ જ બંધન આપે છે. ઈન્દ્રિય શરીરથી અને મન સંકલ્પ વિકલ્પથી આ માયામય જગતમાં ઝોલાં ખાય છે. જેમ જેમ અનાત્મ તત્ત્વનું બંધન છૂટશે, તમો આત્મા ભણી આરોહણ કરશો, બાહ્ય ચિંતન જેટલું છૂટતું જશે, આત્મ ચિંતન વધતું જશે. તમારું દશ્ય જીવન એક પ્રતીતિ રહી જશે. તમો દ્દષ્ટા છો, જગત જડ છે. સ્વપ્ન આવે કે જાય, તે સત્ય નથી હોતું. તમો માત્ર પ્રતીતિરૂપે તેને નિહાળો. તેનો જીવનમાં વ્યવહારમાં વિનિમય કરો. વિશ્લેષણ કરો. જ્યાં સુધી ભલુંબૂરું-આ ભેદ રહેશે, ત્યાં સુધી બુદ્ધિ કુંઠિત રહેશે, જ્યાં સુધી આ કુંઠિતતા રહેશે, મન પણ ચકડોળે ચઢેલું રહેશે અને તમોને અનેક યોનિઓમાં ચક્કર ફેરવતી રહેશે.

દશ્યથી વૈરાગ્ય થવો જ જોઈએ. વૈરાગ્ય એટલે કપડાંનો રંગ બદલવાનો નથી, આપણું જે મુમુક્ષુત્વ છે, તેને ઉજાગર કરવાનું છે. મુમુક્ષુત્વના ત્યાગ અને વૈરાગ્ય વધારો. દશ્યમાં આસક્તિ અને મોહ અધ્યાત્મ સાધનાપથના અવરોધો છે. મનની રખડપટ્ટી છે. આપણે અંતરની યાત્રા કરવાની છે. તમો જે આત્મતત્ત્વ તરફ ચાલો છો, તે અવછિન્ન તત્ત્વ છે. તે મુક્ત છે, ભિન્ન છે, બદ્ધ નથી. તે જ બ્રહ્મ છે. તે પરમોચ્ચ ચેતન છે. તે કંઈ વસ્તુ નથી. દેશ કાળથી પૃથક્ છે. વેદાંતી અહીં અટકતો નથી. જ્યારે તે આત્મચિંતનની સરવાણીમાં આગળ વધે, ત્યારે એક સમય એવો આવે કે તે છલાંગો મારતો જાય અને અપૌરુષેય જ્ઞાન વૈદિક વાંગ્મયની પરમોચ્ચ પરાકાષ્ઠાને પામે. અહીં જે જ્ઞાન અર્જન થાય છે, તે વ્યક્તિ પ્રદત્ત જ્ઞાન નથી. વ્યક્તિ પ્રદત્ત જ્ઞાન શાશ્વત ન હોય. ત્યાં કોઈ પુરુષની સત્તા નથી. 'યસ્તુ સર્વાણી કર્માણી ભૂતાની... તત્રકઃ મોહ કઃ શોક'

હરિબાબાજી બહુ ઉચ્ચ કોટીના સંત હતા. એક દિવસ તેઓ ભિક્ષા લઈને આવતા હતા, ત્યારે એક કૂતરું તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યું. બાબાએ તેને કહ્યું, 'બેટા ! વાપસ જાઓ !' પણ કૂતરું ન જ ગયું. થોડીવાર આંખો બંધ કરીને બાબાજી ઊભા રહ્યા, પછી ફરીથી કહ્યું, 'બેટે ! વાપસ લૌટ જાઓ.' અને કૂતરું ચાલ્યું ગયું. બાબાજીને પૂછવામાં આવ્યું કે તે પહેલાં નહોતું જતું, પછી કેવી રીતે ગયું. બાબાજી કહે, 'થોડા જપ કિયા, 'એક મે સબ, સબ મેં એક' બસ વહ સમજ ગયે, ઔર ચલે ગયે. આત્મા એક જ છે, સર્વત્ર છે. માટે આત્માને પ્રધાનતા આપો. મનુસ્મૃતિ કહે છે :

**ત્યજેદેકં કુલસ્યાર્થે, ગ્રામ્યાર્થે કુલંત્યજેત્ ।**
**ગ્રામં જનપદસ્યાર્થે, આત્માર્થં પૃથિવીં ત્યજેત્ ॥**

એકત્વં અનુપશ્યતાં... જ્યારે એકાત્મ દર્શન થશે, આપણી બાહ્ય વૃત્તિઓ અને વ્યવહારનું પર્યાવસાન થશે. અદ્વૈતમાં ઐક્ય થશે. તેથી જે દૃષ્ટિ દેખે છે, તે આત્મોલ્લાસ છે. આત્મસ્થ થયા પછીનું દશ્ય જ સંપૂર્ણ દશ્ય છે. આટલું સમજાય ત્યારે તત્ર કો મોહી કો શોકઃ

યસ્મિન્ સર્વાણિ ભૂતાનિ... મનુસ્મૃતિ, ઉપનિષદો, ગીતા બધામાં એક જ સત્ય પ્રતિષ્ઠિત છે. જે આ એક તત્ત્વને સમજે તે બધું જ સમજી શકે. તેને જાણે એટલે બધું જ જાણે. ત્યારે હું પદથી અસંગતા આવશે. આત્મચિંતન વધતાંની સાથે જ પ્રતીતિમાં બદલાવ આવશે. બુદ્ધિ તમારી પાછળ પાછળ ચાલશે. નિષ્ઠા છે તે પ્રમાણે સ્થા-ગતિ-નિવૃત્તો-નિષ્ઠા. તે જ સ્થિતપ્રજ્ઞતા આપી શકે. આ વિષયનું પ્રતિપાદન વિવેકચૂડામણિમાં પણ કરવામાં આવ્યું છે.

નિષ્ઠા એટલે તમારો પ્રેમ. લોકો દેહનિષ્ઠ, આત્મનિષ્ઠ, વિચારનિષ્ઠ હોય છે. નિષ્ઠા એટલે જ જીવન. દૈનિકકર્મોમાં ઓતપ્રોતતા જ આપણું જીવનકવન છે. અહીં દ્રષ્ટાનો દૃષ્ટિમાં પરિલોપ થતો નથી. મન અને ઇન્દ્રિયો દ્વારા જગતનું જ દર્શન થાય છે. પછી તે જગત તો પરિવર્તનશીલ જગત છે. જ્યારે આપણે તો અપરિવર્તનશીલ વિશ્વનું આરોહણ કરવાનું છે. માંડુક્યકારીકાનું અદ્વૈત પ્રકરણ આ વિચારનું પ્રતિપાદન કરે છે. કહે છે, 'જીવાત્મનો અનન્યત્વં અભેદેન પ્રશસ્યતે નાનાત્વં નિન્દતે યચ્ચ તદેવં સંમંજસં ।'

જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી દ્રષ્ટા અને દૃશ્યનો ભેદ છે. એકવાર આત્મસ્વરૂપનું જ્ઞાન થયું કે પ્રત્યેક ચૈતન્યથી અભિન્નતાની અનુભૂતિ થાય. અજ્ઞાન નિવારણાર્થે, આત્મચિંતનમાં રુચિ ઉપજે માટે વેદાંત શ્રવણ કરો. શ્રવણથી જ મનન નિદિધ્યાસન થતાં આત્માનું સાંનિધ્ય થશે. તમારા સ્વભાવ, કર્મ, સંસ્કારોને પકડીને બેસી ન રહો. તમારી જાતને દુઃખી ન કરો. અસત્ય અને અનાત્મની પોટલી ન બાંધો. બાંધી હોય તો અહીં જ ખંખેરી નાખો. અનાત્મતત્ત્વનું ચિંતન છૂટતાં જ સચ્ચિદાનંદ બ્રહ્મની પ્રાપ્તિ થશે જ. ૐ શાંતિ.

## અધ્યાત્મ સાધનાપથમાં શ્રીરામચરિતમાનસ ચિંતન (તા. ૨-૫-૨૦૧૩)

**શ્રી દેવપ્રસાદજી મહારાજ, મહંતશ્રી આણદાબાબા આશ્રમ, જામનગર**



આજે પૂજ્ય સ્વામીજીનો પ્રાકટ્ય દિવસ છે. સાધારણ રીતે ગૃહસ્થીઓના જન્મદિવસો ઉજવાય. સંતોની તો પુણ્યતિથિ ઉજવાય. સંતોની તો સમાધિ બંધાય, અને તેમની સમાધિ પછી સો વર્ષે કે પાંચસો વર્ષેય સંતોની ચેતના તે સમાધિમાંથી મુમુક્ષુઓને પ્રેરણા આપતી રહે, શાંતિ આપતી રહે, તેમની મનોકામનાઓ સિદ્ધ કરતી રહે. આપણી દીકરી સુનીતા વિલિયમ હમણાં જ ગુજરાત આવેલી, તેણે કહ્યું, 'અંતરિક્ષમાંથી પૃથ્વી પર મને એક જ્યોતિનાં દર્શન થયાં. આ ચેતનાનો પ્રકાશ મહર્ષિ અરવિંદની મહાસમાધિમાંથી આવતો હતો. નાસાએ આ સત્યનું પ્રતિપાદન પણ કર્યું છે.

આપણે હવે જન્મદિવસો ઊજવીએ છીએ ત્યારે મીણબત્તી પ્રગટાવીએ છીએ, પછી તેને ફૂંક મારીને હોલવીએ છીએ. આ કેક પર કોનું નામ લખ્યું છે, જેનો જન્મ દિવસ હોય તેનું અને પછી છરીથી આ નામને કાપી નાખીએ છીએ. અરે ! આપણી સંસ્કૃતિ તો મૃતદેહને માથે પણ દીવો પ્રગટાવવાની છે, ફૂંક મારીને હોલવવાની નથી. આપણે તો વિષાદમાંથી આનંદની યાત્રા કરવાની છે, જ્ઞાનમાંથી અંધકારમાં ભટકવાનું નથી.

વાલિયો વાલ્મીકિ બન્યો, 'મા નિષાદ...' તે ગીત પ્રકટ્યું તેની નિરાશામાંથી પ્રગટેલી આશાનાં કિરણમાંથી. ગીતા અર્જુનના વિષાદમાંથી નિઃસૃત થઈ. ભાગવત ગોપીઓનાં વિરહગીતમાંથી સર્જન થયું.

બુદ્ધને અંગુલીમાલ મળેલો. કહે, હું તમોને મારી નાખું. બુદ્ધે કહ્યું, 'ચાલ સામેનાં વૃક્ષમાંથી એક પાંદડું તોડી આપ.' અને અંગુલીમાલ આખી ડાળી જ તોડી લાવ્યો. હવે બુદ્ધે કહ્યું, 'જા હવે આ ડાળીને જોડી આવ.' અંગુલીમાલ કહે મારામાં દશ હજાર હાથીનું બળ છે. તમોએ પાંદડું કહ્યું, એટલે ડાળી તોડી લાવ્યો. ડાળીનું કહ્યું હોત તો આખું ઝાડ ઉખાડી લાવત, પણ જોડાય કેવી રીતે ? અશક્ય !!!' બુદ્ધે કહ્યું, 'જો તું એક પાંદડું પણ પાછું જોડી ન શકે તો આ હિંસાનો અર્થ શું છે ? તારું સામર્થ્ય હણી શકે છે, હનન કરી શકે

છે, તે જીવાડી શકતું નથી. પ્રયત્ન કર કે જેથી તું તે જીવન દાનની વિદ્યામાં પણ શ્રેષ્ઠ થઈ શકે.' અંગુલીમાલ કહે, 'બુદ્ધ ધન્યવાદ. આજે તમો બુદ્ધ છો, કાલ હું પણ બુદ્ધ થઈશ.' અને બીજે દિવસે હથિયાર વગર અંગુલીમાલ શ્રાવસ્તી નગરીમાં ગયો. તેને જોતાં જ ભયથી લોકોએ દ્વાર બંધ કરી દીધા. પરંતુ અનેક લોકો બહાર આવ્યા. જોયું તેના હાથમાં હથિયાર નથી, તે પ્રતિકાર કરતો નથી. લોકોએ તેને ઢોરમાર માર્યો. અંગુલીમાલે મૌન સેવ્યું. બુદ્ધ ત્યાંથી પસાર થતા હતા, તેણે લોકોને આ અપકૃત્ય કરતાં રોક્યા. અંગુલીમાલે બુદ્ધની સામે દેખીને મૃદુ સ્મિત કર્યું. જે સહન કરે તે બુદ્ધ !

આપણાં બધાં કર્તવ્યો આપણી ભૂમિકાઓ આપણામાં કંઈ પ્રગટાવવા માટે છે. હોલવવા માટે નથી. આપણે તો માર્કંડેય આયુષ્યની પ્રાર્થના કરનારા છીએ. જન્મદિવસે બાળકોને હોસ્પિટલમાં લઈ જજો. ગરીબ લોકોની ઝુંપડપટ્ટીમાં લઈ જજો. ગરીબ બાળકોને તમારાં બાળકોને હાથે મીઠાઈ-ફળ-મેવો અપાવજો, બાળકોને સંસ્કાર થશે.

સ્વામીજીએ પ્રાકટ્ય પર્વે કંઈક વિશેષ કહેવાનું કહ્યું છે ! રામચરિતમાનસ ! રામકથા ! ગીત રામાયણનું !

**આદૌ રામતપોવનાદિ ગમનં, હત્વા મૃગં કાંચનમ્**
**વૈદેહિ હરણં જટાયુ મરણં, સુગ્રીવ સંભાષણમ્**
**વાલી નિગ્રહણં, સમુદ્ર તરણં, લંકાપુરી દાહનમ્**
**પશ્ચાત્ રાવણ કુંભકર્ણ હનનમ્ એતદ્ધિ રામાયણમ્ ॥**

એટલે થયું રામાયણ. આ રામકથા આટલી જ નથી. રામકથાનાં તો એક એક પાત્રો જીવંત કથા છે. રામકથામાં ત્રણ શબ્દ પ્રબળ છે. આદત, દાનત, સોબત. આ ત્રણ શબ્દ સમજાય તો સમગ્ર રામચરિત સમજાઈ જશે.

મંથરાએ રામની રોટી ખાધી, પણ બુરું રામનું જ કર્યું. કારણ આદત. ફળના ટોપલામાં એક કેરી સડેલી હોય તો બાકીની બધી કેરીને બગાડે. એક મંથરાએ સમગ્ર અયોધ્યાને દુઃખના દરિયામાં ડુબાડી. મંથરાની સોબત કૈકેયીએ કરી ત્યારે ને !

શ્રીરામ ચૌદ વર્ષ પછી પાછા આવ્યા, ત્યારે તેમણે પહેલા પ્રણામ ગુરુદેવ વશિષ્ઠને નથી કર્યા, માતા કૌશલ્યાને પણ નહીં, શ્રીરામે પહેલા પ્રણામ માતા કૈકેયીને કર્યા છે. મા ! વંદન કરવાને યોગ્ય તો તમે છો, જો મને વનમાં ન મોકલ્યો હોત તો પિતાનો સ્નેહ, ભરતનો મહિમા, લક્ષ્મણનું ચારિત્ર્ય, સીતાનું સમર્પણ, હનુમાન જેવા ભક્ત, સુગ્રીવ સમાન મિત્ર અને ઋષિમુનિઓનાં દર્શન, શબરીની શરણાગતિ, વિભીષણનો ત્યાગ આ બધું ક્યાંથી જોવા મળ્યું હોત. મા ! ધન્ય છે તમને !

ભરતમાં સત્તા અને સંપત્તિની લોલુપતા નથી. લક્ષ્મણે નિદ્રા અને નારીનો ત્યાગ કર્યો છે. ધન્ય છે સીતાને, ચૌદ વરસનો વનવાસ થયેલો પરંતુ રામ જ્યારે ચિત્રકૂટ પહોંચ્યા ત્યારે જ છેક જનકને ખબર પડેલી કે સીતા-રામ સાથે વનમાં ગયાં છે. જનક કહે, 'તારી વિદાય સમયે તને આભૂષણોથી શૃંગાર કરીને વિદાય કરેલી, ત્યારે તારાં તેજનો અંબાર મેં જોયો હતો. આજે વલ્કલ વસ્ત્રમાં પણ તારા તેજનો નિખાર ઓછો થયો નથી, ધન્ય થયો હું પિતા ! પુત્રી તેં અમોને ધન્ય કર્યાં છે.

આ પાત્રો આપણાં જીવનમાં વણાઈ ગયાં છે. તમે જુઓ સમગ્ર રામાયણમાં લંકા, અયોધ્યા, કિષ્કિંધા બધે ગાદીનો જ સંઘર્ષ છે. સત્તા અને સંપત્તિ આ બે વચ્ચે જ તણખા ઝર્યા છે. છતાં બબ્બે વચ્ચેનું સામ્ય પણ દિવ્ય છે. શ્રીરામ ભરત અને કૈકેયી તો વળી વાલી, સુગ્રીવ અને તારાદેવી, રામ, વિભીષણ અને જાનકી. આ બધાંની વિચારધારા જુદી જુદી છે. પિતા જેને અધિકાર આપે તે અધિકારી. આ અયોધ્યાનું ચિંતન છે. જ્યારે લંકામાં રાવણ કહે મારો જ અધિકાર. કિષ્કિંધામાં વાલી યુદ્ધમાં મરાયો, તેમ જાણીને તેની પત્ની તારાને સુગ્રીવે સાચવીને રાખી છતાં ક્લેશ. આપણે આ પરિસ્થિતિનો આપણા પરિપ્રેક્ષ્યમાં વિચાર કરીએ તો આ ત્રણેમાંથી એકમાં તો આપણે જીવંત હશું જ !

લોકો પ્રશ્નો પૂછે છે કે રામકથામાં ઊર્મિલાનું પાત્ર આટલું મહાન છતાં ક્યાંય તેની કથા કેમ નહીં.

મારે કહેવાનું કે જે પથ્થર મકાનના પાયામાં પૂરવાના હોય તેને ઘડવાના નથી હોતા. લક્ષ્મણનાં પત્ની અને ભરતનાં પત્નીના ત્યાગની કથાઓનું ગાયન તો દેવતાઓ પણ કરી શકે, તેવાં તેમનાં ચરિત્રો છે.

આવું જ એક દિવ્ય પાત્ર શબરી પણ છે. શબરી કહે છે, 'હું અભણ છું. મને પ્રાર્થના નથી આવડતી.' તમે જેની પ્રાર્થના કરોને ખરેખર તેને તો કંઈ ફરક પડતો નથી, પરંતુ તમો પ્રાર્થના કરો તો તે સકારાત્મક ચિંતન તમારા અંગત જીવનમાં નવો પ્રકાશ પાડે છે. શ્રીરામ શબરીને કહે છે, 'મા ! તમારે મારી પૂજા કરવાની નથી, હું તમારી પૂજા કરીશ.' ભગવાન શબરીને નવધા ભક્તિ કહે છે. તેનું સ્વરૂપ સમજાવે છે. પંપાનું પાણી દૂષિત હતું. સંતોએ શ્રીરામને કહ્યું, 'પ્રભો આ પાણીમાં આપનાં શ્રીચરણોનો સ્પર્શ થાય તો આ પાણીનું દૂષણ જાય.' શ્રીરામે કહ્યું, 'આ શબરી તપસ્વીની છે, તેનાં તપ થકી જો તે આ પંપા સરોવરમાં સ્નાન કરે તો પંપાનું પાણી પવિત્ર થઈ શકે.' આ છે સંતોનો પ્રભાવ. પ્રભુનાં ઔદાર્યનો સ્વભાવ. ભજનનો પ્રભાવ. શબરી કહે છે, 'નાથ ! મારી સાધના અંગત હતી. આજે જાહેર થઈ ગઈ. હવે મારે જીવવું નથી. આપના સાનિધ્યમાં આપની ઉપસ્થિતિમાં મારો દેહ વિલય થાઓ, પ્રાણ આપની જ ગતિ પ્રાપ્ત કરે, તેમ થાઓ પ્રભુ !' અને શબરીની આ દિવ્ય મનોકામના પૂર્ણ થઈ છે.

લોકો પૂછે છે કે સુમિત્રા અને શ્રુતિકીર્તિની કથા શા માટે નહીં ! સમગ્ર રામકથામાં આ પાત્રો મૌન છે. અગિયાર વરસ અને બાર દિવસ પછી દંડકારણ્યમાં એક સ્ત્રીનો પ્રસંગ છે. લોકો તેને નિશાચરી કહે છે. તે કહે 'મારાં વસ્ત્રોનો હે લક્ષ્મણ ! તમારી આંખો અને શરીરને સ્પર્શ કરવા દો. તમારો થાક ઉતરી જશે.' શ્રીરામ અને શ્રી સીતાજી કહે 'અમોને તો કોઈ થાક નથી. આ લક્ષ્મણ જાગે છે, તેનો થાક ઉતાર.' ધ્યાન આપો જે તપ કરે અને જાગે તેને જાગરણ કહેવાય. આપણે રાતે રખડપટ્ટી કરીએ, નાટક, સિનેમા, ક્લબ કરીએ તેને ઉજાગરા કહેવાય.

નિશાચરી લક્ષ્મણ પાસે આવી. કહે, મારાં વસ્ત્રો તમારી આંખો પર હળવે હાથે સ્પર્શ કરું, તમારાં શ્રી અંગનો સ્પર્શ આ વસ્ત્રોથી થાય તો તમારો થાક ઉતરી જશે.' લક્ષ્મણ કહે, 'મારા વિયોગમાં ઊર્મિલા જાગે છે, તમો ત્યાં જાઓ અને તેનો થાક ઉતારો.' પ્રભુ શ્રીરામ ઊર્મિલાના સ્વપ્નમાં આવે છે, તેવું કમ્બરામાયણમાં લખ્યું છે, કહે 'આ નિશાચરી તમારો થાક ઉતારશે.' ઊર્મિલાજી કહે છે, 'પ્રભો ! જાગૃત અવસ્થા હોય કે સ્વપ્ન અવસ્થામાં હોય, આ શું ? મને નિદ્રા આવી ગઈ ? અને અગિયાર વર્ષ અને બાર દિવસે આપે પધારવું પડ્યું ? નાથ ! મારું કલ્યાણ ઇચ્છતા હો તો એટલું જ કરો કે મારા સ્વામીને ભૂલથી પણ ફરીથી મારું સ્મરણ ન થાય, જેથી તેઓ આપ બંનેની સેવા એકાગ્ર મને કરી શકે.' ધન્ય છે આ નારીઓ.

આવી જ વાત ભાગવતજીની છે. શ્રીકૃષ્ણ ઊંઘમાં રાધાનું નામ ગણગણે છે. રાણીઓને ચિંતા છે, આ રાધા તે વળી કોણ. શ્રીકૃષ્ણે કહ્યું, 'કાલે ગ્રહણ છે, તે હસ્તિનાપુરમાં સ્નાન કરવા આવશે, ત્યાં જઈને તમો તેને મળો.' રાણીઓએ રાધાને પૂછ્યું છે, 'તારું નામ જપતાં ઊંઘમાં દ્વારકાધીશ અશ્રુ સારે છે.' રાધાને પ્રભુના અશ્રુપાતની વાત રુચિ નથી. ભાગવતમાં વિયોગ ભક્તિ છે. રામાયણમાં યોગની શક્તિ છે, ગીતામાં જ્ઞાનનું પાથેય છે. ઊર્મિલાજી કહે છે, 'ચૌદ વર્ષ પૂરાં કરવામાં હજુ ત્રણ વર્ષ બાકી છે, લક્ષ્મણ આ ત્રણ વર્ષ સુધી મારું વિસ્મરણ કરે તેવું કરો.'

શ્રીરામકથાએ જે જે ચરિત્રોનો સ્પર્શ કર્યો તે બધાં ચરિત્રો બધાં પાત્રો ધન્ય છે. શ્રીરામ કહે છે, 'માતે ! તમોએ મને વનવાસ ન આપ્યો હોત તો આ બધા દિવ્ય આત્માઓને હું કદીયે ન ઓળખી શક્યો હોત.' શ્રીરામ વનમાંથી આગમન પછી કૈકેયીને પ્રથમ પ્રણામ કરે છે.

શ્રી ભરતે ગુરુ વશિષ્ઠને પૂછ્યું છે, 'તમો ગુરુ છો, તો આવી ભૂલ કેમ થઈ ! કારણ કે મારી માતાએ કહ્યું હતું :

સુનહુ પ્રાણ પ્રિય ભાવ, દેહુ એક વર ભરત હી ટીકા
તાપસ વેષ વિશેષ ઉદાસી, ચૌદહ વરસ રામ વનવાસી.

પહેલાં ભરતનું રાજતિલક કરો, પછી રામને ચૌદ વર્ષનો વનવાસ આપો, તો મારું રાજતિલક કર્યા વગર આપે રામને વનમાં મોકલ્યા જ કેવી રીતે.

**રઘુકુળ રીતિ સદા ચલી આઈ ।**
**પ્રાણ જાય પર વચન ન જાઈ ॥**

એકવાર ભરત રાજગાદી ઉપર આવે પછી રામને વનગમન હોઈ જ ન શકે.

ભગવાન રામનાં શ્રીચરણોના સ્પર્શથી પ્રયાગરાજ ધન્ય થયું છે. પ્રયાગ કહે છે, સત્સંગનું મને પણ ફળ મળ્યું છે.

શ્રીરામે રાવણનો વધ કર્યો હતો. શ્રીરામ ક્ષત્રિય છે. રાવણ બ્રાહ્મણ હતો, એટલે વશિષ્ઠ ઋષિના આદેશ પ્રમાણે શ્રીરામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ને ઉત્તરાંચલમાં આવીને બાર વર્ષ સુધી તપ કર્યું. પ્રાયશ્ચિત કર્યું. રાવણે રામનું બગાડ્યું હતું પણ રામે આપણું શું બગાડ્યું હતું?

ભીષ્મ બાલબ્રહ્મચારી છે. પરશુરામજીના શિષ્ય છે. શ્રેષ્ઠ કૌરવ છે, મહાન અપરાજિત યોદ્ધા છે છતાં તેની છત્રછાયામાં દ્રૌપદી સુરક્ષિત ન હતી. જ્યારે રાવણ કામી છે, રાક્ષસ છે, છતાં સીતાજી તેને ત્યાં સુરક્ષિત હતાં !

રાવણના અંતકરણમાં શ્રીરામચરિતની મહાન ભૂમિકા છે. કુંભકર્ણને જગાડતી વખતે તે બોલે છે, 'તું રામ બની જા.' કુંભકર્ણ કહે, 'તું કેમ નથી બનતો !' રાવણ કહે, 'મેં પ્રયત્ન કરી જોયો. પરંતુ રામ બનતાંની સાથે મારું મન મર્યાદાઓથી ભરાઈ જાય છે. નારી ગૌરવ અને ચેતનાનો મોટો જુવાળ ઊભો થઈ જાય છે. વૃત્તિઓ નિર્મળ થઈ જાય છે.' રાવણ ધન્ય છે. જાણે છે, રામ બ્રહ્મ છે, તેના મનમાં એક વાત સ્પષ્ટ છે, મારે મારા સમગ્ર પરિવારનો ઉદ્ધાર કરવો છે, એટલે શ્રીરામની સમક્ષ યુદ્ધમાં જતાં પહેલાં તેણે તેના ભાઈ, પુત્રો, સગાંસંબંધી સમગ્ર રાક્ષસકુળનો શ્રીરામના હાથે સંહાર કરાવીને તેમની સદ્‌ગતિ કરાવી. અરે ! ઈન્દ્રના પુત્ર જયંતને જે તણખલે મારી શકે, તે રામબ્રહ્મ સામે યુદ્ધ કોણ કરી શકે.

લંકા પણ સોનાની, દ્વારકા પણ સોનાની. શ્રીરામ તે યુદ્ધમાં વિજયી થયા બાદ સ્વર્ણની લંકામાં પ્રવેશ કરતા નથી. પ્રભુ શબરીના અતિથિ થયા છે. સોનાની લંકાના અતિથિ થયા નથી. રામાયણ તો દર્પણ છે, આપણાં ચરિત્રનું દર્શન કરાવે છે.

રામાયણ રામસીતાની કથા નથી. યુગો પછી પણ આપણાં ચરિત્રને ઉજ્જ્વળ કરવાની કથા છે. આપણા સૌના સાધકજીવન માટે પ્રકાશપથ છે. દીકરા-દીકરીઓને વિશ્વ વિદ્યાલયનું શિક્ષણ આપજો પણ સીતાનું સ્રીત્વ અને રામનું પૌરુષત્વ તેમનાં ચારિત્ર્યની સુગંધથી પણ સમજાવશો તો તેમનાં જીવન ધન્ય થશે. ॐ શાંતિ.

## પરમ વાણી

- એઈલીન કેડી

તમને જવાબદારી સોંપવામાં આવે ત્યારે એને આનંદપૂર્વક ખભે ઉપાડી લો, એના ભાર તળે ઝૂકી ન જાઓ. એનું અક્ષરશઃ પાલન થાય એ ધ્યાન રાખો અને એ પૂરેપૂરી પાર પડે તે જોવાનું ન ચૂકો, ભલે એ વખતે એ ગમે તેટલી અઘરી કે ભારે લાગતી હોય. હંમેશાં યાદ રાખો કે તમને સહાય ને શક્તિ આપ્યા વગર, તમે ઉપાડવાને શક્તિમાન હો તેથી વધુ જવાબદારી હું તમને ન જ આપું. તમે જવાબદારી ઉઠાવતાં જાઓ છો, તેમ તમારું કાઠું ને તમારું સામર્થ્ય વધે છે અને તમે વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર બનો છો, જેથી હું તમને એથીયે વધુ મોટી જવાબદારી સોંપી શકું. ભાર ઊંચકવા માટે મને વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર લોકોની વધુ ને વધુ જરૂર છે. આ હું નહિ કરી શકું - એવી ભીતિ વિના કરવાને તત્પર અને શક્તિમાન એવા તમારી મને જરૂર છે. કોઈ દિવસ ક્યારેય પરાજયવાદી ન થાઓ. હું કરી જ શકીશ એવો તમે દઢ નિર્ણય કરો અને પરાજયનો વિચાર સુદ્ધાં કરવાની ના પાડો તો તમે કાંઈ પણ કરી જ શકશો. માત્ર જાણી લો કે તમે સફળ થશો અને પછી તમે સફળ થશો જ.

☐ 'ઉઘડતાં દ્વાર અંતરનાં'માંથી સાભાર

## શ્રી સ્વામી અધ્યાત્માનંદજીના શુભ જન્મ દિવસે (૩-૫-૨૦૧૩)
## ભાવ-વંદના (ગઝલ)

અનુપમ આપ છો સ્વામી, સદા હસતા અને રમતા
સરળ છે આપનું જીવન, હૃદય છે ભાવથી ભીનું.

તમે આનંદમયી માના, વહાલા બાળ છો પ્યારા,
તમે છો ભેટ ઈશ્વરની, ગગનમાં ગૂઢ સિતારા.

ભર્યો છે અંતરે કેવો, ખજાનો આપની પાસે,
રહી સંતુષ્ટ એનાથી, સદાયે જીવનારા છો.

કરી સેવા તમે મોટી, ગ્રહી રાહો તમે ઊંચી,
બનાવ્યા માર્ગ ઊજળા તો, સર્વના શ્રેયને કાજે.

ખુમારી આપની ભાળી, જગત તો દંગ થૈ જાતું,
છતાંયે લેશ ના તમને, અહંનો રંગ લાગ્યો છે.

જીવનમાં દિવ્યતા ભાળી, તમે તો દોડનારા છો.
પ્રભુના નામને કાજે, સર્વ કૈં છોડનારા છો.

તમે છો દિવ્ય જીવનના, અહો મોટા ખરા યોગી,
તમારું સખ્ય પામીને, યુવાનો ધન્ય થૈ જાતા.

મધુર છે આપની વાણી, મધુર છે આપનું હૈયું,
નિજાનંદે રહી ડૂબી, જીવન ઉપાસનારા છો.

જીવન છે આપનું રૂડું, પરમની એ પ્રસાદી છે,
અલખને ઓટલે બેસી, પ્રભુને પામનારા છો.

નિરંતર ગુણ હૈં ગૂંજે, વધારે પ્રેમ ભીતરમાં,
અહો! કેવું તમે જીવ્યા, જગતના શ્રેયને માટે.

નથી ચિંતા કદી સેવી, સદાયે આપનારા છો.
તમારું ભાગ્ય પણ જાતે, તમે તો ખોલનારા છો.

અલૌકિક આ બધું લાગે, અનુપમ ભાવ ઊછળતા,
જીવન તો આપના જેવું, સદાયે સર્વને મળજો.

જૂનાગઢ — પ્રા. બકુલ દવે 'સત્યમ્'

# વૃત્તાંત

**શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ : તા. ૧-૪-૨૦૧૩ :** પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ વહેલી સવારે મુંબઈથી પધાર્યા. દર મહિને સવારે ૫-૩૦ થી ૭-૦૦ ડૉ. સ્નેહલ અમીન સાહેબ દ્વારા યોગ પ્રશિક્ષણનું પ્રારંભિક સત્ર ચલાવવામાં આવે છે, તેમાં ૬૫ યોગપ્રેમીઓએ ભાગ લીધો.

**તા. ૨-૪-૨૦૧૩ :** દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘની બોર્ડ મિટિંગ થઈ. એપ્રિલ તથા મે મહિના દરમિયાન આયોજાનારા આશ્રમના વાર્ષિકોત્સવ અને ગુજરાત દિવ્ય જીવન સંઘના એક પ્રાદેશિક સંમેલન સંબંધી ચર્ચાવિચારણા થઈ.

**તા. ૪-૪-૨૦૧૩ જયપુર :** દિવ્ય જીવન સંઘ, જયપુર ખાતે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું આગમન થયું. પૂજ્ય સ્વામીજીએ નવીન સંસ્થાપિત સ્વર્ણના ચતુર્મુખ મહાદેવનાં દર્શન કર્યાં. શ્રી સ્વામી કેશવાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ખાતે પૂજ્ય સ્વામીજીએ ખૂબ જ ભાવવાહી ઉદ્‌બોધન કર્યું. બારસોથી વધુ વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલાં સભાગૃહમાં અગાધ શાંતિ અને એકાગ્રતાથી પૂર્વ વિદ્યાર્થીઓએ પૂજ્ય સ્વામીજીને સાંભળ્યા. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ વિદ્યાર્થીઓનું કર્તવ્ય-શિક્ષણ ક્ષેત્રે અને પોતાનાં માતા, પિતા, માતૃભૂમિ અને આપણી સંસ્કૃતિ તથા સંસ્કારને વફાદાર રહેવા માટે હાકલ કરી. પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'આપણી માતૃભાષા તે આપણી માતા જ છે. તેનો અનાદર ન કરો. ઈતર ભાષાઓનું સન્માન કરો, પરંતુ પોતપોતાની ભાષા બોલવાનું દરેક ભારતીયને ગૌરવ હોવું જોઈએ.'

સંસ્થાના પ્રાંગણમાં પૂજ્ય સ્વામીજીએ વૃક્ષારોપણ કર્યું અને સંસ્થાનો વાર્ષિક રક્તદાન શિબિર પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં આયોજાયો, જેમાં ૪૨૯ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું.

સાંજે વિશાળ સત્સંગનું આયોજન ગંગાનગર હાઉસમાં થયું અને પરંપરાગત રાજસ્થાની મહાપ્રસાદ પણ આયોજવામાં આવ્યો.

**તા. ૫-૪-૨૦૧૩ પીલાની :** બિરલા ઇન્સ્ટિટ્યૂટ ફોર સાયન્સ અને વરિષ્ઠ ટેકનોલોજી ખાતે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું સ્વાગત સંસ્થાના ટ્રસ્ટીશ્રી મદનલાલ દાલમિયાજીએ કર્યું. અત્રે કોટા (રાજસ્થાન)થી મહામંડળેશ્વર પૂજ્ય શ્રી સ્વામી જગદીશાનંદપુરીજી મહારાજનું પણ આગમન થયું હતું. તદુપરાંત પ્રેમપુરી આશ્રમ, મુંબઈ અને કલકત્તાથી માતૃસ્વરૂપ આદરણીય શ્રીમતી સરલાદેવી બિરલા અને શ્રી બસંતકુમાર બિરલાજી તથા શ્રી કુમારમંગલમ્ બિરલાજીનાં પરિજનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

**તા. ૬-૪-૨૦૧૩ :** પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી, શ્રીમત્ સ્વામી જગદીશાનંદજી તથા ભક્તોના એક વિશાળ ભક્ત મંડળ સાથે સૌ રાજસ્થાનના સુપ્રસિદ્ધ હનુમાનજી શ્રી સાલાસરજી પધાર્યા. ત્યાં દર્શન, પૂજા અને મહાપ્રસાદ પછી સૌ ઝુનઝુન ખાતે દાદીશ્રી રાનીસતીજીનાં દર્શને આવ્યાં. સાંજ ઢળ્યે સમગ્ર મંડળ પીલાની પાછું ફર્યું.

**તા. ૭-૪-૨૦૧૩ :** રવિવારની વહેલી સવારે સાતથી દસ સુધી એક વિશેષ સમારંભમાં પીલાની ખાતે BITSમાં મ્યુઝિયમની ત્રીજી આર્ટ ગેલેરીનું ઉદ્‌ઘાટન પૂજ્ય સ્વામીજી, સ્વામી જગદીશ્વરાનંદજી તથા શ્રીમત્ સ્વામી રાજેશ્વરાનંદજી મહારાજે બિરલા પરિવારની ઉપસ્થિતિમાં કર્યું.

સવારે ૧૧-૦૦થી ૧-૩૦ વાગ્યા સુધી વિશાળ જનમેદની સમક્ષ સંતોના પ્રવચનો થયાં. બપોરે ૧-૩૦થી૩-૦૦ વાગ્યા સુધી સૌએ રાજસ્થાની પરંપરાગતનો દાળ, બાટી, ચુરમા, ગટ્ટે કી સબ્બજી, મીરચી કી સાગ ઇત્યાદી પ્રસાદ ગ્રહણ કર્યો.

**તા. ૮-૪-૨૦૧૩ નવલગઢ :** પીલાની અને જયપુર વચ્ચે નવલગઢ ખાતે વિશાળ અધ્યયન-અધ્યાપન સંકુલ 'DONADURB'ના એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓને પૂજ્ય સ્વામીજીએ ઉદ્‌બોધન કર્યું તથા વૃક્ષારોપણ કર્યું. આ પ્રસંગે રક્તદાન શિબિરનું આયોજન પણ થયું. જેમાં ૪૫૩ યુનિટ સ્વૈચ્છિક રક્તદાનમાં પ્રાપ્ત થયા.

**તા. ૯-૪-૨૦૧૩ જયપુર :** શ્રી સ્વામી કેશવાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના સંયુક્ત તત્ત્વાવધાનમાં બંને સંસ્થાના પ્રાધ્યાપકો માટે 'એજ્યુકેશન સાઈકોલોજી' 'તમો વધુ સારા શિક્ષક કેવી રીતે બની શકો', વિષય પર વાર્તાલાપ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો આયોજાયો. પૂજ્ય સ્વામીજીએ કહ્યું, '(૧) જે કંઈ ભણાવવાનું છે, તે વિશે વ્યક્તિગત વાંચન, સ્વાધ્યાય કરવામાં પ્રમાદ ન કરો. (૨) જે ભણાવવાનું છે તે સંબંધિત તથા તેની સાથે સંલગ્ન વિષયોની પણ તલસ્પર્શી માહિતી શિક્ષકને હોવી જ જોઈએ. (૩) વિદ્યાર્થીઓની સમજણની સ્તરે આવીને ભણાવવું. (૪) આપણો પેટનો દુખાવો વિદ્યાર્થી સમક્ષ ઓકી કાઢવો નહીં. (૫) ભણાવવામાં રુચિ અને ઉત્સાહ દાખવવો. (૬) વિદ્યાર્થીઓ મૂર્ખ નથી હોતા, તેમનું સન્માન જાળવવું. તેમનો આદર કરવો, તેમની પાસે જુહ્રાણું ચલાવવું નહીં, આમ કરવાથી વિદ્યાર્થીઓ શિક્ષકમાંની શ્રદ્ધા અને વિશ્વાસ બંને ખોઈ બેસે છે. (૭) વિદ્યાર્થીઓના દોષો અને ભૂલ તેમને એકાંતમાં સમજાવવા. જાહેરમાં કદીયે તેમની માનહાનિ થાય તેવો પ્રયત્ન ન કરવો. (૮) વિદ્યાર્થીઓને સદૈવ રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ અને વફાદારીના પાઠ ભણાવવા. (૯) તમો વિદ્યાર્થીઓના પ્રેરણામૂર્તિ છો, માટે આદર્શ શિક્ષક બની રહો.

સાંજે શ્રી રામચરિતમાનસ સમિતિ દ્વારા આયોજિત સમારોહમાં

પૂજ્યશ્રીએ 'સુંદરકાંડનું સૌન્દર્ય' વિષય પર ખૂબ જ મનનીય અને તત્વસભર ઉદ્બોધન કર્યું. રાત્રે આશ્રમ એક્સપ્રેસ દ્વારા પૂજ્ય શ્રી અમદાવાદ માટે રવાના થયા.

**તા. ૧૧-૪-૨૦૧૩ અમદાવાદ :** પવિત્ર વસંત નવરાત્રી નિમિત્તે તા.૧૧-૪થી ૧૯-૪ સુધી શ્રીશ્રી અષ્ટલક્ષ્મી-આદિ શક્તિપીઠ ખાતે કળશ સ્થાપન અને જવારા (હરિયાલી) સ્થાપન થયું. દરરોજ સાંજે પંડિતશ્રી કમલેશ ઝા અને આશ્રમનાં યોગ શિક્ષિકા શ્રીમતી સુરેખાબેન સોનારના નેતૃત્વમાં વિશાળ ભક્ત સમુદાયે શ્રીરામચરિતમાનસનું નવાહ્ન પારાયણ કર્યું.

પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના દિગ્દર્શનમાં ૭૫૯મો યોગાસન, પ્રાણાયામ, ધ્યાન શિબિર આશ્રમ પ્રાંગણમાં થયો, જેમાં છેક મહેસાણાથી પણ દરરોજ યોગપ્રેમીઓ આવ્યા. કુલ ૫૪૨ યોગમુમુક્ષુઓમાં આ વર્ષે ડૉક્ટરોની સંખ્યા ખૂબ જ મોટી હતી. તેરમી તારીખે ડૉક્ટર મયૂર પટેલનું 'ડાયાબિટીસ અને યોગ' વિષય પર મનનીય અને સ્લાઈડ શો દ્વારા પ્રવચન થયું. વીસમી તારીખે રક્તદાન શિબિરમાં પચાસ યુનિટ સ્વૈચ્છિક રક્તદાન થયું. નિઃશુલ્ક રક્તપરીક્ષણ (લોહીમાં ગ્લુકોઝનાં પ્રમાણનું ચેકઅપ) થયું, તેમાં ૩૫૯ લોકોએ લાભ લીધો. યોગશિબિરનું ઉદ્ઘાટન દીપ પ્રજ્વલન કરીને પૂજ્યપાદ શ્રીમત્ ગંગાનંદપુરીજી મહારાજ ઉત્તરકાશી (ગણેશપુર-ગવાણા) દ્વારા કરવામાં આવ્યું. પૂજ્ય સ્વામીજીએ તેમના ઉદ્બોધનમાં કહ્યું, 'મેં દેશદેશાંતર યાત્રાઓ કરી છે, માનસિક ચિંતા, વિટંબણા અને સંઘર્ષ વચ્ચે જ લોકો જીવતા હોય છે. દરેક વ્યક્તિ અને સંસ્થાઓ રોગનાં ઘર થઈ ગયાં છે, પરંતુ જ્યારથી હું આ આશ્રમમાં આવ્યો છું, જોઉં છું કે આશ્રમમાં પ્રવેશ કરતાંની સાથે જ અગાધ અને અપાર શાંતિની અનુભૂતિ થાય છે. ડૉક્ટરો સારા છે, તેમની સારવાર પણ સારી છે. દવાઓ લેવાનું પણ ઉચિત છે. પરંતુ અહીંની હવા, અહીંના લોકો, આ વૃક્ષો, આ પક્ષીઓનાં દર્શને મને મહત્ આધ્યાત્મિક અનુભૂતિ કરાવી છે. તમો સૌ આ વિશાળ શહેરની ધાંધલ ધમાલ અને ભાગદોડ વચ્ચે પણ સવારે નિસ્પંદિત મન અને આત્મસ્થ ભાવે બેસીને ધ્યાન કરો છો, તે જોઈને આનંદ થયો છે. અભિનંદન. ચાલુ રાખજો, મહત્ને વરશો જ. મેં સ્વામી અધ્યાત્માનંદજીને ગણેશપુર-ગવાણા ખાતે તપ કરતા જોયા છે, તે એક ઊંચી અવસ્થાના સાધુ છે, તેમની કૃપામાં તેના ગુરુ સ્વામી શિવાનંદજીની કૃપા છે. તમો સૌ તેનો સત્સંગ મેળવવાના બડભાગી થયા છો. ઈશ્વર તમારું બહુવિધ મંગળ કરો.'

અગિયારમી તારીખે સવારે ૯-૩૦થી બપોરે ૧-૩૦ સુધી અને સાંજે ૨-૩૦થી ૫-૩૦ સુધી વિશ્વસ્તરની એક સર્વધર્મ સદ્ભાવ પરિષદનું આયોજન હોટેલ સરોવર (હોટેલ રિવેરા)ના વિશાળ મધ્યખંડમાં થયું. તેમાં દેશ-વિદેશના ૨૦૦થી વધુ પ્રતિનિધિઓએ વિવિધ ધર્મોના અનુયાયીઓના રૂપે ભાગ લીધો. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીએ આ પરિષદનું ઉદ્ઘાટન દીપ પ્રજ્વલન કરીને કર્યું. આ તકે પ્રસંગોપાત ઉદ્બોધન પણ કર્યું.

**તા.૧૫-૪-૨૦૧૩ :** શિવાનંદ આશ્રમ, અમદાવાદના અંતેવાસી પૂજ્યશ્રી સ્વામી ગુરુસેવાનંદજી મહારાજ (શ્રી બળવંતરાય ભટ્ટ, નિવૃત્ત, ડાયરેક્ટર એગ્રિકલ્ચર ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર)નો ૯૫મો પ્રાકટ્યોત્સવ સવારે બ્રાહ્મમુહૂર્તમાં શ્રી વિશ્વનાથ મંદિરમાં પ્રાર્થના, અભિષેક, અર્ચના પછી આયુષ્યહોમ સાથે સમ્પન્ન થયો. મધ્યાહ્ન ભોજન સમયે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું.

**તા. ૧૯-૪-૨૦૧૩ :** પવિત્ર શ્રી રામનવમી નિમિત્તે શ્રીરામચરિત માનસ નવાહ્ન પારાયણની પૂર્ણાહુતિ બાદ આશ્રમના શ્રીરામ મંદિરમાં પૂજન, અર્ચના, હવન, આરતી અને મહાપ્રસાદ થયા. પવિત્ર હરિયાળી (જવારા)નો પ્રસાદ પૂજ્ય સ્વામીજીએ ઘટસ્થાપનના પવિત્ર શાંતિ જળને પ્રોક્ષણા કરીને સૌને વિતરણ કર્યો.

**તા. ૨૦-૪-૨૦૧૩ ભાવનગર :** ગુજરાત દિવ્ય જીવન સંઘના ટ્રસ્ટી ડૉ. શ્રી નરેન્દ્રભાઈ જોષીની નાદુરસ્ત અને કથળતી તબિયતના સમાચાર જાણી પૂજ્ય સ્વામીજી વહાલા ડૉ. જોષીકાકાના નિવાસસ્થાને પધાર્યા હતા. વહાલા જોષીકાકા-ડૉક્ટરકાકા પાસે બેસી સત્સંગ કર્યો હતો. ગુજરાત દિવ્ય જીવન સંઘના બીજા એક ટ્રસ્ટી આદરણીય ડૉ. અશોકભાઈ બક્ષી સાહેબનાં દર્શને પણ પૂજ્ય સ્વામીજી પધાર્યા હતા.

**વીરનગર :** ભાવનગરથી શ્રી શિવાનંદ મિશન, નેત્રરક્ષા ચેરિટેબલ હોસ્પિટલ અને દિવ્ય જીવન સંઘ તથા ગુજરાત દિવ્ય જીવન સંઘના પાયાના પથ્થર સમા આદરણીય શ્રી પ્રાણલાલભાઈ મહેતાના નિમંત્રણે પૂજ્ય સ્વામીજી વીરનગર પધાર્યા હતા. સત્સંગ પછી રાજકોટ પ્રયાણ કર્યું હતું.

**રાજકોટ :** શ્રીરામકૃષ્ણ આશ્રમ ખાતે સંતો સાથે સત્સંગ અને સુપ્રસિદ્ધ દૈનિક ફુલછાબ કાર્યાલયની મુલાકાત તથા દિવ્ય જીવન સંઘ, રાજકોટના ભક્તો સાથે સત્સંગ કરી પૂજ્ય સ્વામીજીએ જામનગર ભણી પ્રયાણ કર્યું હતું.

**તા. ૨૧-૪-૨૦૧૩ જામનગર :** રવિવાર, ૨૧-૪-૨૦૧૩ની વહેલી સવારે દિવ્ય જીવન સંઘ જામનગર શાખાના પ્રમુખ અને ગુજરાત દિવ્ય જીવન સંઘના ટ્રસ્ટી આદરણીય શ્રી ડૉ. હરગોવિંદ તન્ના સાહેબ સાથે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે સૂકાયેલા રણજીત સાગરની મુલાકાત લીધી હતી. જામનગરના સુપ્રસિદ્ધ આણદાબાબા આશ્રમના મહંતશ્રી પૂજ્યપાદ શ્રીમત્ દેવપ્રસાદજી મહારાજની આગેવાનીમાં સૂકાયેલા રણજીત સાગરનું ફરીથી ખોદકામ થઈ રહ્યું છે. અગણિત ટ્રેક્ટરો, ટ્રેલરો, લેન્ડમુવરો અને મજૂરો દ્વારા ખૂબ જ ઝપાટાબંધ આ સેવા યુદ્ધના ધોરણે થઈ રહી છે. દશેક વર્ષ પૂર્વે જામનગર શહેરની વચ્ચેના રણમલ તળાવને પણ તેની સ્થાપનાનાં ૩૫૦ વર્ષ પછી પહેલીવાર ૨૨ ફૂટ ઊંડું ખોદવામાં આવ્યું હતું. ઈશ્વર કૃપાએ તે વર્ષે સાંબેલાધાર વરસાદ થતાં બંને તળાવ છલકાઈ ગયા હતા. પરંતુ આ વર્ષે જામનગર પંથકમાં બારસો ફૂટે પાણી પાતાળે ગયું છે. આ સ્થળની મુલાકાત,

પ્રાર્થના બાદ પૂજ્ય સ્વામીજી સાધના મંદિર, ગીતા વિદ્યાલયના પ્રસ્થાપક આદરણીય ડૉ. કિશોરભાઈ દવેના અમૃત મહોત્સવમાં પધાર્યા હતા. અત્રે સવારે વૈદિક પરંપરાગત આયુષ્ય હોમ અને ત્યારબાદ યજ્ઞાંત-અવાભૃત સ્નાન સાત સમુદ્ર અને સાત નદીઓના જળથી શ્રી કિશોરભાઈને સ્નાન કરાવવામાં આવ્યું હતું. મધ્યાહ્ન મહાપ્રસાદ બાદ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ અને ડૉ. શ્રી કિશોરભાઈ દવેનું બહુમાન પણ કરવામાં આવ્યું હતું. આદરણીય કિશોરભાઈ છેલ્લા ૬૦ વર્ષથી જામનગરમાં બાળકોને ગીતા પાઠ અને સંસ્કૃતિ તથા સંસ્કારોનું પ્રશિક્ષણ આપી રહ્યા છે. તેઓ દોશી કાલિદાસ વિરજી કોલેજના પ્રિન્સિપાલપદે પણ રહ્યા હતા અને તેમની સેવાઓની પ્રશસ્તિ ભારત સરકાર દ્વારા પણ કરવામાં આવી છે. ગુજરાત દિવ્ય જીવન સંઘ અને શિવાનંદ આશ્રમ વતી તેમનું 'ગીતાચાર્ય-ગીતા ચિંતન રત્ન' એવું બિરુદ આપી બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે અનેક સંતો, ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી સુશ્રી વસુબેન ત્રિવેદી તથા અગ્રણી ધારાસભ્યો અને વિધાનસભાના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

**તા. ૨૩-૪-૨૦૧૩ ઝણોર :** પૂજ્ય શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના પ્રિય શિષ્ય શ્રીમત્ સ્વામી ભૂમાનંદજી મહારાજે નર્મદા તટે ઝણોર ખાતે મઢીમાં રહીને તપશ્ચર્યા કરી. આ ગામના ભક્તોમાં પ્રમુખ ભક્ત ગંગાસ્વરૂપ સોમીબેન રણછોડભાઈ પ્રજાપતિના તેમના પવિત્ર ચરિત્ર સંતાનો-સુપુત્રોનાં મંગલ સંકલ્પે ખૂબ જ વિશાળ પાયા ઉપર નવચંડી યજ્ઞ ઝણોર ખાતે આયોજવામાં આવ્યો. યજ્ઞનું બીડું પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં હોમવામાં આવ્યું. નર્મદાસ્નાન-યજ્ઞાંત અવાભૃતસ્નાન અને સમગ્ર ગામના ૧૦૦૦૦ લોકોના મહાપ્રસાદ પછી કાર્યક્રમનું સમાપન થયું.

**તા. ૨૪-૪-૨૦૧૩ અંબાજી, ખેડબ્રહ્મા, નાદરી :** શ્રી નારસીંગ મહાવીર ભગવાનના સાન્નિધ્યમાં ૧૧૧ કુંડીય અતિરુદ્ર મહાયાગ તથા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ચૈત્ર સુદ પૂનમના પવિત્ર દિવસે થયો. આ મહાન યજ્ઞકાર્યમાં પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીનું શુભ પ્રવચન પણ તા.૨૪-૪-૨૦૧૩ની રાત્રે આયોજાયું. ત્રણ વર્ષ પૂર્વે પૂજ્ય બાપજી અધ્યાત્માનંદજી મહારાજ સાહેબની ઉપસ્થિતિ અને આશીર્વાદથી આ શુભ કાર્યના શ્રીગણેશ થયેલા. આ પ્રસંગે નાદરી પધારતાં પહેલાં પૂજ્ય બાપજી અંબાજી અને ખેડબ્રહ્મા પણ પધાર્યા હતા.

**તા. ૨૫-૪-૨૦૧૩ અમદાવાદ :** શિવાનંદ આશ્રમ, અમદાવાદના પ્રાંગણમાં સ્થિત શ્રી દુઃખભંજન હનુમાનજી મહારાજના મંદિરે શ્રી હનુમાન જયંતી ઉત્સવ નિમિત્તે શ્રી મારુતિ યજ્ઞ, પૂજા, પાઠ, અર્ચના, આરતીનું આયોજન થયું. વિશાળ સંખ્યામાં ભક્તોએ આ દિવ્ય પ્રસંગનો લાભ લીધો.

**ચૂડા :** લીમડીની બાજુમાં ચૂડા ગામે પ્રસિદ્ધ શ્રી રામમંદિરની ૩૯મી વાર્ષિક રામકથા પારાયણનું સમાપન ગ્રામ્યજનોનાં શબ્દોમાં પૂજ્ય શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી બાપુની વ્યાસપીઠે થયું, આ પ્રસંગે ગામના શ્રી હનુમાન મંદિરનો કળશ પણ પૂજ્ય અધ્યાત્માનંદ બાપુના પવિત્ર હસ્તે ચઢાવવામાં આવ્યો. સમગ્ર ચૂડા ગામ માટે સમષ્ટિ ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

**તા. ૨૮-૪-૨૦૧૩ ગુજરાત દિવ્ય જીવન સંઘનું વાર્ષિક પ્રાદેશિક સંમેલન :** બ્રાહ્મમુહૂર્તમાં જય ગણેશ પ્રાર્થના ધ્યાન સાથે દિવસનો પ્રારંભ થયો. સવારે ૯-૩૦થી ૧૦-૦૦ સુધી શ્રી વિષ્ણુ સહસ્ત્રનામનું સામૂહિક પારાયણ થયું. ત્યારબાદ મધ્યાહ્ન ભોજન પૂર્વે સ્વામિની વિદ્યાપ્રકાશાનંદ માતાજી તથા શ્રી પરમાનંદ ગાંધીનાં અધ્યાત્મ સાધના પથે વેદાંત વિચારની આવશ્યકતા અને સ્વાધ્યાય સંબંધી પ્રવચનો થયાં. મધ્યાહ્ન ધ્યાન પછી ભોજન થયું. ત્યારબાદ બપોરે ૧-૩૦થી ૪-૩૦ સુધી મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી અદ્વૈતાનંદજી મહારાજ, પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તથા પૂજ્યશ્રી સ્વામી અસંગાનંદજી મહારાજના, અધ્યાત્મ સાધના પથે, ધ્યાન, જપ, મૌન એકાંત વિષયક પ્રવચનો થયાં. ઉત્તરાર્ધ પ્રાર્થના પછી કાર્યક્રમનું સમાપન થયું.

**તા. ૨૯-૪-૨૦૧૩ :** શ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવન-આદિ શક્તિપીઠનો બારમો બ્રહ્મોત્સવ મંગળ પ્રભાતે શ્રીયંત્ર પૂજનથી થયો. ત્યારબાદ નવચંડી યજ્ઞ અને સાંજે મહામંગળ આરતી, મહાપ્રસાદ બાદ ડૉ. કૃષ્ણકાંત પરીખના સુપુત્ર અને વિશ્વવિદિત સંગીતમાર્તંડ શ્રી પંડિત જસરાજજીના શિષ્ય પંડિત વિકાસચંદ્રનું ભક્તિસંગીત રાત્રે ૮-૩૦થી ૧૦-૦૦ વાગ્યા સુધી થયું.

**તા. ૩૦-૪-૨૦૧૩ :** ત્રિદિવસીય જ્ઞાન ગંગા ઉત્સવ દિવ્ય સત્સંગનો મંગળ પ્રારંભ આજરોજ થયો. તત્ત્વતીર્થ અમદાવાદના આચાર્યશ્રી પૂજ્યપાદ સ્વામી વિદિતાત્માનંદજી મહારાજ તથા છારોડીના સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય આચાર્ય શ્રી માધવપ્રિય મહારાજના અધ્યાત્મપથ માટે ગીતા ચિંતન અને ભાગવત ચિંતન વિષયક મનનીય પ્રવચનો થયાં. કાર્યક્રમનું સમાપન પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ઉદ્બોધનથી થયું.

**તા. ૧-૫-૨૦૧૩ :** જ્ઞાનગંગા ઉત્સવ દિવ્ય સત્સંગના બીજા દિવસે વહેલાલના સુપ્રસિદ્ધ ચિકિત્સક સંન્યાસી માતાજી પૂજ્યાશ્રી અનંતાનંદતીર્થ તથા અખંડબોધ આશ્રમ (રાયવાલા-હૃષીકેશ-હરિદ્વાર)નાં પૂજ્યાશ્રી સ્વામી પૂર્ણપ્રજ્ઞા માતાજીના અધ્યાત્મ સાધના પથે, સેવા અને આત્મચિંતન વિષય મનનીય પ્રવચનો થયાં. કાર્યક્રમનું સમાપન પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજીના ઉદ્બોધનથી થયું.

**તા. ૨-૫-૨૦૧૩ :** જ્ઞાનગંગા ઉત્સવ-દિવ્ય સત્સંગના ત્રીજા દિવસે જામનગરના સુપ્રસિદ્ધ આણંદાબાવા આશ્રમના પરોપકારી સંતશ્રી દેવપ્રસાદ બાપુ અને દિલ્હીના આદરણીય શ્રી અજય યાજ્ઞિકજીએ શ્રીરામ ગુણગાન કર્યું. સમાપન પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીએ કર્યું.

**તા. ૩-૫-૨૦૧૩ :** પૂજ્યપાદ સ્વામી શ્રી અધ્યાત્માનંદ મહારાજશ્રીના પ્રાકટ્યદિવસ નિમિત્તે સવારે ૬-૦૦ વાગે બાંસુરીવાદન, પ્રાર્થના અને ધ્યાનનો કાર્યક્રમ આયોજાયો અને વાતાવરણમાં દિવ્યતા વ્યાપી ગઈ. ત્યારબાદ યોગના સૌ વિદ્યાર્થીઓએ પૂ. સ્વામીજીનું ગૌરવભર્યું સન્માન કર્યું. પછી મોટી સંખ્યામાં યોગપ્રેમીઓએ આશ્રમમાં જલેબીનો પ્રસાદ આરોગ્યો. હનુમાનજીની મૂર્તિ પાસે સૌએ પૂ. સ્વામીજીની પૂજા-આરતી કરી. સ્વામીજીએ બધાં જ મંદિરમાં દર્શન કર્યાં અને વિશ્વનાથ મહાદેવમાં સ્વામીજીએ વિધિવત્ પૂજા-અર્ચના કરી અને શિવજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ આયુષ્યહોમ થયો. મોટી સંખ્યામાં ભક્તોએ તેનો લાભ લીધો. સમાપન મહાપ્રસાદ સાથે થયું.

સાંજે ૬-૦૦ વાગે શ્રદ્ધેય શ્રી પંડિત નીરજચંદ્ર પરીખનું દિવ્ય ભક્તિ સંગીત થયું. ત્યારબાદ સંત-સમાગમ થયો. જેમાં એક જ મંચ ઉપર અનેક સંતોની દિવ્ય ઉપસ્થિતિ હતી. મ.મં. શ્રીમત્ સ્વામી ભારતી બાપુજી, ભારતી આશ્રમ, સરખેજ, જૂનાગઢ, સ્વામી વિવેકાનંદજીનું શિષ્યવૃંદ, ગીતામંદિર, બ્રહ્માકુમારી પૂજ્યા સરલાદીદી, ગુજરાત ઝોન પ્રમુખ, માનનીય શ્રી બિશપ થોમસ મેકવાન, કેથલિક ચર્ચ, મીરઝાપુર, પૂજ્ય જ્ઞાનીજી, ગુરુદ્વારા, સ્વામી ગંગાનંદજી, ઉત્તર કાશી, મ.મં. સ્વામી શ્રી અદ્વૈતાનંદજી, અદ્વૈત વેદાંત આશ્રમ, મુંબઈ, સ્વામી યોગાનંદજી, હરિદ્વાર, પૂ. મા પૂર્ણપ્રજ્ઞાજી માતાજી, ઋષિકેશ, સ્વામી પરમાનંદજી, વડોદરા, સ્વામી ભજનાનંદજી, પલક્કડ (કેરાળા), સ્વામી ગુરુસેવાનંદજી અને સ્વામી કમલાનંદજીની દિવ્ય ઉપસ્થિતિ હતી.

કાર્યક્રમના શરૂઆતમાં મોતરમા કમર મોહસીને પૂ. સ્વામીજીની ખીદમતમાં ઉદ્‌બોધન કર્યું. ત્યારબાદ આદરણીય નટુભાઈ પટેલે પૂ. સ્વામીજીનું ૬૯ માળાની માળા પહેરાવી અભિવાદન કર્યું.

પછી સૌ સંતોનાં ઉદ્‌બોધન થયાં. શ્રી બિશપ થોમસ મેકવાનજીએ કહ્યું, 'પૂ. સ્વામી અધ્યાત્માનંદજીની ચેતના ખૂબ ઊંચા સ્તરમાં છે. તેમનો અમારા પ્રત્યે ખૂબ પ્રેમ અને સ્નેહ છે. જેના કારણે હું ક્યાંય પણ હોઉં, પણ આજના દિવસે મને અહીં શિવાનંદ આશ્રમમાં આવવાનું ચોક્કસ મન થાય છે.'

બ્રહ્માકુમારી પૂજ્યા સરલાદીદીએ પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું, 'સ્વામીજીને હું સંત કહું, મહાત્મા કહું કે ભાઈ કહું પણ બધાં કરતાં મને એ મારા ભાઈ વિશેષ લાગે છે. ઘણાં વર્ષોથી અમારો સ્વામીજી સાથે સંબંધ છે, તેઓના નિયમિત અમારે ત્યાં પ્રવચનો પણ થાય છે. મને આજે પહેલી વખત અહીં શિવાનંદ આશ્રમ આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે જેનો મને આનંદ છે.'

પૂજ્ય જ્ઞાનીજીએ કહ્યું, 'અત્યારે કળિયુગનો પ્રભાવ છે. આપણે પૈસા, યશ, કીર્તિ પાછળ દોડીએ છીએ. આપણાથી દુષ્કર્મ તરત જ થઈ જાય છે પરંતુ આધ્યાત્મિક માર્ગે ચાલવું અતિ કઠિન છે. માટે આપણે રોજ ચિંતન કરીએ કે મેં આજે પરોપકારનાં કાર્યો કેટલાં કર્યાં ? જપ કેટલા કર્યા ? હું આજે ઈશ્વરને કેટલો સમર્પિત થયો ? આમ કરવાથી જ ચેતનાની જાગૃતિ થશે અને માનવતા મહેંકી ઊઠશે, પ્રકાશી ઊઠશે. આજે આ પવિત્ર દિવસે હું સ્વામી અધ્યાત્માનંદજીની જનેતાને પ્રણામ કરું છું કે જેણે આ મહાપુરુષને જન્મ આપ્યો.'

સ્વામી પરમાનંદજીએ કહ્યું, 'સ્વામીજી મહારાજ એક વ્યક્તિ નથી પણ ઇન્સ્ટિટ્યૂટ છે. આશ્રમના સઘળા કાર્યો તેઓ એકલા હાથે ઉઠાવી શકવા માટે સક્ષમ છે અને એમના નેતૃત્વ નીચે આશ્રમમાં અનેકવિધ દિવ્ય પ્રવૃત્તિઓ થઈ રહી છે અને સૌના જીવન પરિવર્તિત થઈ રહ્યા છે.' સ્વામી યોગાનંદજીએ પ્રાર્થના અને સ્તવનથી પૂ. સ્વામીજીનું અભિવાદન કર્યું.

મ.મં. સ્વામી અદ્વૈતાનંદજીએ કહ્યું, 'જ્યારે અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે પરમાત્મા તરફનો પ્રેમ ઓછો થતો જાય છે અને ત્યારે ત્યારે સ્વયં પરમાત્મા સંતરૂપે પ્રગટે છે. અને તેમના સત્, ચિત્, આનંદ સ્વરૂપની અભિવ્યક્તિ કરે છે, પ્રતીતિ કરાવે છે અને તે જ અધ્યાત્મ છે અને તે જ વ્યક્તિ અન્યને બોધ આપી શકે. સ્વામી અધ્યાત્માનંદજી તેનું પૂર્ણ સ્વરૂપ છે.'

શ્રી મા પૂર્ણપ્રજ્ઞાજીએ કહ્યું, 'આ જગતમાં ત્રણ વસ્તુ દુર્લભ છે. મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષોની સંગતિ. મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે. મનુષ્ય દેહ પ્રાપ્ત થયા પછી પરમતત્ત્વને જાણવાની-પામવાની ઇચ્છા થવી-મુમુક્ષુત્વ અતિદુર્લભ છે અને તે થયા પછી મહાપુરુષોની સંગતિ-સંશ્રય અતિકઠિન છે. આજે સ્વામીજીની ઉપસ્થિતિ અહીં છે, આપણને સૌને એમની સંગતિ છે, એનો દિવ્ય લાભ લઈએ અને પોતાની જાતને ઊંચી ઉઠાવીએ.' મ.મં. શ્રીમત્ સ્વામી ભારતી બાપુજીએ કહ્યું, 'સંતોનો સ્વભાવ જનેતાની ગોદ જેવો હોય છે. માતા તો હાલરડાં ગાઈને સુવાડે છે જ્યારે સંત તો તમને અંદરથી જગાડે છે અને પરમસત્ય તરફ અગ્રેસર કરે છે.'

સૌ સંતોએ ઘોષણા કરી કે, ઉત્તિષ્ઠ, જાગ્રત અને ધ્યેય પ્રાપ્ત કર. ત્યારબાદ ખૂબ ગૌરવ સાથે સંતોનું સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ પૂજ્યપાદ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે સૌને આશીર્વાદ આપ્યા અને કહ્યું, 'આ આશ્રમના કણ કણમાં હું સ્વામી શિવાનંદજી મહારાજની અનુભૂતિ કરી રહ્યો છું અને આ બધું એમનું જ છે.' એ ઉપરાંત શ્રી સ્વામીજીએ એવી પ્રેરણા આપી કે આપણા સૌનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આપણે આપણા દેશને પ્રેમ કરવો જ પડશે. આપણે સૌ દેશપ્રેમી થઈએ અને તેનું ગૌરવ જાળવીએ.

મોટી સંખ્યામાં પધારેલા ભક્તોએ મહાપ્રસાદ- શ્રીખંડ, પૂરી અને પાત્રાનું જમણ આરોગ્યું. ત્યારબાદ ૯-૩૦ વાગ્યે હાસ્ય કલાકાર શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડનો હાસ્યનો કાર્યક્રમ આયોજાયો. મોટી સંખ્યામાં લોકોએ તેને માણ્યો, સૌ ખૂબ હસ્યા. ત્યારબાદ રાત્રે ૧૨-૦૦ વાગે મહાનિશા ધ્યાન થયું. આશ્રમના મંદિરના પંડિતજીઓએ અને સૌ ભક્તોએ પૂ. સ્વામીજીની પૂજા સત્સંગ સમાપન પછી અર્ચના અને આરતી કરી. ત્યારબાદ યોગશિક્ષક શ્રીમતી મંજુ નારંગની પુત્રી સ્મિતિના હસ્તે કેકકટિંગ થયું અને સૌ ભક્તો કેક અને બિસ્કિટનો પ્રસાદ લઈ કૃતાર્થ થયા.




સોનાની લગડી ખરીદવી શુકનવંતું હોવાની સાથે ખર્ચનાં કારણે એક ચિંતાનો વિષય પણ હોય છે. સુવર્ણકલા બચત મહોત્સવમાં હવે આપ ગમે તેટલા વજનની શુકનવંતી લગડી સરળ હપ્તે ખરીદી શકો છો. આ ખરીદીમાં ભાવવધારા સામે ફાયદો રહે તે માટે ખરીદદિનના સોનાના ભાવ પ્રમાણે જ લગડીની સંપૂર્ણ રકમ ગણવામાં આવશે. લગડીની કિંમતની માત્ર ૨૫% રકમ જ ખરીદ સમયે જમા કરાવવાની રહે છે. બાકીની ૭૫% રકમ ૩ સરખા ભાગમાં ૩ મહિનાની અંદર જમા કરાવવાની રહે છે. તો હવે જો સુવર્ણકલા છે તો સુવર્ણખરીદી માટે ફિકર શી?

**SUVARNA**KALA®

Gold, Diamond & Jadtar Jewellery

BIS Approved Jeweller

**અમદાવાદ: સી. જી. રોડ:** નેશનલ પ્લાઝા, લાલ બંગલા સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
**રતનપોળ:** 'સુવર્ણ મહલ', મરચીપોળની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**વડોદરા: અલકાપુરી**-૧, ગોકુલેશ કોમ્પ્લેક્ષ-II, 'સાસુમા' ડાઈનીંગ હોલની બાજુમાં,
આર. સી. દત્ત રોડ,વડોદરા-૩૯૦ ૦૦૭.

**સુવર્ણકલામાં** 916 **બીઆઈએસનું ( ) ચિહ્ન ધરાવતા જ ઘરેણાં મળે છે.**

HETARSH

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.

ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા.લિ.

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com